



વર્ષ ૩૭
અંક ૩
[illegible]

૪૩૫



તંત્રી : બચુભાઈ રાવત
આદ્ય સંસ્થાપક રવિશંકર રાવળ

કુમાર

માર્ચ ૧૯૬૦ • અંક • ૪૩૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ભાષાશાસ્ત્રી શ્રી હરિવલ્લભ ભાયાણી દ્વારા દર માસે 'શબ્દકથા'માં વિવિધ શબ્દોની વ્યુત્પત્તિ અને તેમનો ઐતિહાસિક વિકાસ રસિક રીતે રજૂ કરવામાં આવે છે અંક ૪૩૩-માં આદરસૂચક 'જી' શબ્દનું મૂળ તેમણે સંસ્કૃતના 'જીવ' શબ્દમાં બતાવ્યું છે.

પરંતુ પંડિત જવાહરલાલ નેહરુ પોતાની આત્મકથાના પાના ૩૦ નીચે ટિપ્પણમાં આ શબ્દનું મૂળ સંસ્કૃત આર્ય છે એમ નોંધે છે: 'I learn from my brother-in-law, Ranjit S. Pandit, that this 'Ji' (जी) has a long and honourable ancestry. It is derived from the Sanskrit 'arya' आर्य, meaning a gentleman or noble-born. This 'arya' (आर्य) became in Prakrit 'ajja' (अज्ज) and this led to the simple 'ji' (जी).

આ બીજો મત વિચારણીય તો છે જ. શ્રી ભાયાણી આના પર વધારે પ્રકાશ પાડશે તો વ્યુત્પત્તિશાસ્ત્રમાં રસ લેનારાઓને આનંદ થશે.

(બિલોડા) —લક્ષ્મીશંકર અ. જોષી

અવળો-સવળો સરખો વંચાતો શ્લોક નીચે લખ્યો છે. विभीषण उवाच—

लंकानाथ नाकालं
स्वमरणे रमस्व
राक्षसा न साक्षरा
वानरा नरा न वा ॥

વિભીષણે કહ્યું કે 'હે લંકાનાથ, પોતાના અકાળ મરણમાં આનંદ ન માન, કારણ કે રાક્ષસો સાક્ષરો (વિદ્વાન) નથી, અથવા વાનરો સામાન્ય માણસો નથી.'

બીજા કેટલાક દ્વિઅર્થી શ્લોકો પણ છે:

केशवं पतितं दृष्ट्वा पाण्डवा हर्षनिर्भराः।
रुदन्ति कौरवाः सर्वे हा हा केशव केशव ॥

દેખાતો અર્થ: કેશવ (કૃષ્ણ)ને પડેલા જોઈને પાણ્ડવો આનંદમાં આવી ગયા ને બધા કૌરવો 'અરેરે કેશવ, કેશવ' કહીને રડવા લાગ્યા.

પણ ખરો અર્થ નીચે પ્રમાણે છે:

के शवं पतितं दृष्ट्वा पाण्डवा हर्षनिर्भराः।
रुदन्ति कौरवाः सर्वे हा हा केशव केशव ॥

के=પાણીમાં, शवं=મડદું, पाण्डवाः=દેડકાઓ, कौरवाः=શિયાળો.

પાણીમાં પડેલું મડદું જોઇને દેડકાઓ અતિહર્ષમાં આવી ગયા, ને શિયાળો 'અરેરે પાણીમાં મડદું, મડદું' એમ બૂમ પાડીને રડવા લાગ્યાં.

शंकरं पतितं दृष्ट्वा पार्वती हर्षनिर्भरा।
रुरुदुः पन्नगाः सर्वे हा हा शंकर शंकर ॥

દેખાતો અર્થ: શંકરને પડેલા જોઈને પાર્વતી રાજી થયાં અને બધા સાપ 'અરેરે શંકર શંકર' એમ રડવા લાગ્યા.

ખરો અર્થ: शंकर=ઉત્તમ ચંદનનું વૃક્ષ, पार्वती=ભીલડી; 'ઉત્તમ ચંદન વૃક્ષને પડેલું જોઇને ભીલડી આનંદમાં આવી ગઈ ને બધા સાપ 'અરેરે ઉત્તમ ચંદન વૃક્ષ, ઉત્તમ ચંદન વૃક્ષ' એમ રડવા લાગ્યા.'

पानीयं पातुमिच्छामि त्वत्तः कमललोचने।
यदि दास्यसि नेच्छामि नो दास्यसि पिबाम्यहम्॥

દેખાતો અર્થ: હે કમળ જેવી આંખોવાળી (સ્ત્રી), હું તારી પાસેથી પાણી પીવાની ઇચ્છા રાખું છું; જો તું આપીશ તો હું ઇચ્છતો નથી, જો તું નહિ આપે તો હું પીઉં છું.

ખરો અર્થ: दास्यसि=ભવિષ્યકાળનું રૂપ ગણીએ તો તું આપીશ એવો અર્થ થાય; પણ दासी+असि સંધિ છૂટી કરીએ તો 'તું દાસી હોય' એવો અર્થ થાય છે. માટે બીજી લીટીનો ખરો અર્થ જો તું દાસી હોય તો હું (પીવાનું) ઇચ્છતો નથી, જો ન હોય તો હું પીઉં છું.

(સાવલી) —રામચંદ્ર મૂળશંકર જોષી

ડિસેમ્બરના 'કુમાર'માં 'કવણ તરણથી તુચ્છ, કવણ મણિથી મોંઘો' તથા તેનો જવાબ એમ એ બે કાવ્યો કવિ ગંગને નામે છપાયાં છે, એ ખરી રીતે ગુજરાતી કવિ શામળ ભટ્ટનાં છે. કવિ ગંગનું સાહિત્ય હિન્દીમાં રચાએલું છે. ઉપલાં બન્ને કાવ્યો કવિ શામળ ભટ્ટના 'સુડાબહોતેરી'માં સ્થાન પામેલાં છે. એ જ કાવ્યોની પ્રશ્નોત્તરરૂપી જોડ આ પ્રમાણે છે:

*

કવણ પૃથ્વીથી પ્રૌઢ, કવણ અણુથી નાનો,
કવણ પવનથી પ્હેલ, કવણ દેવીથી દાનો;
કવણ ઇન્દુથી વિમળ, કવણ અગ્નિથી તાતો,
કવણ તેજ રાયથી, કવણ મદિરા થકી માતો;
કવણ ઉજ્જવળ દૂધ થકી, કવણ સાકરથી ગળી,
શામળ કહે ઉત્તર લખે, તો પહોંચે મનની રળી.

અવનીથી મોટું નીર, અણુથી લોભી નાનો,
પવનથી પહેલું મન, વિવેક દેવીથી દાનો;
ચંદ્રથી નિરમળ તપ, શાપ અગ્નિથી તાતો,
દૂધથી ઉજળો જશ, અમલ મદિરાથી માતો;
તેજ રવિથી નેત્રનું, ગરજ સાકરથી ગળી,
કીર્તિલ્હેર દરિયાથકી, શામળ ટાળી નવ ટળી.

આ જ રીતે કવિ શામળ ભટ્ટે પ્રશ્નોત્તર રૂપી ઘણાં કાવ્યો છપ્પયછંદમાં રચેલાં છે, ને તે ગુજરાતી છે. કવિ ગંગનાં કાવ્યો મનહર છંદમાં રચાએલાં ને વધુ ભાગે 'કવિ ગંગ કહે સુનો શાહ અકબર' એ રીતનાં લખાએલાં છે.

(સૂરત) —દાસબહાદુર વાઈવાલા

બ્રહ્માસાવિત્રીની મૂર્તિઓ ખંભાતથી બે માઈલ દૂર આવેલ ગામનગરામાં હજુ આજે પણ પૂજાય છે. આ મૂર્તિઓ જોવા હાલ બ્રિટિશ મ્યૂઝિયમના કોઈ ઉચ્ચ કક્ષાના અધિકારી ખંભાત આવવાના છે. કુમાર કાર્યાલયમાં છપાએલા 'ખંભાતનો ઇતિહાસ' પુસ્તકમાં શ્રી રત્નમણિરાવે પણ ઉલ્લેખ કર્યો છે.

(મુંબાઇ) —કાન્તિભાઈ શાહ

ફેબ્રુઆરી અંકમાં છેલ્લા પાના પર આપેલા પ્રશ્નના જવાબમાં બંને બાજુના અંકોનો સરવાળો ૧૮, ૧૮ ન આવી શકે, કારણ કે બધી સંખ્યાઓનો સરવાળો છત્રીસ હોવો જોઇએ. આમાં સરવાળો ૩૯ છે, તેથી બંને બાજુ અઢાર, અઢાર આવવા અશક્ય છે.

(પાટણ) —બી. એસ. પટેલ

[*આવા બીજા પત્રો પણ મળ્યા છે]

'કુમાર'માં વિદ્યાર્થીને ઉપયોગી એવું કસરતને લગતું માર્ગદર્શન આપો તો સારું. મોટા ભાગના વિદ્યાર્થી માયકાંગલા જેવા લાગે છે. તે માટે કસરત બહુ ઉપયોગની થઈ પડે.

(ગણદેવી) —સામ હોરમસજી સાગર

ફેબ્રુઆરી અંકમાં 'ઉષઃપાન' વિષે છે. ઉષઃપાનના લાભો વિષે આયુર્વેદના એક પ્રાચીન આચાર્ય શાર્ઙ્ગધરે સુંદર શ્લોક આપ્યો છે:

विगतघननिशीथे प्रातरुत्थाय नित्यं
पिबति खलु नरो यो घ्राणरंध्रेण वारि।
स भवति मतिपूर्णश्चक्षुषा तार्क्ष्यतुल्यः
वलि-पलित-विहीनः सर्वरोगैर्विमुक्तः॥

ઉષઃકાલ (બ્રાહ્મમુહૂર્ત)માં ઊઠીને જે માણસ નાસિકાદ્વારથી પાણી પીવાનો ક્રમ ચાલુ રાખે છે, તેની બુદ્ધિ વિકસે છે, આંખો ગરુડ જેવી તેજસ્વી બને છે, શરીરની કરચલીઓ મટે છે, કેશોનું શ્વેતપણું દૂર થાય છે અને તે માણસ વિવિધ રોગોથી મુક્ત રહે છે.

ઉષઃકાલમાં મોઢેથી તામ્રપત્રનું પાણી પીવાનો ક્રમ મેં પણ રાખ્યો છે, તેથી ઉદરશુદ્ધિનો લાભ તો ખરેખર થયો છે.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર



હિમાલયના મુકુટ **એવરેસ્ટ**નું એક વિરલ દર્શન

ભારતીય હવાઇ દળના અફસરોએ (જેમાંના એક ગુજરાતી છે) પાડેલો વિશ્વના સર્વોચ્ચ શિખરનો આ વિરલ ફોટોગ્રાફ જગતની 'ઍર-ફોટોગ્રાફી'માં સર્વશ્રેષ્ઠ કૃતિ તરીકે ઇંગ્લંડની રૉયલ જ્યોગ્રાફિક સોસાએટીએ બિરદાવ્યો છે. આ મૂલ્યવાન ચિત્ર કેટલી મુસીબતે લેવાયું તથા તેની મહત્તા શી છે તે દર્શાવતો લેખ આ અંકમાં અન્યત્ર આપ્યો છે.



સરસ્વતી

કલાકાર • શ્રીમતી પ્રભા બડગેલવાર
(કલાકારના સૌજન્યથી)

સોહિણી*

· વસંતતિલકા ·

આ મધ્યરાત્રિમહીં સંસ્રુતિ શાંત પોઢી
નિદ્રાળુ ઓઢી ફૂલ-કોમલ અંધકાર;
ત્યાં ઇન્દુએ ક્ષિતિજ-ડાળથી દૃષ્ટિ માંડી
આછી કલાની, પણ શી નમણી અપાર!

તું એક ઝીણું ધરી અંચલ, મુક્ત કેશે,
તારે પલંગ ઉપધાન અઢેલી સ્હેજ,
રેલંત આર્દ્ર ઉરનો સ્વર: સન્નિવેશે
કોનું સુણાય પગલું?—ઊભરાય હેત!

તારું દુકૂલ ઊડતું સિત કૌમુદીમાં
લાવણ્ય ભીતરનું દાખવતું લલામ:
રે અંગકંપ લહી નેત્ર ઢળંત ધીમાં,
ને...તું પ્રસન્ન-મન, સંવૃત, પૂર્ણકામ!

ન્યાળી તને દયિત-સંયુત, સોહિણી હે,
ચંદ્રે દીધું સુરત-ચુંબન રોહિણીને!

રાજેન્દ્ર શાહ

* આઠ પ્રહરની આઠ રાગિણીઓની કાવ્ય-માલાનું સાતમું સૉનેટ...સમય મધ્યરાત્રિનો... સોહિણીનું ધ્યાનસ્વરૂપ જોવામાં આવ્યું નથી. શ્રી જગન્નાથ અહિવાસીજી સાથે વાત નીકળતાં તેમણે આ રાગિણીને વિરહિણી તરીકે ઓળખાવી હતી. એના એ સ્વરૂપને આલેખીને પણ આખરે તો અહીં એને તેના 'દયિત-સંયુત' રૂપે જ નિરૂપી છે.

રાજગરો

· ગાન ·

ઘઉંના ખેતરમાં ઊગ્યો રાજગરો,
ઘઉંના ખેતરમાં ઊગ્યો રે લો'લ.

રેશમને ફૂલડે ફાલ્યો રાજગરા,
સુંવાળે ફૂમતે ફાલ્યો રે લોલ!
ઘઉં તો ઘૂંટણિયાં તાણે રાજગરા,
તારી ઊંચેરી ડોક સોહે રે લોલ,
લીલુડા ખેતરે રાતી રાજગરા,
રૂપાળી કલગી મોહે રે લોલ.

માધના પવન કૈં પીધા રાજગરા,
તારો તે મદ ના સમાતો રે લોલ,
જોજે જોબનને ઝોલે રાજગરા,
અમથું અધિક હરખાતો રે લોલ.

ફાગણની ફૂંક બે'ક વાતાં રાજગરા
ઊડી સૌ ફૂમતાં જાશે રે લોલ,
ઊંચી આ કાય ઢળી જાશે રાજગરા!
ઘઉંના ખેતર લે'રાશે રે લોલ.

આખી બજારે જાતાં રાજગરા,
તારો તે ભાવ શો પુછાશે રે લોલ?
ઉપવાસી કોક લેશે રાજગરો,
ઘેર ઘેર ઘઉં મૂલવાશે રે લોલ!

વિનોદ અધ્વર્યુ

જોઈ લેવાશે

· ગઝલ ·

થવા દે થાય તે, અમને નથી ડર, જોઈ લેવાશે!
જવાની પર ભરોસો છે સદંતર, જોઈ લેવાશે!

બનીને બુંદ આલમનો સમુંદર જોઈ લેવાશે,
સફર કરવા કરી છે હામ, અંતર જોઈ લેવાશે!

મને ગભરાવ ના, રાહી! 'વિકટ આ પંથ છે' કહીને,
પથિકની ન્હોંચ તો જોજેને, પથ પર જોઈ લેવાશે!

જહીં હસતાં જ હસતાં જીવવાની નેમ લઈ બેઠા,
પડે છે કેટલી માથે જીવનભર, જોઈ લેવાશે!

જીવનની ચાંદની અવરોધતી આ શ્યામ વાદળીઓ
વહી જાયે રમત રમતી, ઘડીભર જોઈ લેવાશે!

નથી શ્રદ્ધા જગતની ખાનદાની પર હવે સુજને,
અને એથી જ ભટકું છું કે ઘરઘર જોઈ લેવાશે!

જવાનીમાં જ આફતનાં અનેરાં ઝેર પી લીધાં,
હવે શું આવશે એથી ભયંકર?—જોઈ લેવાશે!

જમાનાના ગગન પર તારલા શું સ્થાન તો લાધ્યું!
ચમકવું કેટલું, ક્યારે?—વખત પર જોઈ લેવાશે!

હેમન્ત દેસાઈ

શિશુ

· ગાન ·

હરિ હે! કેમ કરીને રે નાનાં બે નેનમાં માયા?
હરિ હે! કેમ કરીને રે એને રોમરોમ છવાયા?
ગુલાબ કેરી પાંખડી સમા કોમળ જેના પાય,
જાણે નહિ પથ હોય કેવો ને પગલી કેમ રચાય;
એવા એના પાયમાં તારા રાહ રે કેમ છુપાયા?—હરિ૦
પ્રભાતનું કૈં તેજ રે આછી ટશર મૂકે હોઠ!
ફરીફરીને સ્મિત રમે ત્યાં કરતું દોટંદોટ!
વાણી નહિ જે હોઠને, તહીં કેમ ગીતે છલકાયા?—હરિ૦
કિરણગૂંથ્યા ગુલ સમોવડ ચમકે જેના ગાલ,
વાયરાનું યે વળી વળીને વરસી આવે વા'લ!
કાળજડાના કકડે એની નાથ! ઘડી શું કાયા!—હરિ૦

ચન્દ્રકાન્ત શેઠ

કેમ કરીને?

· ગાન ·

તું શિખરે, હું તળિયે,
ક્હેને કેમ કરીને મળિયે?—તું૦
શિખરતણી એ ટોચ શકે નહિ દૃષ્ટિ ન્યાળી,
કેવો આ વિધિયોગ? રહું હું જીવને બાળી.
મરણભૂમિ પર જીવન જેવું જીવન લઈ રઝળિયે!
—તું૦

નહીં મિલનની આશ, નહીં રે ફૂલ આ તપનું;
શકે થઈ નહીં સાચ, રહેશે બસ એ સપનું.
વ્યથાતણો ગોવર્ધન અવનવ ઝીલ્યો જાય આંગળિયે!
—તું૦

સુરેશ દલાલ

જોયું કે—

· ગાન ·

જોયું કે આ ફૂલ?
હમણાં ખીલ્યું...
હમણાં થાશે ધૂળ!
છોડ-અંતરે ના વરતાયે ખોટ
કે ન દુ:ખની ચોટ;
પ્રભાતમાં એવું જ અન્ય એ
ધરશે સસ્મિત ફૂલ.

જોયું કે આ શબ માનવનું!
(વૃદ્ધ. જીવનભરના સેવકનું.)
'પડી ન ખોટ પુરાય
આદર્યું અધૂરું રે રહી જાય;
ચોટ શી હૃદયહૃદય વરતાય!'
કાર્યનું ગલત આપણું મૂલ?
કાલગણનામાં કે ન ભૂલ?

જયન્ત પાઠક

કોને કોની ખોટ?

· ગાન ·

આંબે મ્હોરી મંજરી;
કૈં મ્હોરે હિમકણ વ્યોમે;
જીવન ધબકે નાડીએ,
તો મૃત્યુ રોમે રોમે!

પૂનમ શીતળતા આપે,
તો અમાસ કૈં પરિતાપ;
દીકરો આવ્યો ખોળલે,
કાંઈ ખાંધે ચડિયલ બાપ!

જગ-મ્હેરામણ લ્હેરતો—
અહીં ભરતી તો તહીં ઓટ!
તો ય છલોછલ એ ભર્યો—
તહીં કોને કોની ખોટ?

'સ્નેહરશ્મિ'

હેજ

· મિશ્ર ·

બુદ્ધિતણો કોમલ હોય આતપ,
ના કલ્પના-ખાતરની અધૂરપ,
કિંતુ કદાપિ
ના કોળતું કાવ્યનું બીજ સ્હેજ,
હૈયાતણું જ્યાં નહિ હોય હેજ.

જશવંત લ. દેસાઈ

જીવનશુદ્ધિની ઉપેક્ષા

ખુદા ને આદમી વચ્ચે તફાવત છે બહુ થોડો
બનાવ્યું છે જગત એકે અને બીજો બગાડે છે.
-બેફામ

(વિચારવિશેષ)

પોતાને પ્રગતિશીલ તરીકે ઓળખાવતી આપણા દેશમાંની વાચાળ લઘુમતી ધીરેધીરે વિશ્વની નૈતિક વ્યવસ્થામાંથી શ્રદ્ધા ગુમાવતી જાય છે. પરિણામે માણસની જવાબદારીની ભાવના ભૂંસાતી જાય છે.

બુદ્ધિવાદે અનુભૂતિને સ્થાને તર્કને અને શ્રદ્ધાને બદલે શંકાને પ્રાધાન્ય આપ્યું. ઈશ્વરમાં શ્રદ્ધા શા માટે રાખવી? નૈતિક મૂલ્યાંકનોનો આદર શા માટે કરવો? પરિણીત જીવનની પવિત્રતા માટે આગ્રહ શાને માટે સેવવો? જીવનનાં સાંસ્કૃતિક મૂલ્યો પરત્વે આમ 'શા માટે' એવો પ્રશ્ન વારંવાર ઉઠાવવામાં આવ્યો. એ પ્રશ્ન-પરંપરાને કારણે નૈતિક જવાબદારીમાંથી નીપજતું આપણું આધ્યાત્મિક બળ પાયામાંથી હચમચી ગયું અને શિથિલ થવા લાગ્યું.

બુદ્ધિવાદનો આ ઝપાટો એક વાર માનવશ્રદ્ધાને લાગ્યો એટલે બધું છિન્નભિન્ન થવા માંડ્યું. સંશયાત્માઓને માટે પછી સાચા અને જૂઠા વચ્ચે, રૂપ અને અરૂપ વચ્ચે, ભોગવિલાસ અને સંયમ વચ્ચે કોઈ ભેદરેખા ન રહી. મનુષ્યનું માપ ભૌતિકવાદ, રસાયનવિદ્યા અને જીવનવિદ્યાનાં કાટલાંથી થવા લાગ્યું. મનુષ્ય બહુબહુ તો આર્થિક પરિબળો વડે ઘડાએલા એક પૂતળા જેવો બની રહ્યો. પવિત્રતા, પરમ સત્ત્વ કે દૈવીસંપત્તિને એના જીવનમાં કંઈ સ્થાન ન રહ્યું.

છેલ્લાં પચાસ વર્ષમાં જીવનશુદ્ધિની જે ઉપેક્ષા થઈ છે એવી ક્યારે ય નહોતી થઈ. છેલ્લાં બે વિશ્વયુદ્ધોમાં બાર કરોડ વીસ લાખ માનવીઓનો શારીરિક અને માનસિક સંહાર થયો; ને ત્યાર પછીની કહેવાતી સુલેહશાંતિનાં વરસોમાં તો લડાઇના દિવસો કરતાં યે વધુ માનવીઓને ગોળીએ દેવામાં આવ્યા છે, અપંગ બનાવવામાં આવ્યા છે, તેમનાં જીવન વેરવિખેર કરી નાખવામાં આવ્યાં છે, કે ગુલામોની છાવણીમાં જકડી લેવામાં આવ્યા છે.

ફરી એક વખત દુરાચારની પ્રશંસા કરનારી વિશ્વવ્યાપી ચળવળ ચાલી રહી છે. ભારતમાં રોજ રોજ હજારો સ્ત્રીપુરુષો અગણિત સિનેમા-થીએટરોમાં ભેગાં મળીને સફળ ગુનાખોરીનાં દૃશ્યોને આનંદપૂર્વક બિરદાવી રહ્યાં છે. લાખો માણસો ખૂન અને બલાત્કાર એ માનવજીવનનાં સ્વાભાવિક પાસાં હોય એવું બતાવતાં સચિત્ર સામયિકો વાંચી રહ્યાં છે. કહેવાતા સભ્ય દેશોમાં કિશોરો પોતાનાં માવતર કે વડીલોનાં ખૂન કરી રહ્યા છે. ભારતમાં વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન નિરીક્ષકો કે અધ્યાપકોને છરી માર્યાના, ને સુશિક્ષિત યુવાનોએ કાંડાઘડિયાળ જેવી તુચ્છ વસ્તુઓ આંચકી લેવા માટે નિર્દોષ યુવતીઓના ખૂન કર્યાના દાખલાઓ નોંધાયા છે, અને જનતા તથા ન્યાયના તંત્રવાહકો સુદ્ધાં આ બધી વાતો માટે સહાનુભૂતિના શબ્દો ઉચ્ચારે છે!

જાતીય આકર્ષણ અને વિષયભોગ પરત્વેની લાલસાને આજે, ભારતમાં કદી નહોતી મળી એટલી છૂટછાટો મળવા લાગી છે. જુગુપ્સાજનક જાતીય સંબંધો અને અર્ધનગ્નાવસ્થાની જોરશોરથી જાહેરાત કરવામાં આવે છે, ચારે તરફથી એની તરફ આંખમીંચામણાં કરવામાં આવે છે અને એ પ્રકારનાં ચલચિત્રો તથા નવલકથાઓની લોકો પ્રશંસા પણ કરે છે. વાણીસ્વાતંત્ર્યના ઓઠા હેઠળ અશ્લીલતાભર્યું સાહિત્ય દરેક યુવક અને યુવતીને માટે સુલભ બની રહ્યું છે;—દાખલા તરીકે 'લેડી ચૅટર્લીઝ લવર' અને 'લોલિટા' જેવી નવલકથાઓ. લગ્ન એ અલ્પકાલીન સગવડનું, વિષયસુખ માણવા માટેનું સાધન લેખાય છે; વ્યભિચાર એ હવે ખાસ શરમજનક વાત રહી નથી; ફ્રૉઇડના 'લિબિડો' (એટલે કે કામવૃત્તિ વિષેના અર્ધશાસ્ત્રીયવાદ)ની ઘેરી અસર પશ્ચિમની સંસ્કૃતિના રંગે રંગાએલા મનુષ્યના માનસ પર પૂરેપૂરી પડી છે.

અને એ ઉપરાંત લોભવૃત્તિ, જીવન-ધોરણને ઊંચું લઈ જવાની લાલસા પણ આમાં અગત્યનો ભાગ ભજવે છે. પૈસા કમાવા એ જીવનનું મુખ્ય ધ્યેય બન્યું છે; પૈસા વડે મળતી સગવડો એ સુખની પરાકાષ્ઠા લેખાય છે. સત્તા સંપત્તિને અનુસરે છે અને તેથી એ ખુદ ભ્રષ્ટ બને છે, અને જેના સંસર્ગમાં એ આવે છે તે બધાને પણ ભ્રષ્ટ કરે છે. જે સૌથી વધારે ધન મેળવી શકે તથા આંજી નાખે એવાં વૈભવનું પ્રદર્શન કરી શકે તે સૌથી વધારે સત્તાવાળો બની શકે છે. સંયમ સામે સૂગ ધરાવવામાં આવે છે, ગરીબાઇને ગુનો ગણવામાં આવે છે. આર્થિક દૃષ્ટિએ સુખ-સંપત્તિનું સ્વર્ગ મેળવી આપવાનું જે વચન આપે છે તે પયગંબર ગણાય છે—ભલેને પછી એ સ્વર્ગ પેઢીઓના વિનાશ પછી સર્જાવાનું હોય. દરેક વસ્તુ—ઇશ્વર સુદ્ધાં—નું મૂલ્ય રૂપિયા-આના-પાઇમાં અંકાવા માંડ્યું છે. આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો આપણે આપણી સ્વતંત્રતા ગુમાવી બેસીશું, એટલું જ નહિ પણ આપણી સંસ્કૃતિના પાયા પણ હચમચી ઊઠશે અને અંતે આપણે છિન્નભિન્ન થઈ જઇશું.

બુદ્ધિવાદ એ વિચારની વિશુદ્ધિ માટે છે, વિજ્ઞાન એ બૌદ્ધિક કેળવણીનું એક સાધન માત્ર છે; એને કૈં, વાંઝિયા સંશયવાદ આગળ નૈતિક તેમજ આધ્યાત્મિક મૂલ્યો ગૌણ બની જાય તે માટેનું હથિયાર બનાવવું ન જોઇએ.

ધર્મના ક્ષેત્રમાં આચાર અને વિધિ એ કંઈ અંતિમ વસ્તુઓ નથી; એ તો નૈતિક વ્યવસ્થામાં શ્રદ્ધાને દૃઢીભૂત કરવા માટેનાં સાધનો માત્ર છે. નીતિશાસ્ત્રના વિષયમાં માત્ર સફળતા ઉપર જે ભાર મૂકવામાં આવે છે તે મોટો અંતરાય ઊભો કરે છે. પોતે બીજાને માટે શું કર્યું એ પરથી જ માણસ જીવનનું મૂલ્ય આંકતાં શીખે એવી ટેવ પાડવી જોઇએ. વેપાર ને હુન્નરના ક્ષેત્રમાં નફાના ઉદ્દેશને ગૌણ સ્થાન આપીને, ગ્રાહક પ્રત્યેના વેપારીના ધર્મને પ્રધાન સ્થાન મળવું જોઇએ. રાજકારણમાં, લોકો પોતાના સ્વભાવધર્મ અનુસાર પ્રગતિ કરી શકે તે માટે કુશળ ને નૈતિક દૃષ્ટિએ જવાબદાર એવા તંત્રવાહકોએ તેમને મદદ કરવી જોઇએ.

પ્રત્યેક વ્યક્તિ પોતાનું જીવન જવાબદારીના ભાનપૂર્વક સ્વમાન ને આત્મ-સંયમની ભાવના વડે ગાળવા પ્રેરાય, લગ્નજીવન એ બે વ્યક્તિઓના જીવનનું અખંડ એકીકરણ છે અને કૌટુંબિક જીવન એ સ્નેહ ને ધર્મનું શિક્ષણ મેળવવા માટેની શાળા સમું છે એવી ભાવના કેળવાય એ આવશ્યક છે.

કારખાનાંઓ ને બંધો, વધતાં જતાં સુખસગવડ ને વૈભવનાં સાધનો, વ્યક્તિઓ અને પક્ષ વચ્ચેની સ્પર્ધા ને વિગ્રહો, પ્રજાના જીવનમા એ બધાંનું મહત્ત્વ ઘણું ઓછું છે. એના કરતાં અનેકગણું વધારે મહત્ત્વ તો સાંસ્કારિક આંદોલનોનું છે. એ આંદોલનનાં મૂળ રહેલાં છે અહોભાવ આદરભાવ અને મહેચ્છાની ભાવનામાં, સ્વતંત્રતા દ્વારા આત્મસંમાનની ભાવનામાં, સ્નેહ દ્વારા આત્મસાક્ષાત્કારથી સિદ્ધિમાં અને ઇશ્વરમાં અનન્ય શ્રદ્ધા દ્વારા પ્રાપ્ત થતી શક્તિમાં. —કનૈયાલાલ મુનશી

૮૫ ('કુમાર' અંક ૪૩૫)

આજથી સો વર્ષ પહેલાં અભિનવ, સબળ અને મહેચ્છુ ગુજરાતનું સર્જન કરવાનાં સ્વપ્ન સેવનાર

મહીપતરામ નીલકંઠ

લેખક • પ્રા. કાન્તિલાલ આચાર્ય



મહાત્મા ગાંધીજીના જન્મ પૂર્વે નવેક વર્ષે–આજથી બરાબર સો વર્ષ પહેલાં–નાગરી નાતમાં જન્મેલો એક ગુજરાતી, ઓટાવા નામે આગબોટમાં બેસી, મુંબાઇનું બારું છોડી રહ્યો હતો. એકત્રીસ વર્ષનો આ ઉત્સાહી યુવાન તેના જમાનાને આશ્ચર્યમાં ડુબાવતું અને તેના સમાજને ભડકાવી મૂકતું એક મોટું પરાક્રમ કરી રહ્યો હતો. સાગરનાં શ્યામલ પાણી ન ઓળગવાની રૂઢિનો અનાદર કરી, શિક્ષણ આપવાની અર્વાચીન પદ્ધતિથી વાકેફ થવા તે ઇંગ્લંડ જઇ રહ્યો હતો. જ્ઞાન, વિજ્ઞાન ને ઉદ્યોગના ક્ષેત્રમાં અંગ્રેજ પ્રજાએ સાધેલી પ્રગતિ, તેમનું ઐશ્વર્ય, તેમનું વિશાળ સામ્રાજ્ય વગેરે તેમના કયા ગુણોને આભારી છે તે ઇંગ્લંડમાં ફરી, જોઈ, જાણી લાવવાના તેને અભિલાષ હતા. ગુજરાતના લોકોનું પછાતપણું, વહેમીપણું, રૂઢિદાસ્ય, અજ્ઞાન, દારિદ્રય અને સંકુચિતતા તેને કઠતાં હતાં. શિક્ષણનો વ્યાપક ફેલાવો કરીને તથા સામાજિક ને ધાર્મિક સુધારણા દ્વારા તે અભિનવ, સબલ ને મહેચ્છુ ગુજરાતનું સર્જન કરવાનાં સ્વપ્ન સેવતો હતો.

૧૮૬૦ના માર્ચની સત્તાવીસમીએ ઈંગ્લંડની સફરનો આરંભ કરનાર એ યશસ્વી ગુજરાતી નરવીર તે મહીપતરામ રૂપરામ નીલકંઠ. તેમનો જન્મ સૂરતમાં, ૧૮૨૯ના ડિસેમ્બરની ત્રીજી તારીખે થએલો. માસિક રૂપિયા છની ટૂંકા પગારની જકાતખાતાની નોકરીથી શરૂ કરી, બાદ મહેતાજીની એવી જ ટૂંકા પગારની નોકરી સ્વીકારી, આપબળે અભ્યાસ જારી રાખી, પચ્ચીસમા વર્ષે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટીટ્યૂટની ત્રીજા વર્ષની પરીક્ષા તેમણે સયશ પસાર કરી હતી.

મહીપતરામ સ્વભાવે અને વ્યવસાયે આજીવન શિક્ષક હતા. અમદાવાદની સરકારી માધ્યમિક શાળાના મહેતાજી તરીકે, કેળવણી ખાતાના નિરીક્ષક તરીકે, પાઠ્યપુસ્તકો તૈયાર કરવા સરકારે નીમેલી સમિતિના મંત્રી તરીકે (ને તે રીતે હોપ વાચનમાળાનાં રૂપગુણઘાટ નક્કી કરનાર એક મહત્ત્વની વ્યક્તિ તરીકે) પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનિંગ કૉલેજના આચાર્ય તરીકે–અને પરિણામે ગુજરાતભરમા ફેલાઈ જનારા સંખ્યાબંધ શિક્ષકોનું માનસિક બંધારણ ઘડનાર એક અસરકારક બળ તરીકે–તથા સરકારી કેળવણીખાતા તરફથી ગુજરાતીમાં ભાષાંતરકરનાર તરીકે, ગુજરાતના શિક્ષણક્ષેત્રની મહીપતરામે કરેલી સેવા અપ્રતિમ છે.

તેમની પાસે પ્રારંભમાં કલમ પકડાવનાર પણ તેમની શૈક્ષણિક જીવનની નિષ્ઠા છે. તેમની નાની મોટી ઓગણત્રીસ રચનાઓમાંથી મોટા ભાગની–સત્તર જેટલી–કૃતિઓ કેળવણીવિષયક છે; જેમાં ઇતિહાસ, ભૂગોળ, પદાર્થવિજ્ઞાન, ખેતી, વ્યાકરણ, આરોગ્ય આદિ વિદ્યાઓને લગતાં પાઠ્યપુસ્તકો ઘણાં ને શિક્ષણશાસ્ત્રની તાત્ત્વિક ભૂમિકાને સ્પર્શતાં–'કેળવણીપ્રકાશ' કે 'શિક્ષાપદ્ધતિ' જેવાં પુસ્તકો થોડાં છે.

પણ શિક્ષક મહીપતરામના વિશેષ પ્રીતિપાત્ર વિષયો છે ઇતિહાસ અને ભૂગોળ. તેમણે ઇંગ્લંડ, ગ્રીસ, યુરોપ, ભરતખંડ અને જગતના ઈતિહાસની રૂપરેખાથી પોતાના સમયના વાચકવર્ગને પરિચિત કર્યો છે. આ જ ઈતિહાસ–રસ તેમની સાહિત્યિક ગુણવાળી બે વાર્તાઓ 'વનરાજ ચાવડો' ને 'સધરો જેસંગ'માં આવિર્ભાવ પામ્યો છે, જ્યારે તેમના સંસારસુધારણ માટેના ઉત્સાહે 'સાસુવહુની લડાઇ'ની કથાનું પ્રેરક–સર્જક બળ પૂરું પાડ્યું છે.

ગુણત્રિપુટી

સ્વદેશપ્રીતિ, પરાક્રમી જીવન જીવવાની તમન્ના અને સંકટો કે નિષ્ફળતાઓથી હારી નહિ બેસતાં પુરુષાર્થનું ગૌરવ કરવાની દઢતા–મહીપતરામની પ્રકૃતિમાં આગળ પડતા આ ત્રણ ગુણો, ઇતિહાસના અભ્યાસથી વિશેષે કરીને પરિપુષ્ટ થએલા જણાય છે. તેઓ લખે છે, 'ફાર્બસસાહેબે મનોરંજક રાસમાળા રચી પ્રસિદ્ધ કરી ત્યાર પહેલાં ગુર્જરરાજ્યનો ઇતિહાસ વાંચવામાં આવતો નહિ. શામળે બત્રીસપૂતળી વગેરેની વાતો ગુજરાતી ભાષામાં કરી તેથી માળવાના વિક્રમ અને ભોજનાં નામ ગુજરાતમાં પ્રખ્યાત થયાં. રામાયણ અને મહાભારતમાં વર્ણવેલા યુદ્ધાદિકનો સાર પ્રેમાનંદાદિ કવિઓએ ગુજરાતીમાં આણ્યો અંગ્રેજી ગ્રંથો પરથી બનાવેલા દિલ્હીના ને અમદાવાદના મુસલમાન પાદશાહોના ઇતિહાસ આ દેશના છોકરા સરકારી નિશાળમા ભણ્યા; ગોવલકોન્ડા, અહમદનગર, બિજાપુર આદિ દ્રાવિડ દેશોનાં રાજ્યોનો હેવાલ જાણ્યો; કનોજ, લાહોર વગેરે શહેરોના રજપૂત રાજાનાં નામ ગોખ્યાં–પણ અણહીલપટ્ટણનું તો નામે સાંભળ્યું નહોતું. શિવાજી, હૈદર ને રણજિતસિંહના પરાક્રમના ઇતિહાસ શીખ્યા; પણ આપણા વનરાજ, મૂળરાજ, સિદ્ધરાજ આદિ પ્રતાપી ગુર્જર રાજાનાં

કોઈ પ્રાકૃત પુસ્તકમાં નામે ન જોયાં તે કેવી નવાઈ! એશિયા, આફ્રિકા અને યુરોપના પ્રાચીન ને અર્વાચીન રાજ્યોના ઇતિહાસ ગુજરાતના નિશાળિયા ભણે, પણ પોતાના દેશના–સ્વદેશી, આર્ય રાજાની તેમને કશી ખબર પડે નહિ; કારણ આપણા કવિઓએ આપણા ગુર્જર રાજાઓને વિસારી દીધા. કોઈ કવિએ તેમની શોધ કરી નહિ.'

'ગુજરાતનું રૂડું કરવાની ઇચ્છા'

આ અંધેર ટાળવા, સ્વદેશાભિમાની મહીપતરામ રાસમાળાના આધારે ગુજરાતના ઇતિહાસની કલ્પનામિશ્રિત કથાઓ લખવા પ્રવૃત્ત થાય છે. આ કથાઓના આલેખન પાછળના પોતાના ઉદ્દેશને સ્પષ્ટ કરતાં તેઓ લખે છે, 'દ્વારકાથી દાહોદ સુધીમાં ને ડીસાથી દમણ સુધીમાં રહેનારા તથા મુંબાઈ વગેરે જઈ વસનારા, ગુર્જરી ભાષા બોલનારા સ્વદેશીઓના દિલમાં, સ્વદેશાભિમાનનો જુસ્સો પ્રદીપ્ત કરવો, તેમના હૈયામાં બંધુભાવ આણવો, આપણે સર્વ એકદેશી ને એકપ્રજા છીએ એમ તેમના મનમાં લાવવું ને ગુજરાતનું રૂડું કરવાની ઇચ્છા જગાડવી એ મહાન હેતુઓ આ ગ્રંથ રચવામાં યાદ રાખ્યો.'

આ, "ગુજરાતનું રૂડું કરવાની ઇચ્છા", વિવિધ પ્રયાસે ને સર્વપ્રકારે ગુજરાતની ઉન્નતિ સાધવાની ઉત્કંઠા હતી, સુધારાયુગના આપણા અગ્રણીઓને. પરિણામે તે યુગના અન્ય સાહિત્યકારોની જેમ મહીપતરામનું સાહિત્ય પણ, શુદ્ધ સાહિત્યરસ ઓછો આપે અને હેતુલક્ષી સાહિત્યના ગુણ તથા દોષ, ઉભયને પ્રગાઢપણે પ્રતિબિંબે એ સ્વાભાવિક છે. ઓગણીસમી સદીના ગુજરાતી સમાજની નિંદ્ય કૃતિઓ, જેવી કે બાલ્યાવસ્થાનાં લગ્ન, કજોડાં, બહુપત્નીત્વ, લગ્નાદિ પ્રસંગે ગવાતાં બીભત્સ ફટાણાં, દેશાંતર કરનારને ભોગવવો પડતો જ્ઞાતિજનોનો ત્રાસ, શિક્ષણનો અભાવ–અજ્ઞાન ને મિથ્યાભિમાન, રૂઢિદાસ્ય વગેરે મહીપતરામને હાથે તેમની ઐતિહાસિક કથાઓમાં પણ વિશદ આલેખન અને કડક આલોચનાને પામે છે, તે આ જ કારણે. આ બધું અત્યારે કદાચ આપણને ખૂંચે, પણ તે સાથે એ યાદ રાખવું ઘટે કે પ્રજાના બધા જ વર્ગોમાં ઊંડી જડ ઘાલી બેઠેલી કુરૂઢિઓના ઝડપી વિનાશ માટે આવા સાર્વત્રિક અને આવેશભર્યા સુધારાલક્ષી આક્રમણની જરૂર ઘણી હતી.

વિચારમિનાર અને વ્યક્તિત્વ

મહીપતરામે ઇંગ્લંડની મુસાફરી કરી ૧૮૬૦-૬૧માં, ને તે પ્રવાસનું વર્ણન લખી પ્રસિદ્ધ કર્યું ૧૮૬૪માં. પ્રવાસીની દૃષ્ટિની રસિકતાની સાથે અભ્યાસીની વેધકતા ને શિક્ષક મનનાં ચિંતન તથા વિવેકપરાયણતાને લીધે એ નાનકડું પ્રવાસવર્ણન આજે ય સુપથ્ય વાચન પૂરું પાડે છે. મહીપતરામનો પ્રવાસ કેવળ જળમાર્ગે ન હતો, કારણ યુરોપ સાથેના આપણા સળંગ–અતૂટ અને ટૂંકા–જળમાર્ગને જન્મવાને ત્યારે નવ વર્ષની વાર હતી. આગબોટ ને આગગાડીની બેવડી લિજ્જત માણતા મહીપતરામની પ્રવાસનોંધો તેમના વિચારમિનાર અને વ્યક્તિત્વ ઉપર વેધક પ્રકાશ પાડે છે. માર્ગે આવતા સિકંદ્રિયા શહેરમાં જોએલા પાદશાહના મહેલ વિષે તે લખે છે, 'એનાં દીવાનખાનાં, બેઠકો, સૂવાના ઓરડા અને બીજા ભાગો એવા ખૂબસૂરત છે કે હું જોઇને ડંગ થઈ ગયો! એનો સામાન શું સુંદર અને કીમતી છે! ભૂમિ ઉપર પાથરેલા ગાલીચા ચીનાઈ મખમલ જેવા સારા છે; પણ જેમની મહેનતનો પૈસો એમાં વપરાયો છે, તે બાપડાઓને ઓઢવાપાથરવા તળાઇગોદડાં મળતાં નથી ને બેસવાને સાદડી પણ નથી.' આમાં જો મહીપતરામની દીનજનાનુકમ્પા જોવા મળે છે તો બર્મિંગહામના રાજમાર્ગોને શોભાવતી ત્યાંના રાષ્ટ્રવીરોની આરસની પ્રતિમાઓને આવકારતા શબ્દોમાં તેમનો મૂર્તિપૂજાનો વિરોધ આ રીતે પ્રગટ થાય છે: 'એ મૂર્તિઓ કયા દેવોની હશે? એ શાણા લોક એક જ દેવને માને છે, તેની સ્તુતિ અને પ્રાર્થના કરે છે, પરંતુ તેની મૂર્તિ કરી રમત રમાડતા નથી; તેની મન વડે ભક્તિ કરે છે, પથ્થર કે ધાતુમાં તેને રૂપ આપતા નથી; તેની આજ્ઞા માની સત્કર્મો કરવામાં પુણ્ય માને છે, પાણી, ફૂલ કે ચન્દન ચઢાવવામાં કે તેનું શરીર ધોવામાં માનતા નથી. ત્યારે એ પ્રતિમાઓ કોની હશે? જે મહાપુરુષોએ મોટી વિદ્યા અને હુન્નરોની શોધ કરી, જેઓએ યુદ્ધમાં પોતાના દેશના શત્રુઓનો પરાજય કર્યો, તથા જેમણે રાજરીતિમાં સુધારા કરાવી પ્રજાના સુખમાં વધારો કર્યો તેઓની આ મૂર્તિઓ છે.' પૂજા નહિ, પરાક્રમ તેમનું આરાધ્ય હતું.

વર્ષો પછી ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં થયા તે પ્રકારના પોતાના અનુભવની વાત મહીપતરામ આ પ્રમાણે કરે છે: 'માર્સેલ્સ જવાને રેલવેની ગાડીમાં બેસવા હું ગયો ત્યારે મને જે ગાડીમાં બેસાડયો તે ગાડીમાં બે અંગ્રેજ હતા. હું ગાડીમાં ચડયો એટલે તેઓ ઊતરી ગયા ને બીજીમાં જઈ બેઠા, તેથી મારા મનમાં કાંઈ સંદેહ ઉત્પન્ન થયો અને જ્યારે ઍલેક્ઝાંડ્રિયામાં એમ જ તેમણે ફરીને કર્યું ત્યારે મને નક્કી લાગ્યું કે તેમ કરવાનું કારણ તેમનો અહંકાર છે. જે દેશને ઇંગ્લંડે જીતી જેર કરી રાખેલો તેના વતની સાથે તેમને બેસતાં ગેરત લાગી! તેમનાં નામ હું જાણું છું, પણ પ્રસિદ્ધ કરવામાં માલ નથી. ધિક્કાર છે તેમની સુધરાવટને!' સુધારક, એટલા જ તટસ્થ–નીડર!

મહીપતરામની ભાષામાં ફારસી-અરબી શબ્દો સહેજે આવી જાય છે અને અત્યારે નહિ પ્રયોજાતા, કાંઈક ગ્રામ્ય લાગે તેવા શબ્દો પણ તેઓ વાપરી નાખે છે. જેમકે કુમારશાળા માટે 'છૈઆશાળા', પાસે–નજીકના અર્થમાં 'લગતું' કે 'કને', વાપરવું માટે 'વાવરવું', ઘણું માટે 'મસ' વગેરે. ભાષાને મઠારવા, મઢવા કે સુલાયમ કરવાનો જરાય પ્રયત્ન કર્યા વિના તે જેવી હૈયે ઊગી તેવી તેમણે 'વાવરી' નાખી છે. નિખાલસ વ્યક્તિત્વ અને પત્રકારત્વના દીર્ઘકાલીન અનુભવનું પણ આ પરિણામ હોય. ગમે તેમ પણ ઉપરનાં કેટલાંક અવતરણો બતાવે છે તેમ સાદી, સીધી, ક્વચિત્ અસાક્ષરી પણ હમેશાં અસરકારક શૈલીમાં પોતાનાં મંતવ્યોને દૃઢતા અને આવેશપૂર્વક રજૂ કરનાર મહીપતરામનું વ્યક્તિત્વ વૈવિધ્યપૂર્ણ, સોહામણું અને આદરણીય છે.

સેવાવ્રતી શિક્ષણકાર અને સાહિત્યસર્જક


સમર્થ કેળવણીકાર અને સાહિત્યસર્જક હોવા સાથે ધર્મ અને સમાજક્ષેત્રે અભયને વરેલા તેઓ પ્રખર સુધારક હતા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના ઉત્સાહી હિમાયતી અને મહાન નાગરિક હતા, સમાજની કોઈ પણ પ્રકારની ભીડપ્રસંગે કમર કસી તેની મદદે દોડતા કુશળ રચનાત્મક કાર્યકર્તા હતા. ગુજરાતી સંસારની, પ્રાર્થનાસમાજની અને અમદાવાદ મ્યુનિસિપાલિટીની તેમણે કરેલી સેવાઓ અવિસ્મરણીય છે જ; ને મહીપતરામ રૂપરામ અનાથાશ્રમ તેમની સેવાઓનું ઉચિત સ્મારક પણ છે. તેમ છતાં, પોતાને અતિપ્રિય સેવાવ્રતનો વારસો કુટુમ્બીજનોને આપી જનાર આ નરવીરની જીવનસૌરભમાંથી ગુજરાત જેટલું મેળવે તેટલું ઓછું છે.

('આકાશવાણી'ના સૌજન્યથી થોડા વધારા સાથે)

સમાજમાં અમુક ઠેકાણે ઉકરડો હોય અને રસશાસ્ત્રી તેનું યથાતથ વર્ણન કરે, બહુ જ તાદૃશ વર્ણન કરે તેમાં કશું જ ખોટું નથી. પણ વાંચનારને એ વર્ણન વાંચ્યા પછી એમ થવું જોઇએ કે આવો ઉકરડો ન હોય તો સારું. એથી ઊલટું વાચકને જો એ વર્ણન વાંચીને ત્યાં આળોટવાનું મન થાય તો એ ખોટું, એ વાંક વાચકનો નહિ પણ લેખકનો. લેખકની યે જવાબદારી છે, કેમ કે લેખકો એ સમાજના ગુરુ છે. —કાકા કાલેલકર

નાસ્તિક

લેખક · ચન્દ્રકાન્ત બક્ષી



'એક નાન...ઔર રોગનજોશ!'

વેઈટર મેનુનું કાર્ડ લઇને કૅબિનની બહાર નીકળી ગયો અને પડદો બંધ કરતો ગયો. જયેશે ચશ્માં કાઢીને ટેબલ પર મૂક્યાં, રૂમાલથી મોઢું લૂછ્યું, અને ચશ્માં ફરી પહેરી લીધાં. સામે કાચના ફ્લાવર-વાઝમાં વાસી પાણીમાં ઊભેલાં ચીમળાએલાં નીલ ફૂલો, દાંત વિનાની ડોશીઓની જેમ, હસી રહ્યાં હતાં.

ઘણા દિવસે એ 'સાગર' હોટલમાં આવ્યો હતો—લગ્ન પછી પહેલી વાર. લગ્ન પછી એણે પહેલું કામ કર્યું હતું, હોટલો છોડી દેવાનું. અને હોટલો સાથે એનો સંબંધ ધાવમાતા જેવો હતો. એ આવતો, બેસતો, મેનુનું કાર્ડ જોતો, એક જ વસ્તુનો ઑર્ડર આપતો, જમીને ટીપ મૂકીને સીધો બહાર નીકળી જતો અને પાનવાળાની દુકાને પાન ખાઇને, સિગરેટ જલાવીને, ચૌરંઘીનો એક ચક્કર મારીને, ઘરભેગો થઈ જતો. એ જિંદગી સીધી હતી, ફાંફાં મારવાની ઇચ્છાઓ પણ એમાં મરી પરવારી હતી. 'સાગર'ની સફેદ દીવાલો અને ક્રીમ સિલિંગ એને ગમતાં. એક જમાનામાં અહીં બધા જ એને ઓળખતા હતા—વેઈટરો, મેલાં ખમીસ–પૅન્ટ પહેરેલો મૅનેજર, ફર્શ સાફ કરતો નથ્થુ, ટેબલ-ખુરશીઓ, ચકચકતું બેસિન, લાંબું જલીને અડધી થઈ જતી ટ્યૂબો...

પડદો ખસ્યો. વેઇટરે નાન રોટી અને રોગનજોશની પ્લેટો મૂકી. બાજુમાં સલાદની પ્લેટ ગોઠવી અને પડદો બંધ કરીને ચાલ્યો ગયો. જયેશે પ્લેટો પાસે ખેંચી—મોટી, શેકેલી નાનની સૂકી ખુશ્બૂ આવી. નાનની પ્લેટમાં બળેલા તલ અને શેકાએલી વરિયાળી છૂટાં પડયાં હતાં. જયેશે સલાદ પર નિમક છાંટવા માંડ્યું...

લગ્ન પછી એણે મટન અને સિગરેટો બંધ કરી નાખી હતી. અને લગ્ન પહેલાં એ દોસ્તોને કહેતો કે સિગરેટ છોડવી એ બ્રહ્મચર્ય પાળવા કરતાં પણ વધુ મુશ્કેલ છે! આશાએ સિગરેટો છોડાવી દીધી—એની 'સીધી' જિંદગીમાં કંઈક વિચિત્ર તરફડાટ લાવી દીધો. એનામાં બધું બદલાઈ ગયું, રંગીન કપડાંની જગ્યાએ સફેદ કપડાં આવી ગયાં, ગાળો ઓછી થઈ ગઈ, વાળોમાં નરમાશ આવી ગઈ, આદતોમાં ફેરફાર થઈ ગયો. એ સવારે દાતણ કરીને સાબુથી મોઢું ધોતો, નાહીને શરીરે પાઉડર ભભરાવતો, જમ્યા પછી આંગળાં ચાટતો નહીં, સવારે બહાર નીકળતો ત્યારે કાળા બૂટ પર કપડું ઘસીને ચકચકાટ કરતો... એનામાં ઘણું બદલાઇ ગયું હતું–ફક્ત ભગવાન અને મંદિરોથી એ લગ્ન પહેલાં જેટલો દૂર હતો એટલો જ લગ્ન પછી એ રહ્યો હતો... એ એક ફેરફાર લાવવા આશા પ્રયત્ન કરતી હતી અને એમાં નિષ્ફળ જતી હતી.

આશાના શબ્દોમાં એ નાસ્તિક હતો.

હવાથી પડદો ઊંચો થયો. હોટલ લગભગ ખાલી હતી. સામેની ખુરશી પર બેઠેલો એક પાતળો શીખ નીચું જોઇને ખાઈ રહ્યો હતો અને એની મૂછ પર દહીં ચોંટી ગયું હતું. એની સામે અડધું ટેબલ ભરીને ખાલી પ્લેટો પડી હતી.

આજે આશાથી સખત ઝગડો કરીને એ આવ્યો હતો. બહાર નીકળતી વખતે એણે નક્કી કર્યું હતું—આ છેલ્લો ઝગડો હતો. અને આશાને એના બાપને ત્યાં ચાલ્યા જવાનો 'હુકમ' થઇ ગયો હતો. એ પૈસાદારની છોકરી હતી, ખૂબસૂરત હતી અને કૉલેજમાં એક વર્ષ જઇને ફેલ થઇ આવી હતી. અને એ જિદ્દી હતી, મિજાજી હતી, ઠંડી હતી... આશાએ એને દબાવી દીધો હતો. આ બધાં સ્વતંત્રતાનાં સીમાચિહ્નો હતાં; હોટલો, સિગરેટો, એકલા સિનેમામાં જવાનું. એની નજર અનાયાસ ખિસ્સા પર પડી. લાઈટહાઉસની બે ટિકિટો વાળેલી પડી હતી... આજે એ એકલો જવાનો હતો.

જયેશથી નિસાસો મુકાઈ ગયો. એમનું કેવું સરસ, સુખી લગ્ન-જીવન ક્યાં આવી પહોંચ્યું હતું? અઠવાડિયે ઝગડા થતા, છેવટે રોજ થતા... અને હવે તો ઝગડા માટે કારણો પણ શોધવાં પડતાં ન હતાં–ને આશાના બાપનું ઘર પણ શહેરમાં જ હતું. એને આશા તરફ નફરત થઈ ગઇ હતી. એની પાછળ પાગલ થવા જેવું શું હતું? દરેકના જીવનમાં એવા દિવસો આવે જ છે ને?...મુલાકાતના, ગભરાટના, પ્યારના, ઉન્માદના, ઓટના, એ દિવસોને જીવી લેવાના.

એની સામે ભૂતકાળ સ્પષ્ટ થવા લાગ્યો.

એ આશાને ઓળખતો પણ ન હતો. એને લગ્નકલ્પના પણ ન હતી. એ વખતે જીવનનાં બે ધ્યેયો હતાં–ભણવું અને પંદર ઇંચના બાઇ-સેપ્સવાળા માણસોના ફોટો જોવા. સ્ત્રીઓને એ જગતની બિન-જરૂરી ચીજો સમજતો, અને લગ્ન કરવું એ એને માટે કોઇ ચિત્રપ્રદર્શની જોવા જવા કરતાં વિશેષ મહત્ત્વનું ન હતું.

એકાએક લગ્ન પાસે આવી ગયું...એની દુનિયાનો તફાવત સમજી શકે એ પહેલાં તે પરણી ગયો. અને બીજી સવારે આયનાની સામે દાઢી કરતી વખતે એણે જોયું કે કાચની અભરાઈ પર નવી વસ્તુઓ હતી—ફેસ પાઉડર, રૂઝ, 'કિસ મી' લિપસ્ટિક, લાલ-કાળા કંકુની શીશી... અને આયનામાંથી પાછી ટટ્ટાર બેસીને વાળ બાંધતી આશાનો શાંત ચહેરો દેખાતો હતો. એના ખોળામાં કાંસકો અને તૂટેલા વાળનાં ગૂંચળાં પડયાં હતાં અને એણે સવારે બ્રેઝીઅર પહેર્યું ન હતું...

એની ચોરસ ઓરડીમાં રાત બહુ લાંબી ચાલતી. ઉત્તર તરફની બારીમાંથી જુલાઈની મોડી રાતનો પવન ફરફરતો અને બારી પરનો જાડો બ્લ્યૂ હૅન્ડલૂમનો પડદો ખૂલતો અને જરા અદ્ધર રહીને, પડી જતો—ઘોડિયામાં પડેલા બાળકના બગાસાની જેમ. કમરાની હવા સ્થિર થઈ જતી. કોઇકોઇ વાર આશા એના સાથળ પર માથું રાખીને સૂઈ જતી અને એ એની દબાતી જૂઈની વેણીને જોઈ રહેતો. એકાએક બંધ

કમરામાં રાત ફેલાઈ જતી—ચૌદ વર્ષના છોકરામાં ઊભરાતી વાસનાની જેમ અથવા શિયાળાની પરોઢે પહોળી નદીના પૂલ પરથી દોડતી ટ્રેનના બંધ ડબ્બાઓમાં પ્રસરી જતી ઠંડીની જેમ...એ હાથ લંબાવીને બેડ-સ્વિચ દબાવીને બત્તી બંધ કરતો અને આશા જાગી ઊઠતી—

દિવસો હતા......

પડદો હટાવીને વેઈટર અંદર આવી ગયો. જયેશ એકદમ ચમકી ઊઠ્યો, લગ્નની રાતે દોસ્તોએ ગોઠવેલું ઍલાર્મ બે વાગ્યે બોલી ઊઠેલું ત્યારે એ અને આશા એમ જ ચમકેલાં, અને પછી હસી પડેલાં. વેઈટરે બિલ મૂક્યું. જયેશે રકાબીમાં પૈસા મૂક્યા અને હસ્યા વિના એ બહાર નીકળી ગયો. ફિલ્મનો ટાઈમ થવા આવ્યો હતો.

ફૂટપાથ પર ચાલતો ચાલતો જયેશ મુખ્ય રસ્તા પર આવ્યો. સામે 'ઓરીઅન્ટ' સિનેમા પર એક મોટું પોસ્ટર ચીતરેલું હતું. આજુબાજુ નાના મોટા પરિચિત ચહેરાઓ ગોઠવેલા હતા. નીચે-સિલિંગની નીચે, સજાવેલી બત્તીઓની નીચે લોકોની ભીડ હતી અને કિનારે ઊભેલી ગાડીઓ પર બત્તીઓનું હારબદ્ધ પ્રતિબિંબ પડતું હતું.

ઇલેક્ટ્રિક હાઉસની પહોળી ફૂટપાથ પર નાનાં બચ્ચાં રમતાં હતાં-સ્કેટ્સથી, ટ્રાઇસિકલોથી, હૂલા-હૂપથી. જયેશે આનંદ અનુભવ્યો...: લગ્નજીવનમાં બાળકોની કેટલી અનિવાર્યતા હતી? એ બાળકોને જોતો ત્યારે એક કંઈક વિચિત્ર આનંદ થઈ આવતો-ખાસ કરીને નાની બેબી-ઓને જોઇને. અને વાતવાતમાં ઘણી વાર આશાને એ કહેતો કે મારે ફક્ત બે નાનીનાની બેબીઓ જોઇએ છે.

એ ચૌરંઘી પર આવ્યો, નીઑન લાઇટો જલી ગઈ હતી, પણ સાંજનું ડૂબતું અજવાળુ હજી કાયમ હતું. બદ્રુકોની દુકાનો, ફોટોસ્ટોર્સ ને કૅફે-રેસ્ટોરાંઓની કતારો, નવા શો માટે દોડતા લોકો, ઑફિસો-માંથી છૂટેલા કર્મચારીઓ, ફેરિયાઓ, ધીરેધીરે વહેતો દક્ષિણ તરફ-નો ટ્રાફિક, ઑક્ટરલોની મૉન્યુમેન્ટની પાછળ કોઈ નવા વિપ્લવી, 'મૉડર્ન' આર્ટિસ્ટે ઝપાટામાં આખી ટ્યૂબ ખંખેરી નાખી હોય એવું લાલઘૂમ આકાશ—બધું જ એકબીજામાં ઓગળતું એક વિશાળ દૃશ્ય બની ગયું હતું. આકાશમાં જુદીજુદી જગ્યાએ જુદાજુદા રંગો હતા ને એ રંગો પણ ડૂબતી સાંજમાં બહુ ઝડપથી બદલાઇ રહ્યા હતા-કાળી છોકરીના મિજાજની જેમ...ને જયેશ ભીડમાં આગળ નીકળી ગયો.

બસ-સ્ટૉપના શેડની નીચે એક છોકરો અને છોકરી સંતોષથી, ઉતાવળ વિના વાતો કરી રહ્યાં હતાં ને છોકરીએ એની ચેઇનનું લૉકેટ અલ્હડની જેમ દાંત વચ્ચે પકડ્યું હતું. કોઇકોઇ વાર આશા એમ કરતી ત્યારે જયેશ ગુસ્સે થઈ જતો. આજે એને ગમ્યું. સ્કૂટર પર એક ઍંગ્લો-ઈંડીઅન બાપ એનાં બે બચ્ચાંઓને લઇ જઇ રહ્યો હતો. સામેથી એક વૃદ્ધ યુગલ પાસે આવી ગયું હતું અને માણસના જાડા કાચમાંથી મોટી કાળી કીકીઓ સ્વસ્થતાથી જોઈ રહી હતી. સંસારનાં દુ:ખો જોઇને, કુટુંબને છોડીને મહાભિનિષ્ક્રમણ કરી ગએલા બુદ્ધ ભગ-વાનની જેમ એને પણ દોડી જવાનું મન થયું—ઘર તરફ, આશા તરફ, એની 'બાર બાય બાર'ની દુનિયા તરફ—

...આશાને એણે એના બાપને ઘેર મોકલી દીધી હતી...

અંધારા હૉલમાં ધૂસીને એ પેસેજની સીટમાં બેસી ગયો. બાજુ-ની સીટ ખાલી હતી. એ આશાની હતી. એમાં આશા ન હતી—અઢી કલાક સુધી એ ખુરશીના જડ લીસા હાથાને પકડીને, પલટાતા રંગીન પડદા સામે જોતોજોતો, આશાને ભૂલવાનો પ્રયત્ન કરતો બેસી રહ્યો.

એની આગળની સીટો પર એક યુગલ બેઠું હતું...અને—

બહાર નીકળીને, ટૅક્સી કરીને, એ ઘેર આવ્યો.

દરવાજો ખોલીને અંદર આવીને એણે જોયું—ઘર એવું જ હતું જેવું એ છોડીને ગયો હતો. ચાદરો અસ્તવ્યસ્ત હતી અને આડાઅવળા, દબાઈ ગએલા તકિયાઓને વ્યવસ્થિત મૂકવાનો કોઇએ પ્રયત્ન કર્યો ન હતો. અને ઘરમાં કંઇક શૂન્યતા લાગતી હતી. આશા...ખરેખર ચાલી ગઈ હતી. જયેશને હવામાં વજન લાગવા માંડ્યું. એણે પંખો ચલાવ્યો ને બારીનો પડદો ખસેડ્યો ને એની દૃષ્ટિ ચારે તરફ ફરી વળી.

કબાટ પર શીંગડાના કોતરેલા, લાંબી ચાંચવાળા બે બગલા ઊભા હતા. રેડિયો બંધ હતો. ખૂણામાં આશાનાં બાથરૂમ સ્લિપરો પડ્યાં હતાં, અભરાઈ પર નાયલોનની સાડીનું એક ખાલી ખોખું પડ્યુ હતું. લિપસ્ટિકની પિત્તળની ખાલી ટ્યૂબ હતી, સાફ કર્યાં વિનાનું કેરોસીન કુકર હતું, રસોઇની ચોપડીઓ પડી હતી. એને બધી જ આશાની વસ્તુઓ દેખાવા માંડી...આશા એના જીવનમાં કેટલી અવિભાજ્ય રીતે વણાઈ ગઈ હતી! એણે કબાટ ખોલ્યું—સામે લગ્નના ફોટાઓનું આલ્બમ પડ્યું હતું, અને હૅંગર-બાર પર હૅંગરોમાં આશાનાં બ્લાઉઝો લટકતાં હતાં—એ પૈસાદારની છોકરી હતી. જયેશે કબાટ બંધ કર્યું ને પલંગ પર બેસી ગયો. આશા વિના જિવાય એવું ન હતું...એ જિદ્દી છોકરી હતી, પૈસાદારની બેટી હતી...ને એ બધું છોડીને એના જેવા નાસ્તિક, ગરમ મિજાજના છોકરાની નાની કોટડીમાં જિંદગી ગુજા-રવા આવી હતી...અને આ ઘરમાં—આશા વિના—એનું હતું પણ શું? ભોંયતળિયાના એક અંધારા કમરામાં આશાએ એક ખ્વાબ સજાવી દીધું હતું...એ પૈસા કમાતો, ઉડાવતો, અસ્તિત્વવાદની ચોપડીઓ વાંચતો ને 'બીટ જનરેશન'ની વાતો કરતો...આશા પાસે એ 'જ્ઞાન' ક્યાં હતું? એ ધાર્મિક હતી, આધુનિકરીતે...આશામાં ને એનામાં કેટલું બધું અંતર હતું?...ના, આશા પર એણે ખરેખર જુલ્મ કર્યો હતો...આશાના ત્યાગને, ને પ્રેમને એ સમજ્યો હતો? ને પ્રેમ—

એને લાગ્યું બારીની બહારનું આકાશ ચકરાતું હતું. એ ઊભો થયો. પતરાના પિંજરા પર એક ચિઠ્ઠી પડી હતી—એણે વાંચવા માંડી.

'પ્રિય જયેશ,

જમી લીધું હશે?—

તારા કહેવા પ્રમાણે હું જઉં છું—મારા બાપાને ત્યાં.

દરમ્યાન—તારા ઘરમાં આવી ત્યારે જે લઇને આવી હતી એ જ લઇને ચાલી જઉં છું. તારી વસ્તુઓ બધી બરાબર રાખી છે—માત્ર મારી જ વસ્તુઓ હું લઈ જઉં છું.

અને...પિંજરા પર દૂધનો ગ્લાસ ઢાંકી રાખ્યો છે. ગરમ કરીને પી જજે!

આશા'.

જયેશે પિંજરા પર દૂધના ગ્લાસ તરફ જોયું. એની નજર ઊંચી ગઈ. લાકડાની અભરાઈ પર ઘીની દીવી જલાવ્યા વિનાની પડી હતી અને પાછળ—ગણેશ-લક્ષ્મીની મૂર્તિઓ ગાયબ હતી!

જયેશ ઊભો થઈ ગયો, અને એણે ચાવી હાથમાં લીધી. એ આશાને લેવા જઈ રહ્યો હતો...

ઘર ખાલીખાલી લાગતું હતું-આશા ને એની વસ્તુઓ વિના.

નવી કહેવતો


કુળ દીપાવનો કાણિયો યે કુળદીપક કહેવાય.
નીર નદીનાં પિવાય, સાગરનાં નહિ.
બે આંખવાળો ય કાણે તો કાણિયો જ કહેવાય.
આંબાના મોરને પીંછાં ન હોય.
પુરુષાર્થે પમો ને પ્રારબ્ધે પરમાનંદ.
આંબાની ડાળે લીમડાનાં પાન ન ફૂટે.

રસિક પટેલ

વિટસ બેરિંગ

લેખક - પ્રો. રમણલાલ ચી. શાહ

૧૬મી સદીના
શોધસફરીઓ
૩



ઈ. સ.ના સત્તરમા સૈકામાં યુરોપમાં બ્રિટિશ અને ડચ સાહસિકો વચ્ચે નવાનવા વેપારી માર્ગોની શોધ માટે અને નવાનવા પ્રદેશો પર વેપારી દૃષ્ટિએ વર્ચસ્વ જમાવવા માટે તીવ્ર રસાકસીભરી સ્પર્ધા ચાલી રહી હતી, ત્યારે રશિયાનો વેપારીવર્ગ નવાનવા પ્રદેશો પર પોતાનું વર્ચસ્વ જમાવવાની પ્રવૃત્તિમાં કંઇક મંદ હતો. જ્યારે બ્રિટિશ અને ડચ વેપારીઓ રશિયા સાથે વેપારી સંબંધો બાંધવા માટે અને મોટામોટા ઇજારા પડાવી લેવા માટે ઉત્સુકતાપૂર્વક પ્રયત્નો કરવા લાગ્યા હતા ત્યારે રશિયાના વેપારીઓમાં પણ નવી પ્રવૃત્તિ માટે સંચાર થવા લાગ્યો હતો. અલબત્ત, એ પહેલાંના સમયમાં રશિયન શિકારીઓ અને સાહસિકો છૂટાછવાયા દૂરદૂરના અજાણ્યા પ્રદેશમાં રખડતા હતા, પરંતુ સરકારી આશ્રયે કે મોટી વેપારી પેઢીને આશ્રયે ત્યાં મોટા પાયા પર યોજનાબદ્ધ પ્રયત્નો થતા નહોતા.

રાજા પીટરના વખતમાં રશિયાનું રાજ્ય ઘણું નાનું હતું. પોતાના રાજ્યનો પ્રદેશ પૂર્વ અને ઉત્તર તરફ ક્યાં સુધી વિસ્તરેલો છે એની ખુદ રાજાને પણ ખબર નહોતી. જ્યાં સુધી ભરચક વસતી હતી ત્યાં સુધી એનું રાજ્ય હતું. બાકીના ભાગોમાં ભિન્નભિન્ન જંગલી જાતિઓ રહેતી હતી ને ત્યાં પોતાનું વર્ચસ્વ ધરાવતી હતી. અંગ્રેજો જ્યારે પહેલી વાર મસ્કોવી (Muscovy હાલનું મૉસ્કો) આવ્યા ત્યારે સાઇબિર (Sibir–હાલનું સાઇબીરિયા)ના પ્રદેશનો રશિયામાં સમાવેશ થયો નહોતો. એ સમયે ત્યાં સેમૉઇડ નામની જાતિના લોકો વસતા હતા, જેમની પાસેથી મોટા જથ્થામાં ચરબી, ચામડા, હાડકાં, દંતૂશળ વગેરે ખરીદવાના હેતુથી રશિયાના વેપારીઓ તેમની સાથે વેપારી કરારો કરવા માટે પ્રયત્નો કરી રહ્યા હતા.

એક દિવસ રાજા પીટરના દરબારમાં કૉઝેક જાતિના એક સરદારે આવીને રાજાને એક અતિશય મોટા અને આકર્ષક દંતૂશળની ભેટ આપી અને રાજાના રાજ્યમાં થએલા અસાધારણ પ્રદેશવધારાના સમાચાર આપ્યા. આ સમાચાર સાંભળતાં રાજા પીટર આશ્ચર્ય અને આનંદમાં ગરકાવ બની ગયો. રાજાને પોતાનું રાજ્ય આટલું બધું એકાએક વધી ગયાના સમાચારથી જેમ આશ્ચર્ય થયું, તેમ કૉઝેકોએ શા માટે પોતાનું રાજ્ય વધારી આપ્યું એ વિશેના પોતાના અજ્ઞાનથી પણ એને આશ્ચર્ય થયું. એણે એ સરદારને પૂછ્યું, 'તમે કોની આજ્ઞાથી આ બધો પ્રદેશ અમને જીતી આપ્યો?'

'એની અમને ખબર નથી, મહારાજાધિરાજ.'

'તમે ક્યારે આ પ્રદેશો જીતવાનું શરૂ કર્યું?'

'એની પણ અમને ખબર નથી, ભગવાન!'

'એની તમને ખબર નથી? શી વાત કરો છો? તો આ બન્યું કેમ?'

'બીજી તો કંઈ ખબર નથી, પણ અમારા બાપદાદા કહેતા કે રાજ્યમાં કાયદેસર હક્ક માટે આપણે આ લડાઇઓ કરી જીત મેળવીએ છીએ.'

'તમને રાજ્યમાં રહેવાનો કાયદેસર હક્ક નથી?'

'નહિ હોય ત્યારે જ અમારા બાપદાદાએ અમને એમ કહ્યું હશે ને!'

પોતે આટલા બધા અંધારામાં છે એ રાજા પીટરને ત્યારે સમજાયું. આ બાબતમાં પૂરેપૂરી તપાસ કરી માહિતી આપવા માટે એણે પોતાના અમલદારોને સૂચના આપી દીધી. જૂના દસ્તાવેજો અને બીજાં પ્રમાણોની શોધાશોધ કરી રાજાને માહિતી આપવામાં આવી. એ મુજબ ઘણાં વર્ષો પહેલાં રશિયામાં ઝાર રાજા ઈવન રાજ્ય કરતો હતો. તે ઘણો ક્રૂર અને ઘાતકી હતો અને પ્રજાને ખૂબ રંજાડતો હતો. રાજ્યની ગરીબ પ્રજા આ બધો જુલમ અને ત્રાસ સહન કરતી હતી, પણ કૉઝેક લોકોને તો આ ત્રાસ વેઠવાનું હવે ભારે લાગતું હતું. કૉઝેક લોકો શરીરે બહુ સશક્ત અને મજબૂત બાંધાના હતા. તેઓમાંના ઘણાખરા રાજ્યમાં સૈનિક તરીકે કામ કરતા હતા. રાજાનો ત્રાસ સાંખી લેવાનું તેમના સ્વભાવમાં જ નહોતું. આથી તેઓ રાજાના શયતાની પંજામાંથી છટકવા રાજ્યની સરહદ બહાર ઉત્તર તરફ ચાલ્યા ગયા. પરિણામે રાજા અને રાજ્યના અમલદારો સાથે કૉઝેકોને વેર બંધાયું. રાજાએ તેમને રાજ્યમાંથી કાયદેસર બહિષ્કૃત કર્યા. આથી તો વેર ઊલટાનું વધ્યું. કૉઝેકોએ પોતાની ટોળીને વ્યવસ્થિત બનાવી અને યેરમાક તિમોફેયેવ નામના માણસે એની સરદારી લીધી. એ વખતે રશિયામાં સ્ટ્રોગાનોવ નામનો વેપારી સરકારી અમલદાર પણ હતો ને વેપારના મોટામોટા પરવાના ધરાવતો હતો. રાજ્યમાં એનું ઘણું મોટું વર્ચસ્વ હતું અને રાજાનો એ માનીતો હતો. કૉઝેકોને બહિષ્કૃત કરાવવામાં એનો મુખ્ય હાથ હતો. આથી યેરમાક અને એની ટોળીએ સ્ટ્રોગાનોવ અને એના કુટુંબને રંજાડવાનું શરૂ કર્યું.

પરંતુ સ્ટ્રોગાનોવ ઘણો બાહોશ અને ચતુર હતો. એ જાણતો હતો કે યેરમાકનો સામનો કરવામાં અને એની સાથે વેર વધારવામાં ડહાપણ નહોતું. યેરમાક પોતાનો દુશ્મન હોવા છતાં એને ઉશ્કેરવા માટે કે ઇતરાજી વહોરી લેવા માટે એક પણ કારણ એ આપવા માગતો નહોતો. વસ્તુતઃ એણે એને, જે દિશામાં યેરમાક ગયો હતો એ તરફના તાતારખાન કુચુમના સાઇબિરના સમૃદ્ધ પ્રદેશ પર ચડાઈ કરી લૂંટ કરવા માટે પાનો ચડાવ્યો; ને જો એ પ્રમાણે સાઇબિરનો પ્રદેશ તે રશિયાને જીતી આપે તો એને મોટીમોટી જાગીરો બક્ષિસ તરીકે આપવાની અને રાજ્યમાં કૉઝેકોને કાયદેસર રહેવાનો હક્ક પાછો મેળવી આપવાની લાલચ આપી. પરિણામે કૉઝેકોનું ધ્યાન સ્ટ્રોગાનોવ કુટુંબને બદલે સાઇબિરના પ્રદેશ પર કેન્દ્રિત થયું. એ દિવસોમાં આજની

જેમ યુદ્ધો થતાં નહોતાં. તેમાં યે એ તરફના ધ્રુવપ્રદેશમાં બહાર નીકળવા મળે એવી અનુકૂળ ઋતુનો સમય ઘણો ઓછો, અને એ સમયમાં પણ બાકીના વર્ષ માટે ચાલે એટલો ખોરાક મેળવી લેવાની મુખ્ય પ્રવૃત્તિ બની જતી. એમાં જંગલી રખડુ જાતિઓ એકબીજાના સંપર્કમાં આવે ત્યારે અથવા ક્યારેક છૂપાછવાયા હુમલાઓ કરી પરસ્પર યુદ્ધો ખેલી લેતી. આ રીતે કૉઝૅક ટોળીને સાઇબીરિયાની જાતિઓ પર ચડાઈ કરીને એ પ્રદેશ રશિયાને જીતી આપતાં ઘણાં વર્ષો નીકળી ગયાં.

એમનું કાર્ય આ રીતે સિદ્ધ થઈ ગયું હતું અને રશિયામાં હવે તેમને માનભેર સ્થાન મળવાનું હતું. પરંતુ એક વખત વિજયનો સ્વાદ ચાખ્યા પછી યેરમાક અને એના સાથીદારોને જલદી પાછા ફરવાનું મન થયું નહિ. તેમનામાં રખડવાની અને નવાં પરાક્રમો કરવાની વૃત્તિ પ્રબળ બનતી હતી. એટલે તેઓ ત્યાંથી પૂર્વ દિશામાં સ્થળેસ્થળે પોતાની સત્તા જમાવતા આગળ વધવા લાગ્યા. રશિયા પાછા જવાની વાત તો બાજુ પર રહી ગઈ, પરંતુ સાઈબીરિયાનો પ્રદેશ પોતે જીતી આપ્યો છે એટલું રાજાને જણાવવાની પણ કોને પડી હતી? જેમ વર્ષો પસાર થતાં જતાં હતાં તેમ તેમનાં કુટુંબોમાં કેટલાંક નવાં બાળકો જન્મતાં જતાં હતાં અને વૃદ્ધો અવસાન પામતા હતા. પૂર્વ તરફ જેમજેમ તેઓ આગળ જતા હતા તેમ તેમ આગળનો વધારે સમૃદ્ધ પ્રદેશ જોવાની અને જીતવાની મહત્ત્વાકાંક્ષા એ બહાદુર અને કષ્ટો સહન કરવાની અદ્‌ભુત શક્તિવાળી ટોળીની વધતી જતી હતી, તે એટલે સુધી કે માર્ગમાં યેરમાકનું અવસાન થયું તો પણ એ ટોળી તો આગળ વધ્યે જ ગઈ.

આ રીતે બેચાર વર્ષ નહિ પણ કેટલી યે પેઢીઓ પસાર થઈ ગઈ. છતાં આ ટોળી પાછી ફરી જ નહિ. પેઢી દર પેઢી ધીમેધીમે એક સ્થળેથી બીજે સ્થળે વસવાટ કરતીકરતી આગળ વધતી, પર્વતો, જંગલો, નદીનાળાંઓ ઓળંગતી, શિકાર કરી ગુજરાન ચલાવતી, ચરબી, ચામડાં, દંતૂશળ વગેરે એકઠાં કરતી અને જંગલી જાતિઓ સાથે વારંવાર યુદ્ધો કરી વિજય મેળવતી આ ટોળી હજારો માઇલ દૂર નીકળી ગઈ. રાજાને રાજ્ય જીતી આપવા માટે તેઓ નીકળ્યા છે એટલું જ વંશપરંપરાથી મળેલું તેમનું ધ્યેય હતું. ઈ.સ. ૧૬૯૭માં જ્યારે તેઓ રશિયાના લગભગ બીજા છેડે કામચાતકામાં આવી પહોંચ્યા ત્યારે ત્યાં તેમણે વિશાળ સમુદ્ર જોયો. એ ઓળંગીને આગળ જવું હવે તેમને માટે શક્ય નહોતું. તેમની જાતિનો હવે એટલો વિસ્તાર થયો હતો કે તેમને બધાને પાછા ફરવાની ઇચ્છા નહોતી. એટલે કેટલાક માણસોએ પોતાના એક સરદાર સાથે રાજા પીટર પાસે આવીને મેળવેલી સિદ્ધિની રાજાને જાણ કરી.

પીટરે પૂછ્યું, 'તમે કેવી રીતે આ બધો પ્રદેશ કબજે કર્યો?'

સરદારે કહ્યું, 'અમે ગાઢ જંગલોમાથી માર્ગ કાઢતા, મોટામોટા પર્વતો ચડતા અને ઊતરતા, નદીઓ ઓળંગતા. રસ્તામાં અમારે ઘણાંઘણાં કષ્ટો સહન કરવાં પડ્યાં છે.'

'તમે નદીઓ ઓળંગવા કેવી તૈયારી કરતા?'

'નદીને કાંઠે મુકામ નાખી અમારામાંના કેટલાક ઝૂંપડાંઓ બાંધવામાં રોકાતા; કેટલાક મોટાં સપાટ હોડકાં બનાવવામાં રોકાતા. એ પછી બધા સામે કાંઠે જઈ મુકામ નાખતા અને પછી આગળ વધતા.'

'એ પ્રદેશની આબોહવા કેવી છે?'

'નદીઓમાં વરસના બાર મહિનામાંથી નવ મહિના તો કેવળ બસ ચોખ્ખો બરફ જ રહે છે.'

'ત્યાં નદીઓ કઈ દિશામાં વહે છે?'

'ઘણીખરી નદીઓ દક્ષિણથી ઉત્તર તરફ વહી હિમસમુદ્રને મળે છે. એક આનાદિર નદી પૂર્વ તરફ વહે છે.'

'ત્યાં શિકાર કેવો મળે છે?'

'એટલો બધો કે એની વાત ન પૂછો.'

'તમે એ બધા પ્રદેશ ઉપર કબજો મેળવ્યો?'

'ના; આનાદિર અને કોલિમા નદી વચ્ચેનો ચુકચી લોકોનો પ્રદેશ અમે કબજે કરી શક્યા નથી.'

'કેટલો મોટો છે એ પ્રદેશ?'

'એની તો અમને ખબર નથી, પણ ત્યાંના જંગલી લોકો પાસેથી સાંભળેલું કે પૂર્વ અને ઉત્તર તરફ ઘણે દૂર સુધી એ પ્રદેશ ફેલાએલો છે.'

'ભલે, બીજું કાંઈ?'

'બીજું તો મહારાજાધિરાજ! અમને હવે તમારા રાજ્યમાં કાયદેસર હક્ક આપો. અને અમે આટલો બધો પ્રદેશ તમને જીતી આપ્યો છે, તો અમને કંઈક જમીન, જાગીર કે ઇલકાબ...'

'જરૂર, જરૂર.'

પોતાના વિસ્તરેલા રાજ્યને કલ્પનાચક્ષુ વડે નિહાળવામાં આનંદમગ્ન બનેલા રાજા પીટરની મહત્ત્વાકાંક્ષા જાગૃત થઇ. ઈશાન દિશા તરફનો નહિ જિતાએલો ચુકચીનો પ્રદેશ એની લુબ્ધ નજરને ખૂચવા લાગ્યો. એટલો પ્રદેશ જો મળી જાય તો તો પોતાનું રાજ્ય ઠેઠ...ક્યાં સુધી?...પૃથ્વી જો ગોળ હોય તો કદાચ રાજ્યનો એ છેડો અમેરિકા ખંડ સાથે તો નહિ જોડાએલો હોય ને? રાજા પીટર, આમ, પૃથ્વીના અડધા ઘેરાવા પર પોતાનું સામ્રાજ્ય ફેલાએલું જોવાનું મહાસ્વપ્ન સેવી રહ્યો. ચુકચીનો પ્રદેશ કેટલો છે અને અમેરિકા સાથે એ જોડાએલો છે કે નહિ એ જોવા માટે એણે ગુપ્ત રીતે બે માણસોને મોકલ્યા. પરંતુ એ જમાનામાં એકલદોકલ માણસ માટે સેંકડો માઇલોનો જંગલો, પર્વતો અને નદીનાળાંઓનો નિર્જન પ્રદેશ ઓળંગીને જવું અને જીવતા પાછા આવવું એ લગભગ અશક્ય નહિ, તો અત્યંતાધિક અઘરું તો હતું જ. પીટરે મોકલેલા માણસો પાછા આવ્યા જ નહિ.

આ રીતે તપાસ કરવાનું કાર્ય નાનુંસૂનું નથી એ પીટર અને એના રાજદ્વારી સલાહકારોને સમજાઈ ગયું. એ માટે મોટા પાયા પર વિશાળ યોજના કરી સાહસિકોને મોકલવાની જરૂર હતી. રાજા પીટર એ માટે જોઇએ તેટલાં નાણાં ખર્ચવા તૈયાર હતો. આ ભગીરથ કાર્ય માટે ભગીરથ યોજના કરવામાં આવી. સાહસિકોની એક મોટી ટુકડી મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. રશિયામાં આટલી મોટી ટુકડી આ અગાઉ ક્યારે ય મોકલવામાં આવી નહોતી.

આ ટુકડીની સરદારી વિટસ બેરિંગને સોંપવામાં આવી. બેરિંગ રશિયાનો નહિ, પણ ડેન્માર્કનો વતની હતો. છેલ્લાં વીસ વર્ષથી રશિયાના નૌકાખાતામાં એ નોકરી કરતો હતો. હવે એણે રશિયાને જ પોતાનું વતન બનાવી દીધું હતું. એ યુવાન અને સાહસિક વૃત્તિવાળો હતો. એણે ઘણી દરિયાઈ સફરો કરી હતી. સાહસિક શોધસફરની તક એ કદી ગુમાવતો નહિ. નૌકાખાતામાં વીસ વર્ષની નોકરીમાં એણે અસાધારણ પ્રગતિ કરી હતી. પોતાના સાથીદારોમાં અને પોતાના હાથ નીચેના માણસોમાં એ ઘણો જ પ્રિય હતો. બેરિંગ સાથે માર્ટિન સ્પેન્બર્ગ અને એલેક્સી ચિરિકૉવ નામના એના બે સાથીદારો હતા. આ ટુકડીમાં નોકરચાકર, કારીગરો, ખલાસીઓ ઉપરાંત બીજા પચીસ માણસો લેવામાં આવ્યા હતા. સફર માટે તેમને પાર વગરની સાધનસામગ્રી આપવામાં આવી હતી, ને એ ઊંચકી જવા માટે બસો ઘોડાઓ તેમને આપવામાં આવ્યા હતા.

ઈ.સ. ૧૭૨૫ના જાન્યુઆરીમાં બેરિંગે પીટર્સબર્ગ (હાલનું લેનિનગ્રાડ) છોડયું. ત્રણ હજાર માઈલની સાહસિક મુસાફરી કરીને એને ફક્ત એટલી તપાસ કરવાની હતી કે એશિયા અને અમેરિકા એ બે ખંડો જોડાએલા છે કે નહિ. પીટર્સબર્ગથી યાકુત્સ્ક સુધી તેઓ ઉનાળો શરૂ

થતાં સુધીમાં પહોંચી ગયા. આટલું અંતર કાપવામાં તેમને ઘણો શ્રમ પડયો. માર્ગમાં સ્થળેસ્થળે નાનીનાની નદીઓ આવતી. એ ઓળંગવા માટે એમને દિવસોનો મુકામ નાખવો પડતો. પ્રથમ તેઓ મોટાં હોડકાંઓ બનાવવામાં રોકાતા. ઘોડા પરથી બધો સામાન ઉતારી હોડકાંમાં ભરવામાં આવતો, ને સામે કાંઠે પહોંચ્યા પછી હોડકાંમાંથી સામાન ઉતારી ફરી ઘોડાઓ પર ચડાવી બાંધવો પડતો.

યાકુત્સ્કથી તેમણે ઓખોત્સ્કની દિશા પકડી. સાતસો માઇલનું આ અંતર કાપતાં તેમને એથી યે વધારે મુશ્કેલી પડવા લાગી. માર્ગમાં અનેક ઊંચાઊંચા પહાડો, નદીઓ, જંગલો અને લીલ તથા કાદવવાળા પ્રદેશો તેમને ઓળંગવા પડતા અને તેમાં જ તેમની ઘણી શક્તિ હરાઈ જતી. અંતર ઝડપથી કપાય એ માટે તેઓ પોતાના સુથારોને આગળ મોકલી દેતા. તેઓ જ્યાં નદી આવતી ત્યાં મુકામ નાખી હોડકાંઓ બનાવવા લાગી જતા. દરમિયાન બેરિંગ બસો ઘોડાઓ અને કેટલાક માણસો સાથે નીકળતો, અને ત્યાર પછી સ્પેનબર્ગ મુખ્ય માણસો અને મહત્ત્વની સાધનસામગ્રી સાથે નીકળતો. આ મુસાફરીમાં જેમ-જેમ શિયાળો શરૂ થતો ગયો તેમતેમ ઠંડી અસહ્ય પડવા લાગી. એની અસર ઘોડાઓનાં શરીર પર ઘણી માઠી થવા લાગી. દિવસેદિવસે ઘોડાઓ મરવા લાગ્યા. થોડા દિવસોમાં તો તેમના અડધા કરતાં યે વધારે ઘોડા મૃત્યુ પામ્યા. આથી તેમને ઘણો સામાન રસ્તામાં જ છોડી દેવો પડયો, અને બાકીનો સામાન પણ, શિયાળામાં નદીઓ જ્યાં ઠરી ગઈ હતી ત્યાં, બરફગાડીમાં નાખી હાથે ખેંચવો પડતો. વળી, રસ્તામાં શિકાર પણ ઓછો મળવા લાગ્યો. એટલે તેમના પોતાના શરીર પણ અસર થવા લાગી. તેમની ગતિ મંદ પડી ગઈ. શક્તિહીન બનેલા માણસો માર્ગમાં બેસી ગયા. બેએક માણસોનાં અવસાન થયાં. અસહ્ય ભૂખને લીધે, જ્યારે શિકાર ન મળે ત્યારે તેઓ પોતાના બૂટનું ચામડું કરડીને ભૂખ સંતોષવાનો પ્રયત્ન કરતા. હેરાનપરેશાન થતા થતા તેઓ ઘણે દિવસે ઓખોત્સ્ક આવી પહોંચ્યા.

અહીંથી હવે તેમને કામચાત્કા પહોંચવાનું હતું. જમીનમાર્ગે એ રસ્તો ઘણો લાંબો હતો અને માર્ગમાં ઘણાં વિઘ્નો આવતાં હતાં. સમુદ્રમાર્ગે અંતર ઓછું હતું અને સફર સરળ હતી. એટલે ઓખોત્સ્ક આવીને તેમના સુથારો સમુદ્રની સફરને માટે યોગ્ય એવાં બે વહાણ બનાવવાના કામમાં રોકાઈ ગયા. ઘણા દિવસે બે વહાણ તૈયાર થયાં. એકનું નામ રાખવામાં આવ્યું 'ફૉર્ચ્યુન' અને બીજાનું નામ રાખવામાં આવ્યું 'સેંટ ગેબ્રિયેલ'. બીજું વહાણ બની રહ્યું હતું તે દરમિયાન 'ફૉર્ચ્યુન' કામચાત્કા સુધીની સફર કરીને પાછું આવ્યું અને એ દરિયાઈ માર્ગની સરળતાની તેમજ કામચાત્કાની પૂર્વે અને ઈશાન દિશામાં આવેલા ખુલ્લા સમુદ્રની એણે માહિતી આપી.

આ સમય દરમિયાન બીજું વહાણ તૈયાર થયું અને તેમાં એક વર્ષ ચાલે એટલી ખાધાખોરાકી ભરવામાં આવી. અહીંથી હવે તેમને આગળ શોધસફર માટે ઊપડવાનું હતું. પરંતુ એ માટેની આટલી પૂર્વ-તૈયારીમાં પૂરાં ત્રણ વર્ષ પસાર થઈ ગયાં હતાં. એ ત્રણ વર્ષ દરમિયાન કરેલ મુસાફરી અને શ્રમનો તેમને અતિશય થાક લાગ્યો હતો. એટલે શોધસફર માટેનો તેમનો ઉત્સાહ મંદ પડી ગયો હતો.

'સેંટ ગેબ્રિયેલ' વહાણ તૈયાર થતાં બેરિંગ કેટલાક સાથીદારો સાથે એમાં કિનારેકિનારે ઉત્તર તરફ ઊપડયો. એ સમયે ઑગસ્ટ મહિનો ચાલતો હતો. એથી સુસવાટાભર્યો પવન જોરજોરથી વાતો હતો અને ચોપાસ ગાઢ ધુમ્મસ વારંવાર છવાઈ જતું હતું. કેટલેક દિવસે બેરિંગનું વહાણ આનાદિર નદીની ખાડીમાં આવી પહોંચ્યું. અહીં ચુકચીના પ્રદેશમાં તેઓ આવી પહોંચ્યા હતા. તેમણે પોતાનું વહાણ જ્યારે કિનારે નાંગર્યું ત્યારે તેમને જોવામળવાને એક હોડકામાં ચુકચી લોકો વહાણ સુધી આવી પહોંચ્યા. બેરિંગની ઇચ્છા તેમની સાથે વાતો કરી એ પ્રદેશની માહિતી મેળવવાની હતી. પરંતુ તેમની ભાષા જુદી-જુદી હતી અને તેમની સાથે જે દુભાષિયો હતો તે તેમને બરાબર સમજાવી શક્યો નહિ. એટલામાં એક ચુકચી તરતોતરતો બેરિંગના વહાણ પર આવ્યો. એણે દુભાષિયા મારફત અને હાથની ભિન્નભિન્ન આકૃતિઓ વડે તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો. આવી ભાંગીતૂટી ભાષામાં એ માણસે જે કહ્યું તે પ્રમાણે બેરિંગે સમજવાનો પ્રયત્ન કર્યો. એની વાતચીતની મતલબ એ હતી કે તેમના દેશની આસપાસ સમુદ્ર છે, રેતીના મોટા તટ છે. ત્યાં આગળ બે ઉપસાગર બને છે. મોટો ઉપસાગર કોલિમા નદીના મુખ આગળ છે. ત્યાં આગળ સમુદ્રમાં બારે માસ બરફ રહે છે. તેણે કહ્યું કે તેઓ ઘણી વાર હરણગાડીમાં ત્યાં જાય છે. વળી, સમુદ્રમાં બીજો એક ટાપુ જેવો પ્રદેશ પણ આવેલો છે અને ત્યાં કેટલાક માણસો પણ રહેતા હોય એમ લાગે છે.

બેરિંગને તો સમુદ્રમાં આવેલા આ ટાપુ વિશે જાણવું હતું. એ જ અમેરિકાનો છેડો છે કે નહિ તેની એને ખાતરી કરવી હતી. તેઓ એ ટાપુની દિશામાં ગયા. પરંતુ સમુદ્રમાં ધુમ્મસ ખૂબ છવાઈ ગયું હતું અને બેરિંગ પોતે પણ અતિશય થાકી ગયો હતો. એણે ચુકચીની વાત સાચી ધારી લીધી અને રાજા પીટરે સોંપેલું પોતાનું કાર્ય પૂરું થઈ ગયું એમ માની લીધું. બેરિંગના સાથીદાર ચિરિકોવે સમુદ્રમાં બરફ ન હોય ત્યાં સુધી આગળ જવાની અને કંઇક વધારે માહિતી મેળવવાની ઇચ્છા વ્યક્ત કરી. પરંતુ બેરિંગ, સ્પેનબર્ગ અને બીજા ઘણા માણસોને ખૂબ જ થાક લાગ્યો હતો. વળી શિયાળો પણ પાસે આવી પહોંચ્યો હતો. એટલે વેળાસર જો પાછા ફરવામાં ન આવે તો ક્યાંક અજાણ્યા સ્થળે શિયાળાની લાંબી રાતમાં સપડાઇ જવાની બીક હતી. એટલે તેઓ કામચાત્કા તરફ પાછા ફરવા લાગ્યા.

દુર્ભાગ્યે એ દિવસે ધુમ્મસ છવાએલું હતું. જો વાતાવરણ ચોખ્ખું હોત અને બેરિંગે થોડા કલાક પોતાની સફર આગળ ચાલુ રાખી હોત તો એશિયા અને અમેરિકા બંને ખંડોનો કિનારો કેટલો નજીકનજીક આવેલો છે એ તે જોઈ શક્યો હોત. પાછા ફરતાં બેરિંગે રસ્તામાં એક નાનકડો ટાપુ જોયો. તેનું નામ એણે 'ડિયોમેડી' રાખ્યું. અહીંના જંગલી લોકો હોઠમાં કાણું પાડી તેમાં હાડકાનાં ઘરેણાં પહેરતા હતા.

કામચાત્કા આવીને બેરિંગે પોતાની ટુકડી સાથે શિયાળો પસાર કર્યો. ત્યાર પછી ત્યાંના સ્થાનિક રહેવાસીઓ સાથેની કેટલીક વાતચીત પરથી બેરિંગને માલૂમ પડયું કે પૂર્વ તરફ મોટો પ્રદેશ આવેલો છે. એટલે એ પોતાનું વહાણ લઇને એ દિશા તરફ ઊપડયો. કેટલાક દિવસની સતત સફર પછી પણ જ્યારે તેને એવો કોઈ જમીનનો ભાગ જોવા મળ્યો નહિ ત્યારે એ પાછો ફર્યો. ફરી દુર્ભાગ્યે બેરિંગ માત્ર થોડા અંતરને લીધે જ અમેરિકાનો ખંડ જોઈ શક્યો નહિ. જો એણે પોતાની સફર લંબાવી હોત તો જરૂર એ અમેરિકાને કિનારે પહોંચી શક્યો હોત. પરંતુ ચાર વર્ષની સતત રખડપટ્ટીને લીધે બેરિંગના સ્વભાવમાં અધીરાઈ અને ઉતાવળિયાપણું, બેદરકારી અને નિરુત્સાહ આવી ગયાં હતાં. જે કામ માટે એમણે આટલા લાંબા વખત સુધી આટઆટલો શ્રમ લીધો હતો એ કામ, યોગ્ય વખતે જ બેરિંગે કેટલા અલ્પ સમયમાં અને કેવી બેદરકારીભરી ઉતાવળથી પતાવી દીધું!

ઘેરથી નીકળ્યા પછી બરાબર પાંચ વર્ષે બેરિંગ પોતાની ટુકડી સાથે પીટર્સબર્ગ આવી પહોંચ્યો. એણે પીટર્સબર્ગ છોડયા પછી છ મહિને, ઈ. સ. ૧૭૨૫માં રાજા પીટર અવસાન પામ્યો હતો. રાણી એન તે વખતે રશિયા પર રાજ્ય કરતી હતી. (અનુસંધાન પૃષ્ઠ ૯૫ ઉપર)

વસંતઋતુમાં આરોગ્ય કેમ સાચવવું?

લેખક · લાભશંકર ઠાકર

આયુર્વેદશાસ્ત્રમાં એ વિષે આપેલી માહિતી આપતો ઉપયોગી લેખ.

આયુર્વેદમાં વર્ષની છ ઋતુઓના બે વર્ગ પાડવામાં આવ્યા છે. એક વર્ગને ઉત્તરાયણ અથવા આદાનકાલ અને બીજા વર્ગને દક્ષિણાયન અથવા વિસર્ગકાલ કહેવામાં આવે છે. વર્ષમાં છ માસ સૂર્ય ઉત્તરમાં હોય છે ત્યારે ક્રમશઃ એનું બળ અર્થાત્ અગ્નિ વધતો જાય છે અને પરિણામે જગતનો સ્નેહભાગ શોષાય છે. વાયુ પણ આ સમયે તીવ્ર અને રુક્ષ થાય છે. આથી તિક્ત (કડવો), કષાય (તૂરો) અને કટુ (તીખો) એ ત્રણ રુક્ષ રસોની વૃદ્ધિ થાય છે. આ બધાં કારણોથી આદાનકાલમાં મનુષ્યોનું બલ ઓછું થાય છે. વર્ષમાં છ માસ સૂર્ય દક્ષિણ દિશા તરફ રહે છે ત્યારે ક્રમશઃ સૂર્યનો તાપ ઓછો થતો જાય છે. મેઘાચ્છાદિત વર્ષામાં પૃથ્વી પર શીતળતા રહે છે. અને વરસાદ એ શીતળતામાં વૃદ્ધિ કરે છે. પવન પણ અતિ રુક્ષ નથી હોતો. આથી અરુક્ષ અર્થાત્ સ્નિગ્ધ એવા રસો—અમ્લ (ખાટા), લવણ (ખારા) અને મધુર (મીઠા) રસની વૃદ્ધિ થાય છે. પરિણામે દક્ષિણાયન અથવા વિસર્ગકાલમાં પ્રાણીઓમાં યથાક્રમ બલવૃદ્ધિ થાય છે.

આદાનકાલમાં શિશિર, વસંત અને ગ્રીષ્મ એ ત્રણની તથા વિસર્ગકાલમાં વર્ષા, શરદ અને હેમન્ત એ ત્રણ ઋતુઓની ગણતરી કરવામાં આવી છે. આટલી પ્રાથમિક ભૂમિકા પછી હવે આપણે આયુર્વેદોક્ત વસંત-ચર્યાનો પરિચય કરીએ.

વસંત એ આદાનકાલની ઋતુ છે. આદાનકાલમાં મનુષ્યોનું બળ ક્રમશઃ ઓછું થાય છે. વસંતનું સ્થાન આદાનકાલની મધ્યમાં હોઇ મનુષ્યોનું બળ આ ઋતુમાં મધ્યમ હોય છે.

કફ-પ્રકોપ

વસંત ઋતુમાં આહારવિહાર પર ધ્યાન આપવામાં ન આવે તો કફનો પ્રકોપ થઈ તજ્જન્ય વ્યાધિઓના ભોગ બનવાની પૂરેપૂરી શક્યતા છે. હેમંત ઋતુમાં ઠંડીને લઈ કફનો સંચય થતો હોય છે. વળી હેમંતમાં જઠરાગ્નિ પ્રબળ હોય છે અને એને અનુરૂપ ગુરુ, સ્નિગ્ધ, મધુર અને અમ્લ પદાર્થોનું સેવન કરવાથી પણ કફસંચય થયો હોય છે. હેમંત અને શિશિરમાં સંચિત થએલો કફ શીતતાને લઇને પ્રકુપિત થતો નથી પણ વસંતમાં સૂર્યનો તાપ વધવાથી સંચિત થએલો કફ પીગળીને સ્થાન-ભ્રષ્ટ થઈ જઠરાગ્નિને બુઝાવી દે છે તથા શરીરના સર્વ સ્રોતોમાં વ્યાપી જઈ શરીરને રોગી બનાવે છે. સંચિત દોષ પોતાનું સ્થાન છોડી દઈ શરીરમાં ફરી વળે તેનું નામ દોષનો પ્રકોપ. દોષના પ્રકોપ પછી જ વ્યાધિ ઉત્પન્ન થાય છે. આથી પ્રકોપ થાય તે પહેલાં જો સંચિત થએલા દોષને શમાવી દેવામાં આવે તો શરીરનું સ્વાસ્થ્ય જળવાઇ રહે છે.

સંચિત થએલા કફની વૃદ્ધિ અને પ્રકોપ ન થાય એટલા માટે આચાર્ય વાગ્ભટ નીચે મુજબ આજ્ઞા કરે છે:

गुरुशीतदिवास्वप्नस्निग्धाम्लमधुरांस्त्यजेत् ।

વસંત ઋતુમાં ગુરુ તથા શીતલ પદાર્થ, દિવાસ્વપ્ન (દિવસે સૂવું), અને સ્નિગ્ધ, અમ્લ અને મધુર પદાર્થોનો ત્યાગ કરવો.

ગુરુ, શીતલ અને સ્નિગ્ધ પદાર્થો કફની વૃદ્ધિ કરે છે તથા અમ્લ અને મધુર રસ જે પદાર્થોમાં પ્રધાન હોય એ પદાર્થો પણ કફવર્ધક છે. એટલે એનો તથા દિવાસ્વપ્ન કફવર્ધક હોવાથી તેનો પણ નિષેધ છે.

આ ઋતુમાં કફને ઓછો કરે એવા રસો અને પદાર્થોનું સેવન કરવું જોઇએ. કષાય (તૂરા), તિક્ત (કડવા) અને કટુ (તીખા) એ ત્રણ રુક્ષ રસોનું સેવન ઉપર્યુક્ત દૃષ્ટિએ હિતાવહ છે. લઘુ સૂક્ષ્મ અને ઉષ્ણ પદાર્થોના સેવનથી પણ કફની શાંતિ થાય છે એટલે એવા પદાર્થોનો આહારમાં ઉપયોગ કરવો.

નિત્ય વ્યાયામ અને શરીરશ્રમ કફનો નાશ કરનાર છે, એટલે યથા-શક્તિ શરીરશ્રમ કરવો. 'वसन्ते भ्रमणं पथ्यम् ।' વસંત ઋતુમાં પરિભ્રમણ પથ્ય છે કારણ કે એથી શરીર શ્રમિત થતું હોઇ કફનો નાશ થાય છે. આ ઋતુમાં ગેડી-દડાની રમત ગામડાંઓમાં રમાય છે. જોકે હવે એ લુપ્તપ્રાયઃ થતી જાય છે. વળી હોળીના ઉત્સવ નિમિત્તે જંગલમાં રખડપટ્ટી કરતા અને લાકડાં એકઠાં કરતા ઉત્સાહી કિશોરો કે જુવાનો પણ આ યુગમાં હવે રહ્યા નથી. અગ્નિથી પ્રજ્વલિત થએલી મહાકાય હોલિકાની આજુબાજુ ફેરા ફરવાથી સંચિત થએલો કફ દૂર થાય છે. પણ આપણા જીવનમાંથી આ બધા ઉત્સવો દિવસે દિવસે ભૂંસાતા જાય છે. (અને એ ઉત્સવોની અવેજીમાં બીજા ઉત્સવો કે કાર્યક્રમો જ્યાં સુધી નહીં આપી શકીએ, ત્યાં સુધી ગમે તે બહાના હેઠળ વિદ્યાર્થીઓની અને જુવાનોની ભાંગફોડની પ્રવૃત્તિઓ, ટોળાંનાં તોફાનો થયાં કરે એમાં શી નવાઈ?) આના અનુસંધાનમાં, આજથી ૪૦ વર્ષ પર પુરાણી ભાઇઓએ ગુજરાતનાં બધાં મુખ્ય ગામોમાં અખાડાપ્રવૃત્તિની સાથેસાથે જે વસંતઋતુનાં 'ઘેર મંડળ' કાઢેલાં તેનું સ્મરણ થાય છે. એમાં શરીરસ્વાસ્થ્ય-પ્રવૃત્તિ ઉપરાંત ગ્રંથવાચન, ચર્ચાસભાઓ, વ્યક્તિગત સંપર્કો, સાત્ત્વિક પ્રવૃત્તિઓ, મરદાની રમતો તથા પર્યટનો ઉપરાંત હોળીના દિવસોમાં પ્રસન્ન-પ્રફુલ્લ તરુણોનાં ટોળાં રંગગુલાલથી મંડિત દેહ વડે શહેરની શેરી મહોલ્લા તથા 'ચોકચૌટા'માં પ્રોત્સાહક ગીતો ગાતા તથા વ્યાયામના ખેલો કરતા ફરતા.

વસંતમાં જવનો તથા ઘઉંનો ખોરાક જમવો यवगोधूमभोजनः, એમ આચાર્ય ચરક સૂચવે છે, એ આમ તો વિચિત્ર લાગે તેમ છે; કારણ કે બંને ગુરુ અને શીત ગુણવાળા હોઈ કફની વૃદ્ધિ કરનાર છે. પણ આ વિરોધનો પરિહાર આચાર્ય ચરકમાંથી જ મળી રહે છે. તેઓ શ્લોક-સ્થાનમાં એક જગ્યાએ કહે છે: જૂનું મધ, જૂના જવ અને જૂના ઘઉં મધુર હોવા છતાં કફ કરતા નથી. અર્થાત્ વસંત ઋતુમાં નવા ધાન્યનો ઉપયોગ કરવો નહિ. એક વર્ષ પછી અનાજ જૂનું ગણાય છે અને પોતાના ગૌરવનો ત્યાગ કરે છે. આથી જૂના અનાજમાં કફવર્ધક ગુણ રહેતો નથી.

ધાણી-ચણા

કાળબળે ઘઉં વગેરે લઘુ બને છે તેમ સંસ્કારબળે પણ તેમને લઘુ બનાવી શકાય છે. ઘઉં, જુવાર વગેરેને શેકીને તેમની ધાણી બનાવવાથી એ દ્રવ્યોનું ગૌરવ ચાલ્યું જાય છે. વળી શેકાવાથી એમાંનો સ્નેહભાગ નાશ પામી રુક્ષતા આવે છે. આથી શેકેલા ધાણી-ચણાનો ઉપયોગ આ ઋતુમાં હિતકર છે. હોલિકોત્સવમાં ધાણી ચણા ખાવાની રૂઢિ શાસ્ત્રશુદ્ધ છે. પણ તે એ જ દિવસ પૂરતાં મર્યાદિત ન રાખતાં આખી વસંત ઋતુ દરમ્યાન નાસ્તા તરીકે એનો ઉપયોગ કરવો જોઇએ.

મધ

મધનો ઉપયોગ પણ આ ઋતુમાં હિતકર છે. જૂનું અને સારું મધ ખોરાક સાથે લેવું. ભાખરી અને રોટલી સાથે મધનો આહાર તરીકે પણ ઉપયોગ કરી શકાય. મધ શ્રેષ્ઠ કફશામક છે.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા 'આહાર અને આરોગ્ય'નો ત્રીજો હપતો

ગરમી શક્તિ અને ઉષ્ણતા

જિંદગીની દરેક ક્ષણે શક્તિનો વ્યય થાય છે. આપણે જે કાંઈ ખોરાક ખાઇએ છીએ તેનું પાચન અને શોષણ થયાં બાદ તેમાં સમાએલી રાસાયણિક શક્તિ વ્યયાત્મક (expendable) રૂપોમાં છૂટી થાય છે. શરીર મોટા ભાગના ખોરાકને ઇંધન તરીકે બાળીને વાપરે છે. આ સમજાવવા માટે રલવે-એન્જિનનો દાખલો આપવામાં આવે છે, પણ શરીર એ કંઇ હીટ-એન્જિન નથી. તે આહારની શક્તિનું કોઇ સીધી રીતે રૂપાંતર કરે છે, જેથી ગરમી એ શરીરની કામગીરીઓનું સાધન બનતી નથી, પણ તેની આડપેદાશ બને છે; એટલે કે શરીરનાં આંતરિક અને બાહ્ય કાર્યો માટે વપરાતી બધી શક્તિ શરીરમાંથી છૂટતાં પહેલાં કે તે વખતે ગરમીમાં રૂપાંતરિત થાય છે.


શરીરની શક્તિની જરૂરિયાત મુજબ આહારનું પ્રમાણ હોવું જોઇએ. બીજી રીતે કહીએ તો આહારમાંથી શક્તિ પેદા થાય છે. અને જો આહાર અપૂરતો હોય તો શક્તિની જરૂરિયાતો પૂરી પાડવા માટે શરીર પોતાનાં દ્રવ્યો 'બાળે' છે. માટે આહારનું પ્રમાણ એટલું હોવું જોઇએ કે જેથી શરીરની શક્તિની જરૂરિયાતો પૂરી પડે. આ જરૂરિયાતોનું પ્રમાણ જાણવા માટે ઉષ્ણાંકનું માપ વાપરવામાં આવે છે:

એક કિલોગ્રામ (એટલે ૨·૨ રતલ) પાણીને એક અંશ સેન્ટિગ્રેડ ગરમ કરવા માટે જેટલી ગરમી વપરાય તેને એક કિલોકૅલરી અથવા એક ઉષ્ણાંક કહેવાય છે. આહારશાસ્ત્રમાં આ કિલોકૅલરીનું માપ એકમ તરીકે વપરાય છે. એને ટૂંકામાં કૅલરી (ઉષ્ણાંક) કહેવાય છે, અને અંગ્રેજી ભાષાના પુસ્તકોમાં ટૂંકામા c અક્ષર લખી ઓળખાવાય છે.


શરીરની શક્તિનો વ્યય અને એથી ઊભી થએલી તેની જરૂરિયાત જાણવી શી રીતે? આ માટે આહારશાસ્ત્રીઓએ પ્રયોગો કરી કેટલાંક તારણો કાઢ્યાં છે. એને આધારે કહેવાય કે સરાસરી કદનો પુખ્ત વયનો તંદુરસ્ત માણસ ખુરશીમાં આરામમાં બેઠેલો હોય ત્યારે દર કલાકે ૧૦૦ ઉષ્ણાંક શક્તિનો વ્યય કરે છે. આ વ્યય શરીરની મૂળભૂત જીવન-ક્રિયામાં થાય છે. શરીરનું કદ, ઉમર અને કામગીરી અનુસાર શરીરની શક્તિની જરૂરિયાતોમાં ફેર પડે છે. વળી શરીરનો બાંધો અને વસવાટની પરિસ્થિતિની પણ મોટી અસર પડે છે. એટલે કોઈ પણ વ્યક્તિની શક્તિની જરૂરિયાતની ગણતરી માટે પ્રથમ તો આરામમાં થતો શક્તિનો વ્યય ધ્યાનમાં રાખી તેમાં તેની કામગીરી અનુસાર આવશ્યક શક્તિની જરૂરિયાતો ઉમેરવાની છે.

જાગતા અને નિશ્ચેષ્ટ પડી રહેલા સરાસરી કદના માણસની મૂળભૂત જીવનક્રિયાનો દર, દર કલાકે ૭૦ ઉષ્ણાંક હોવાની અગર તો દર કિલોગ્રામ (એટલે ૨·૨ રતલ) વજને દર કલાકે એક ઉષ્ણાંકની ગણતરી કરવામાં આવેલી છે. આ તો જાગતાં સ્ત્રી-પુરુષના શક્તિના વ્યયનો ઓછામાં ઓછો દર છે. નિદ્રા દરમિયાન શક્તિનો વ્યય આથી પણ ઓછો, તો બેસતાં આનાથી વધારે અને ઊભા રહેતાં એનાથી પણ વધારે થાય છે. એટલે સામાન્ય માણસ ફાવે તેટલું બેઠાડુ જીવન ગુજારતો હોય તો પણ મૂળભૂત જીવનક્રિયા માટે શક્તિની ચોવીસ કલાકની તેની ઓછામાં ઓછી જરૂરિયાત લગભગ ૧૮૦૦ ઉષ્ણાંકની છે. શરીરની શક્તિની માંગનો આ અનિવાર્ય ઓછામાં ઓછો (irreducible minimum) દર છે. રોજિંદા કામકાજ માટે આ દર કરતાં વધુકી શક્તિ મેળવવાની છે. શક્તિના વ્યયનો મૂળભૂત દર અપવાસથી પણ જાળવી શકાય છે. ખાવાથી ગરમીનું પ્રમાણ વધે છે. ખોરાકની જાત અને પ્રમાણ ઉપર

કોઈ પણ માણસ નિશ્ચેષ્ટ પડી કે બેસી રહેતું નથી ઘરમાં અને બહાર તે હરફર કરે છે. તેમજ વધારે કે ઓછી મહેનતનું કામ કરે છે. આ મુજબ એની શક્તિનો વ્યય થાય છે. કામકાજ અનુસાર દર કલાકની ઉષ્ણાંકની જરૂરિયાત આ પ્રમાણે છે.



ઊંઘવું ૬૫ ઉષ્ણાંક | નિરાંતે બેસવુ ૧૦૦ | વાચતા બેસવું કે નિરાંતે ઊભવુ ૧૦૫ | સજાગ ઊભવુ ૧૧૫ | ધીરે ચાલવુ ૨૦૦ | સાધારણ ઝડપ ૩૦૦



જરા વધુ ઝડપ ૬૫૦ | દોડવું ૫૭૦ | પગથિયાં ઊતરવાં ૩૬૪ | પગથિયાં ચડવાં ૧૧૦૦ | તરવું ૧૮૦૦ થી ૧૯૦૦ | નાચવું ૩૫૦ | ફૂટબૉલ રમવુ ૧૨૦૦

આનો આધાર છે. વધારે કે ઓછા વજનવાળા માણસને વધ રે કે ઓછા ઉષ્ણાંક જોઇએ. સ્ત્રીઓનું વજન પુરુષની સરખામણીમાં ૪/૫ જેટલું હોય છે, એટલે કદના આ તફાવતને લીધે એમની શક્તિનો વ્યય પણ ઓછો થાય છે. સરખાં વજન અને ઊંચાઈવાળા બિનકસરતી માણસ કરતાં કસરતી માણસની મૂળભૂત જીવનક્રિયા પાંચ ટકા વધારે હોય છે. આ નાનો તફાવત શરીરમાં ઓછીવત્તી રહેલી ચરબી ઉપર છે. મૂળભૂત જરૂરિયાત શરીરના વિસ્તાર ઉપર આધાર રાખે છે, વજન ઉપર નહિ. પાતળા અને ઊંચા માણસની શરીરની સપાટી વધારે હોવાથી એની મૂળભૂત જીવનક્રિયા વધારે છે, આથી તેને વધારે ગરમી જોઇએ છે. આ કારણે તે સરખા વજનવાળા ટૂંકા અને જાડા માણસ કરતાં વધારે ખોરાક ખાય છે. જો સરખા વજનવાળા આવા બે માણસો સરખા પ્રમાણમાં ખોરાક ખાય તો પાતળો માણસ પાતળો બને અને જાડો વધારે જાડો બને. કહેવાનું તાત્પર્ય એટલું કે શરીરના કદ પ્રમાણે ખોરાક વધારે-ઓછો હોવો જોઈએ.

આપણે આગળ જોઈ ગયા કે સરાસરી કદનો ખુરશીમાં બેઠેલો માણસ દર કલાકે ૧૦૦ ઉષ્ણાંક શક્તિનો વ્યય કરે છે. તે જો ઓરડામાં આંટા મારવા માંડે તો શક્તિના વ્યયનું પ્રમાણ બેવડું થાય અને જોસભેર ચાલે તો ત્રણગણું થાય. તંદુરસ્ત માણસમાં માંસપેશીઓની કામગીરી ઉપર શક્તિના વ્યયનો આધાર છે. નાની માંસપેશીઓની વધારે કામગીરી કરતાં, મોટી માંસપેશીઓના માફકસરના વપરાશમાં વધારે શક્તિનો વ્યય થાય છે. ઝડપભેર ટાઇપ કરવા કરતાં ધીમેથી ચાલવામાં દર કલાકે વધારે ઉષ્ણાંકનો વપરાશ થાય છે.

આપણે જોઈ ગયા કે શાંત બેસવામાં દર કલાકે ૧૦૦ ઉષ્ણાંકનો વપરાશ થાય છે. ઊંઘમાં આના કરતાં ૨/૩ ઉષ્ણાંકનો વ્યય થાય છે, અને ઘરમાં સાધારણ હેરફેર કરવામાં આવે તો ૨૪ કલાકમાં ૨૪૦૦–૨૫૦૦ ઉષ્ણાંક વપરાય છે. આમ, કામગીરી અનુસાર ઉષ્ણાંકની જરૂરિયાતમાં તફાવત રહે છે. ગૃહિણી, અમલદાર, કારકુન, શિક્ષક ને ટાઇપિસ્ટના કરતાં સાધારણ વધારે કામ ઉપાડતા દાક્તર, એન્જિનિયર, દરજી, મોચી ને સુથારની જરૂરિયાત વધારે રહે છે. એ જ રીતે ભારે મજૂરી કરનારાની જરૂરિયાત આથી પણ વધુ, એટલે કે ૪૧૦૦થી ૫૦૦૦ ઉષ્ણાંકની રહે છે. માનસિક કામ કરનારની શક્તિનો વ્યય ઓછો છે. બોસ્ટનના ડૉ. બેનિડેક્ટના પ્રયોગથી સાબિત થયું છે કે અડધા કલાકની મગજની કામગીરી માટે અડધી મગફળીમાંની શક્તિ પૂરતી છે.

શરીરની શક્તિનો જેટલો વ્યય થાય એટલા ઉષ્ણાંક ખોરાક લેવો જ રહ્યો. એટલે સાધારણરીતે એમ કહી શકાય કે પુખ્ત વયની વ્યક્તિને રોજ ત્રણ હજાર ઉષ્ણાંક ગરમી આપે એટલો ખોરાક હોવો જરૂરી છે. જ્યારે સ્ત્રીઓને પુરુષો કરતાં ૪/૫ ભાગની જરૂર હોવાથી ૨૪૦૦ ઉષ્ણાંકની જરૂર રહે છે. જે સ્ત્રીઓ ઘરકામ ઉપરાંત કંઈ કામ કરતી હોય તેમની, કુદરતી રીતે, ઉષ્ણાંકની જરૂરિયાત વધે છે.

શરીરથી નવી શક્તિ પેદા થઈ શકતી નથી. તે બહારથી મેળવવાની છે. એટલે તે ખાધેલા ખોરાકમાંથી કે શરીરમાં સંઘરાએલી ચરબીમાંથી પ્રાપ્ત થાય છે. વૉઈટ અને પેટનકૉફરે સાબિત કર્યું છે કે ખોરાકને બહાર બાળતાં પેદા થાય એટલી જ ગરમી શરીરમાં ખોરાકના જ્વલનથી પેદા થાય છે. એટલે ખાદ્ય પદાર્થને ચોક્કસ સંજોગોમાં બાળીને તેમાંથી પ્રાપ્ત થતી ગરમી દ્વારા તેનું શક્તિમૂલ્ય આંકવું શક્ય છે.

ઘણાખરા ખાદ્ય પદાર્થોમાં પાણી હોય છે. તે પદાર્થો પૂરતા પ્રમાણમાં સૂકા હોય તો પણ પૂરા બળતા નથી. બળતો ભાગ સેન્દ્રિય દ્રવ્ય છે, જ્યારે બળતાં બાકી રહેલો ભાગ અચેતન કે ક્ષાર દ્રવ્ય છે. બળતા પદાર્થો ત્રણ જાતના છે. કાર્બોહાઇડ્રેટ (કર્બોદિત), પ્રોટિન (નત્રિલ), અને ચરબી. આ આપણા આહારનાં ઘટકો છે.

કાર્બોહાઇડ્રેટ પદાર્થો બળીને ગરમી ને શક્તિ આપે છે, અગર શરીરમાં સંઘરાય છે, અથવા તેનું ચરબીમાં રૂપાંતર થાય છે. પ્રોટિન શરીરની પેશીઓ બાંધવામાં કે ઘસાએલી પેશીઓની મરામત કરવામાં વપરાય છે, અગર એનો થોડો ભાગ કાર્બોહાઇડ્રેટમાં પરિવર્તન પામી શરીરમાં કાર્બોહાઇડ્રેટની જગ્યાએ વપરાય છે. એક પદાર્થને બીજામાં બદલવાની, તેને બીજાના બદલામાં વાપરવાની ને આ રીતે ખોરાકની કુલ પોષણકિંમત શરીરની શક્તિઓની જરૂરિયાત માટે વાપરી સાધનોની કરકસર કરવાની કાયાની કરામત ઘણી આશ્ચર્યભરી અને અદ્ભુત છે.

ખોરાકને બાળીને તેમાંથી પ્રાપ્ત થતી ગરમી અનુસાર ખોરાકના ઘટકનાં શક્તિમૂલ્ય (energy value) નક્કી કરવામાં આવ્યાં છે. આ અનુસાર એક ગ્રામ (બેઆની ભારનો લગભગ પોણો ભાગ, એક તોલાના ૧૧·૪ ગ્રામ થાય) કાર્બોહાઇડ્રેટમાંથી ૪ ઉષ્ણાંક અને એક રતલમાંથી ૧૮૧૪ ઉષ્ણાંક પ્રાપ્ત થાય છે. પ્રોટિનના એક ગ્રામમાંથી પણ ૪ ઉષ્ણાંક અને એક રતલમાંથી ૧૮૧૪ ઉષ્ણાંક પેદા થાય છે, જ્યારે ચરબીના એક ગ્રામમાંથી ૯ ઉષ્ણાંક અને એક રતલમાંથી ૪૦૮૨ ઉષ્ણાંક પ્રાપ્ત થાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે કાર્બોહાઇડ્રેટ અને પ્રોટિનમાંથી સરખી ગરમી મળે છે, જ્યારે સરખા પ્રમાણની ચરબીમાંથી સવા બે ગણી ગરમી મળે છે. એટલે ચરબી એ સંકેન્દ્રિત (concentrated) ઇંધન છે.

ધ્યાનમાં રાખવું ઘટે કે ઉષ્ણાંક ઉપરથી ખોરાકનું મૂલ્ય તારવવાનું નથી, પણ ખોરાકમાથી પ્રાપ્ત થતી શક્તિ ઉપરથી તે તારવવાનું છે. સરખા પ્રમાણમાં રોટલા-ભાખરી અને ખાંડ લઇએ તો ખાંડમાંથી રોટલા-ભાખરી કરતાં વધારે ઉષ્ણાંક ને ગરમી પ્રાપ્ત થાય ખરી, પણ તેમાં રોટલા-ભાખરી જેટલું પોષણ નથી. વળી પ્રોટિન ને કાર્બોહાઇડ્રેટ સરખા પ્રમાણમાં લેવા છતાં તેમાથી પ્રાપ્ત થતી ગરમીમાં ફેર પડે છે. આ તફાવત ખાદ્ય પદાર્થોનાં પાણી ને ચરબીને આભારી છે. (ચાલુ)

અનુસંધાન] **વિટસ બેરિંગ** [પૃષ્ઠ ૯૨થી

બેરિંગે રાણી એનને પોતાની સફરનો અહેવાલ સુપ્રત કર્યો.

પણ બેરિંગે પોતાના અહેવાલમાં શું જણાવ્યું?

એણે પોતાના અહેવાલમાં માત્ર પીટર્સબર્ગથી કામચાટકા સુધીના માર્ગનો નકશો આપ્યો, એ માર્ગે પોતાની ટુકડીએ કરેલી મુસાફરીના અનુભવોનું બયાન આપ્યું અને એશિયા અને અમેરિકા ખંડ વચ્ચે સમુદ્ર આવેલો છે એવું વિધાન કર્યું.

અને એ વિધાન સાચું છે કે નહિ એની ખાતરી શી?

ખાતરી કંઇ નહિ. એણે માત્ર થોડા ચુકચી લોકોની ભાંગીતૂટી વાત પરથી એવું અનુમાન કર્યું હતું. પોતે અમેરિકા ખંડ જોયો નહોતો.

બેરિંગ જ્યારે પાછો ફર્યો ત્યારે એની શોધ સફરની વાતો સાંભળવા અને એણે મેળવેલી સિદ્ધિની વિગતો જાણવા માટે અનેક લોકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. પરંતુ બેરિંગના અહેવાલની વિગતો સાંભળતાં લોકોને અને ખુદ રાણીને પણ ઘણો જ અસંતોષ થયો. મોટામોટા આગેવાનોને, ધારાસભ્યો અને ઉમરાવોને પણ આ ગમ્યું નહિ. તેમણે બેરિંગના કાર્ય સામે વિરોધ ઉઠાવ્યો. બેરિંગનું કામ અડધું પડધું હતું એમાં જરા યે શંકા નહોતી. એના કાર્યથી એનાં નૌકાખાતાને પણ અસંતોષ થયો. પરિણામે એ પાંચ વર્ષની એની નોકરી ગણીને એને હોદ્દામાં બઢતી આપવામાં અને એ પાંચ વર્ષનો પગાર આપવામાં નૌકાખાતાએ ઘણાં વર્ષ કાઢી નાખ્યાં. (ચાલુ)

'અગસ્ત્યને પગલે'–૩૩મો હપતો


થાઇ પ્રદેશના સંસ્કાર-વિધિ

લેખક અને ફોટોકલાકાર **નવનીત પારેખ**

એક દિવસ શ્રી પ્રસિદ્ધ તેમના થાઈ મિત્રોને મળવા લઈ ગયા. એક હતા શ્રી માનસપુત્ર જેઓ સંસ્કૃતિ તથા સાહિત્યના ઊંડા અભ્યાસી તેમજ વિવેચક છે. અંગ્રેજીમાં નીકળતા 'થાઈ ડાઇજેસ્ટ' સાપ્તાહિકના તેઓ તંત્રી તથા નિયામક છે. બીજા હતા બેઠી દડીના શ્રી સોદ કૂમૅરોહિત, જે થાઇલૅન્ડના જાણીતા લેખક તથા વિવેચક છે. 'પ્રજામિત્ર', 'એક જન', 'શિલ્પન્', 'પ્રિય મિત્ર' વગેરે થાઇ સામયિકોમાં તેઓ નિયમિત લખે છે ને બૅંગકૉકથી થોડે દૂર ૨૫૦૦ એકરના એક ફાર્મ પર સમાજ-સેવાના વિવિધ પ્રયોગો અજમાવે છે. વિદ્વત્તા તેમજ માનવતાથી ભરેલા આ બંને સજ્જનોને મળતાં અપાર આનંદ થયો. એશિયાના દેશો વચ્ચે પરસ્પર માહિતી, સમજ તથા સહકાર વધારવા માટે રસિક ચર્ચા થઇ.

થાઈ લગ્નવિધિ

થાઈ રીતરિવાજો વિષે પણ શ્રી કૂમૅરોહિતે ઘણી માહિતી આપી. થાઈ લગ્નવિધિ સમજાવતાં તેમણે જણાવ્યું કે સમગ્ર લગ્નવિધિ 'વિવાહ-મોંગલ' (વિવાહ-મંગલ) કહેવાય છે. સામાન્યપણે કન્યાને ઘેર આ વિધિ થાય છે અને લગ્નને દિવસે સવારે વરરાજા સગાં તથા મિત્રો સાથે વરઘોડો કાઢીને કન્યાને ઘેર આવે છે. વરઘોડામાં એક નાની, અપરિણીત કન્યા હાથમાં રૂપાનું એક પાન-દાન લઇને આવે છે. આ પાત્રને 'ખન્' કહે છે અને અંદરના પાનને 'માક' કહે છે. 'ખન્'માં પાન ઉપરાંત ફૂલો તથા એકાદ કીમતી વસ્તુ ભેટ તરીકે મૂકે છે. વરઘોડો



થાઇપ્રદેશમાં વર્ષાઋતુ પછી 'ક્રિતન્' નામે ઉત્સવ આવે છે. લગભગ એક માસ ચાલતા આ ઉત્સવ દરમ્યાન થાઇ-લૅન્ડના રાજા સોનેરી રથ તથા અહીં દર્શાવી છે તે સોનાની નૌકામાં વિરાજીને જુદાંજુદાં મંદિરોમાં પ્રાર્થના અર્થે જાય છે.

આવી પહોંચે છે ત્યારે કન્યાપક્ષનાં બેત્રણ બાળકો આડો પડદો ધરી ને ઊભાં રહે છે. તેમને કશીક ભેટ-સોગાદ આપીને ખુશ કર્યા પછી જ વરરાજા ઘરમાં પ્રવેશ પામે છે. આપણે ત્યાં પણ આને મળતા જ રિવાજ નથી ? પછી કન્યાનાં માતપિતાને ખન્ અપાય છે ને તે વિધિને 'ખન્ મા' કહે છે.

સવારે પાંચસાત ભિખ્ખુઓને પણ કન્યાને ઘેર આમંત્ર્યા હોય છે. ભિખ્ખુઓ આસન વાળીને બેસે છે અને સામે પાણી ભરેલું એક વાસણ તથા સૂતરના તારનું એક ગૂંચળુ મૂકે છે. ભિખ્ખુઓના મંત્રોચ્ચાર વડે આ બંને પવિત્ર થાય છે. મંત્રેલા પાણીને 'નામ-મોન' કહે છે (નામ=પાણી; મોન=મંત્ર). સૂતરના વીંટાને 'મોંગલ સુત' (મંગલસૂત્ર) અથવા ટૂંકમાં 'મોંગલ' કહે છે! આ વિધિને 'સુઅદ્-મોન' કહે છે. તે પછી વર-કન્યા ભિખ્ખુઓને પગે લાગે છે ને તેમના આશીર્વાદ મેળવે છે. ભિખ્ખુઓને ફૂલ, પાન, ચાનાં પાંદડાંનો વીંટો વગેરેનું 'દાન' અપાય છે.

થાઈ પ્રદેશમાં બધા માંગલિક તેમજ વૈદિક પ્રસંગો માટે મુહૂર્ત અથવા ચોઘડિયું જોવામાં આવે છે. તેને 'હૂકસા' (રક્ષા?) કહે છે. 'આચાર્ય-હૂકસ' મુહૂર્તમાં જન્મેલો માણસ વિદ્વાન, પંડિત બને છે અને 'મહા-હૂકસ' મુહૂર્તમાં જન્મેલી વ્યક્તિ મહાન, પ્રતિભાશાળી બને છે, એમ મનાય છે. ત્યા વળી 'ચોરો-હૂકસ'(ચોરલોકોનું મુહૂર્ત) પણ હોય છે!

લગ્નને દિવસે સાંજે શુભ હૂકસ પ્રમાણે એક પાટ પર વર-કન્યા પગ વાળીને, હાથ જોડીને બેસે છે. થોડે છેટે, જમણે હાથે બુદ્ધની એક મૂર્તિ ગોઠવી હોય છે. લગ્નવિધિમાં બૌદ્ધ ભિક્ષુઓ તો ભાગ લઇ ન શકે, તેથી એકત્ર થએલા મહેમાનોમાંથી મુખ્ય, વડીલ મહેમાન વર-કન્યાને માથે 'મોંગલ-સુત' બાંધે છે અને આ રીતે વર-કન્યા લગ્નવિધિથી જોડાયાં ગણાય છે. તે પછી આ વડીલ મહેમાન મંત્રેલું જળ 'નામ-મોન' એક શંખમાં ભરીને વર-કન્યા પર શુભાશીર્વાદ રૂપે છાંટે છે. બીજા મહેમાનો પણ તે રીતે જળ છાંટીને પોતાની શુભકામનાઓ વ્યક્ત કરે છે. આ વિધિને લોક પરિભાષામાં 'તેંગાન' કહે છે.

થાઇ બૌદ્ધ-ધર્મ

શ્રી માનસપુત્ર સાથે બૌદ્ધ ધર્મ વિષે વાત નીકળી. બ્રહ્મદેશ તથા લંકા (સિલોન)ની જેમ થાઇ પ્રદેશમાં થેરાવાદ (હીનયાન) સંપ્રદાયનો બૌદ્ધ ધર્મ પ્રચલિત છે. શ્રી કૂમૅરોહિતે પણ ભાર મૂક્યો કે 'આ થેરાવાદ મૂળ અને શુદ્ધ બૌદ્ધ ધર્મ છે અને તે ભગવાન બુદ્ધના ઉપદેશને વળગી રહેલો છે; જ્યારે મહાયાન ધર્મમાં બુદ્ધના ઉપદેશ સાથે અસંગત એવાં ઘણાં તત્ત્વો ભળ્યાં છે.' બ્રહ્મદેશ તેમજ થાઇલૅન્ડમાં સામાન્યપણે દરેક યુવાન જીવનમાં એક વાર તો થોડા દિવસો માટે ભિક્ષુ બને છે. અસલ તો રિવાજ હતો કે વર્ષાઋતુના ત્રણ માસ માટે તે સન્યાસી બનતો. થાઇ ભાષામાં તે સમયગાળાને 'પન્સા' (વર્ષા) કહે છે. પરંતુ આધુનિક વ્યવસાયી જીવનને કારણે લોકો હવે પ્રતીક રૂપે એક માસ કે સાત દિવસ માટે પણ ભિક્ષુ બને છે. થોડા જ સમય પર થાઇલૅન્ડના રાજા ફૂમીફોન (ભૂમિબોલ) પંદર દિવસ માટે ભિક્ષુ બનેલા. કેટલીક વાર માત પિતા કિશોર અવસ્થામાં જ દીકરાને ત્રણ દિવસ માટે ભિક્ષુ 'શ્રમણેર' બનાવે છે. ઘણી વાર માતા કે પિતાના મૃત્યુ પછી મંદિરના આંગણામાં તેમના શબનો અગ્નિ-સંસ્કાર કરીને દીકરો તે મંદિર કે વિહારમાં ત્રણ દિવસ માટે 'શ્રમણેર' બનીને ત્યાંના ભિક્ષુઓ સાથે રહે છે.

સન્યાસી જીવનનો ખાસ્સો પરિચય તથા તેનો અલ્પ અનુભવ અને આસ્વાદ આપતી આ પ્રથા મને ઘણી જ ગમી. ભગવાન બુદ્ધે

પણ પોતાના પૂર્વાશ્રમના પુત્ર રાહુલને વારસામાં ધાર્મિક સંન્યાસી જીવનની દીક્ષા જ આપી હતી. તેમ આ બ્રહ્મદેશ તથા થાઇલૅન્ડના પિતૃઓ પોતાના દીકરાઓને ભિક્ષુ-જીવનનો પરિચય કરાવે છે. લાંબા સમય માટે કે આજીવન ભિક્ષુ બની જવું કે કેમ તે તો પુત્રની રુચિ તથા મહેચ્છા પર છોડવામાં આવે છે, પરંતુ આ થાઈ પ્રદેશમાં સેંકડો પીતામ્બર ભિક્ષુઓને જોયા પછી મને ખાતરી થઈ કે આ ભૂમિમાં આજે પણ વિરક્ત મનુષ્યો સંસારનો મોહ તજીને નિર્વાણપ્રાપ્તિ અર્થે તથાગતે ઉદ્બોધેલા અષ્ટાંગ મધ્યમ માર્ગે વિચરે છે.

શ્રમણેર બનેલો કિશોર માથે મુંડન કરાવે છે અને દસ વ્રત લે છે. તેના ભિક્ષાપાત્રને 'બિન્દ પાત્તો' કહે છે. ઘણાં વર્ષો સુધી ભિક્ષુ રહેલાને 'થેરા' કહે છે અને તે નામાંકિત વિદ્વાન તથા ઉપદેશક હોય તો 'મહા-થેરા' કહેવાય છે. 'પન્સા' (વર્ષાઋતુ) પછી 'કઠિનમ્' ઉત્સવ આવે છે, જે લગભગ એક મહિનો ચાલે છે. તે દરમ્યાન થાઇલૅન્ડના રાજા સોનેરી રથ તથા સોનેરી નૌકામાં બિરાજીને જુદાંજુદાં મંદિરોમાં પૂજાર્થે જાય છે અને ભિખ્ખુઓને પીળાં વસ્ત્રો 'ચીવર' આપે છે. સામાન્ય લોકો પણ આ 'કઠિનમ્' દરમ્યાન ભિખ્ખુઓને ચીવર 'દાન'માં આપે છે. થાઈ પ્રદેશની બધી સામાન્ય શાળાઓના સભાખંડમાં બુદ્ધની મૂર્તિ ગોઠવી હોય છે, જેની સમક્ષ વિદ્યાર્થીઓ નિત્ય 'બુદ્ધ,-ધમ્મ,-સંઘ'ની પ્રાર્થના કરે છે.બૌદ્ધ ભિક્ષુઓ પણ ઘણી વાર વિહારમાં શાળા ચલાવે છે.

અગ્નિ-સંસ્કાર

અમારો વાર્તાલાપ હવે મૃત્યુ પછીની ઉત્તરક્રિયા તરફ વળ્યો. ભારતની જેમ આ બૌદ્ધ દેશમાં પણ મૃત્યુ પછી શબનો અગ્નિ-સંસ્કાર કરવામાં આવે છે. મૃત્યુને બીજે દહાડે સવારે સગાંવહાલાં તથા મિત્રો એકઠાં મળે છે અને શબને નવડાવીને તેને સુંદર વસ્ત્રો પહેરાવે છે. આપ્તજનો મૃતદેહના હાથમાં સુગંધી જળ મૂકે છે અને સન્માન-વિધિ પૂરો થયા પછી સારાં વસ્ત્રો કાઢી લઇને શબ પર સાદું સફેદ કાપડ વીંટે છે. મૃતદેહના હાથ જોડીને તેની કરાંજલિમાં કમળ, અગરબત્તી તથા મીણબત્તી ગોઠવે છે. શ્રી પ્રસિદ્ધે તે પાછળની ભાવના સમજાવી કે સદ્ગતનો આત્મા મૃત્યુ પછી ભગવાન બુદ્ધ પાસે જતો હોય એમ માનીને આ પૂજાપો શબના હાથમાં ગોઠવાય છે. કેટલીક વાર મૃત-દેહના મુખમાં રૂપાના સિક્કા પણ મૂકે છે અને શબને એક બંધ કફનમાં મૂકીને વાટ (મંદિર) પર લઈ જાય છે. સામાન્યપણે શબનો અગ્નિસંસ્કાર તે જ દિવસે કરવામાં આવે છે, પરંતુ કોઈ ઘણી સન્માનિત વ્યક્તિના શબને સાત કે પંદર દિવસ અને કેટલીક વાર તો એક વર્ષ સુધી આ શબ-પેટીમાં સાચવી રાખે છે. તેમાં રાસાયણિક દ્રવ્યો ભરવામાં આવે છે, જેથી શબ કહોવાતું કે ગંધાતું નથી. શ્રી પ્રસિદ્ધના પિતા (વિખ્યાત સંગીતાચાર્ય)ના શબને એક વર્ષ જાળવી રાખ્યું હતું, અને શ્રી પ્રસિદ્ધ દર સપ્તાહે પિતાના મૃતદેહ સમક્ષ પૂજાવિધિ કરતા હતા.

થાઈ પ્રદેશમાં ગામના મંદિર (વાટ)ના પ્રાંગણનો એક વિભાગ અગ્નિદાહ માટે અલાયદો રાખવામાં આવે છે. અગ્નિદાહ સમયે ભિખ્ખુઓ મંત્રોચ્ચાર વડે ગતાત્માની શાન્તિ તથા સદ્ગતિ ઇચ્છે છે અને એકત્ર થએલાં સગાં-સંબંધીઓને મનુષ્ય-દેહની અનિત્યતા સમજાવતો ઉપદેશ આપે છે. અગ્નિદાહ પછી મૃતદેહનાં અસ્થિને એક રૂપાના પાત્રમાં એકઠાં કરે છે. કુટુંબના પુણ્યશ્લોક પૂર્વજનાં અસ્થિને ઘરના પૂજાખંડમાંની ભગવાન બુદ્ધની મૂર્તિ તળે જાળવી રાખે છે.

થાઈ મુષ્ટિ-યુદ્ધ

મારા બૅંગકૉક-નિવાસની છેલ્લી સાંજે શ્રી પ્રસિદ્ધ મને થાઈ મુષ્ટિ-યુદ્ધ (બૉક્સિંગ) જોવા લઈ ચાલ્યા. આ મુષ્ટિ-યુદ્ધ માટે એક ખાસ નાનું સ્ટેડીઅમ બાંધેલું છે. આ ક્રીડાગાર(સ્ટેડીઅમ)ની મધ્યમાં મુષ્ટિ-યુદ્ધ માટેનો સમચોરસ મંચ (અખાડો) હતો. પશ્ચિમના દેશોની બૉક્સિંગ-રિંગ જેવો જ, ત્રણેક ફીટ ઊંચા ચોતરા પર બાંધેલો આ મંચ વીસેક ફીટ લાંબો-પહોળો હશે. ક્રીડાગાર પ્રેક્ષકોથી ભરચક હતું અને આ રમતની બહોળી લોકપ્રિયતાની સાક્ષી પૂરતું હતું.

અખાડાની એક બાજુએ કેટલાક વાદ્યકારો બેઠા હતા. દ્વન્દ્વનો સમય થયો એટલે તેમણે સૂર છેડયા. વાદ્યોમાં તો ઢોલ, શરણાઈ તથા મંજીરાં હતાં. મુષ્ટિ-યુદ્ધ દરમ્યાન સતત તેમનું જોરદાર સંગીત ચાલુ જ રહ્યું. આપણા દુર્ગા-રાગને મળતા તેના સૂરો હતા, અને તે આવેશ લાવે તેવું, વીરરસ-પ્રેરક તો હતું જ. લશ્કરી કવાયત સમયે બૅંડ વાગતું તો સાંભળ્યું હતું, પરંતુ રમત-ગમત વેળાએ ખેલાડીઓને ઉત્તેજવા માટે સંગીતનો પ્રયોગ તો પહેલી જ વાર જોયો—ભૂલ થઈ, સાંભળ્યો!

બે મલ્લ, તેમના મધ્યસ્થી (રેફરી) તથા મધ્યસ્થીના બે સહાયક નિર્ણાયકો હવે મંચ પર આવ્યા. એક મલ્લે લાલ ચડ્ડી પહેરી હતી જ્યારે બીજાએ વાદળી. એકનું નામ હતું 'શ્રી હનુ' (હનુમાન) અને બીજાનું 'ભૂમિ-વિજય'. પ્રારંભમાં બને મલ્લે ઘૂંટણિયે પડીને ત્રણ વાર પ્રણિપાત કર્યા અને પછી ઊભા થઇને હવામાં હાથ વીંઝીને મંચ પર ચક્કર માર્યાં. આ હાવ-ભાવ થાઈ મુષ્ટિ-યુદ્ધની અત્યન્ત લાક્ષણિક શૈલીના પ્રકારો હતા. શ્રી પ્રસિદ્ધે સમજાવ્યું કે આ હાવભાવ પ્રત્યેક મલ્લના ગુરુના સ્મરણમાં તથા ગુરુ પ્રત્યે સન્માન દર્શાવવા હોયછે.કદાચ તે રીતે મલ્લ પોતે શીખેલા વિવિધ દાવપેચ યાદ પણ કરી જતો હશે.

પ્રણિપાત કરતી વેળાએ મલ્લે નેતર તથા દોરીનો બનાવેલો એક ગોળાકાર વીંટો 'મગલ' માથા પર ગોઠવ્યો હતો. તે મલ્લનું રક્ષણ કરશે એમ મનાય છે. દ્વન્દ્વસમયે મલ્લ આ વીંટો તો નથી પહેરી શકતો, પરંતુ કોણીથી ઊંચે તે એક 'તાવીજ' બાંધી રાખે છે. દ્વન્દ્વ દરમ્યાન મલ્લ હાથના પંજા પર એક મોજું(ગ્લવ) પહેરીને મુષ્ટિ-યુદ્ધ ખેલે છે.

મુષ્ટિ-યુદ્ધ શરૂ થયું ને હું તો હેબતાઈ જ ગયો. થાઈ મુષ્ટિ દ્વન્દ્વમાં મુક્કાબાજી તો થઇ જ શકે, પરંતુ તેમાં ગડદાપાટુ કરી શકાય, લાતો મારી શકાય, તેમજ હાથની કોણીના પ્રહારો પણ કરી શકાય!! મારા આશ્ચર્ય પર હસતાં પ્રસિદ્ધે હળવી ટકોર કરી, 'અમારા બૉક્સિંગમાં ફક્ત પ્રતસ્પર્ધીને બચકાં નથી ભરી શકાતાં કે તેના વાળ નથી ખેંચી શકાતા, બસ!' અરે મધ્યસ્થી મલ્લના ઉત્તમ પાદ-પ્રહાર માટે 'માર્ક્સ' આપે છે! પાંચ 'રાઉન્ડ'નું દ્વન્દ્વ પંદર મિનિટમાં પૂરું થઈ જાય છે. સાંજે સાત દ્વન્દ્વ હતાં, પણ અમે કાંઈ બધાં જોવા રોકાયા નહિ.

ક્રીડાગાર પરથી અમે પ્રિન્સેસ-હોટેલ પર આવ્યા. પ્રસિદ્ધ તથા લદ્દાબહેને મારી સાથે જ રાતનું ભોજન લીધું. બળતે દિવસે સવારે તો હું આ કલા-સમૃદ્ધ થાઈ પ્રદેશ છોડીને પડોશના પુરાણ-પ્રસિદ્ધ કંબોજ (કંબોડીઆ) દેશ જવાનો હતો, તેથી મોડી રાતે અમે નછૂટકે છૂટાં પડયાં. લદ્દાબહેને સગાં બહેન જેટલા વાત્સલ્યથી મારા હાથમાં ફૂલોનો ગુચ્છો મૂકયો ત્યારે મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. પ્રસિદ્ધને તો હું ભેટી જ પડ્યો. આ અજાણ્યા મુલકમાં આ પ્રેમાળ, આતિથ્યપૂર્ણ તેમજ કલા-સંપન્ન દંપતીનો મને સહારો ન હોત તો આ રામાખ્યાન વડે ગુંજતા, અયોધ્યા-સુખોદય-કુંગદેવ નગરીવાળા થાઇ પ્રદેશની ઉદાત્ત સંસ્કાર-સમૃદ્ધિથી હું કેટલો વંચિત, કેટલો અજ્ઞાત રહી જાત!

વહેલી સવારે થાઈ ઍરવેઈઝનું ટૅકોટા વિમાન મને લઇને ઊડયું ત્યારે વાટ-અરુણની પાછળથી અરુણોદય થઈ રહ્યો હતો. નીચે જ કુંગદેવ (બૅંગકૉક) નગરીનાં અસંખ્ય મંદિર-શિખરોની પચરંગી કપચી રવિ કિરણોમાં ઝળહળી રહી હતી. તે બધાંમાં વાટ-ફ્રા કેઓનું મંદિર તરી આવતું હતું. તેમાં પ્રસ્થાપિત નીલમણિના બુદ્ધની મેં માનસિક વન્દના કરી. ત્યાં તો વિમાને વાદળમાં ડૂબકી મારી! (ચાલુ)

તદ્દન સાદા (ને એથી ઉપેક્ષિત રહેતા) બે અકસીર ઇલાજો

આંખે છાલક માથે ધાર

નટવરલાલ માલવી

'લેટે માજી'—પૂર્વ આફ્રિકામાં ફરતાંફરતાં કોઇક ઘેર ગયો હોઇશ,ત્યાં ઘરના દસબાર વરસના કિશોરને ઉદ્દેશીને મેં કહ્યું. 'લેટે માજી' એટલે, સ્વાહિલી ભાષામાં, 'પાણી લઇ આવો.' છોકરો તો ગુજરાતી જ હતો, પણ તે અરસામાં હું ગમ્મત ખાતર, થોડીથોડી સ્વાહિલી વાપરતો થઈ ગયો હતો!

કિશોર પાણી લઈ આવ્યો. પાણીનું પાત્ર નવાઈ ભરેલું હતું, ક્યાંક જ નજરે પડે તેવું,-પિત્તળનું! પૂ. આ.માં તો કાચપ્યાલા જ ઘરઘરવ્યાપી થઈ ગએલા છે. પિત્તળ કે જર્મનસિલ્વર જેવા ધાતુપાત્રમાં તમને ભાગ્યે જ પાણી પીવા મળે.

મેં પાણી પીધું, ને પછી મારી લગભગ કાયમી ટેવ મુજબ પાણીનું ખાલી પાત્ર બંને આંખે ચારચાર પાંચપાંચ વાર દાબીને લગાડ્યું. પેલો કિશોર કાંઈક આશ્ચર્યથી ટગરટગર જોઇ જ રહ્યો, કેમકે આવું દૃશ્ય એણે કદી નહોતું દીઠું. ખાલી પ્યાલો ને તે આંખે દાબવાનો? પૂછ્યા વિના રહી ન શક્યો: 'કાકા, એ શું કરો છો?'

અમારા ઘરમાં અસલથી એ રિવાજ હતો ને થોડોઘણો મેં જાળવી રાખ્યો છે; પાણી પીધા પછી દર વખતે આબખોરો આંખે દાબી આંખને ઠંડક આપવાનો.દહાડામાં પાંચસાત વાર, સહેલાઈથી, વિના તકલીફે આંખને ઠંડક આપી દેવાની આદત શી ખોટી?

રંગીલકાકા પોણોસો'ક વરસની ઉંમરે, આજે પણ ખાસ્સા નીરોગી છે. બારતેર વરસ પૂર્વે એક દહાડો આવી મારી પાસે અમારી શાખા-દુકાનમાં બેઠા, ને છાપું વાંચવા લાગ્યા. કદીકદીક એમ બેસવાનો એમનો રવૈયો હતો.

'તમારી આંખ સરસ લાગે છે જો, કાકા'. મેં કહ્યું.

'મારી પાસે એક નવી જ જાતનું અંજન છે. તમને જોઇએ તો તમને ય આપું. પણ એમાં થોડો ખર્ચ છે. મારું અંજન સોનાની સળીથી આંજવાનું છે. એક સળી બનાવો.'

'સોનાની?' હું નવાઈ પામ્યો. આ તો રાજાબાદશાહજોગી વાત.

'હા, મારી દવા બનાવી છે—ઉકાળેલી, તે ચાંદીના વાસણમાં ને આંજવાની છે સોના કેરી સળીએ. તમે સળી બનાવી મને કહો, એટલે તમને એક શીશીમાં થોડી દવા આપી જાઉં.'

'કાકા, સોનું તો ચાર, બહુ મોઘું છે.'

'પણ તે ચાંદીની સળી ઉપર સોનું રસાવી લેજો ને! ચાલશે. અગર સોની પાતળું પડ પણ ચઢાવી આપશે. તેમાં કંઈ બહુ ખરચ નહિ થાય. જુઓ તો ખરા, મજા આવશે.'

અખતરાખોર જીવ, તેણે સળી સોને રસાવી ને કાકાને ખબર આપી. અચૂક બીજે જ દહાડે કાકા નાનકડી શીશીમાં મધ જેવા રંગવાળો કોઇ પ્રવાહી પદાર્થ લઇને આવી પહોંચ્યા ને આપી ગયા.ભત્રીજાએ બીજા જ દિવસથી આંખમાં તે નવું આંજણ શરૂ કર્યું. ખરેખર આંખને સારું લાગતું. મજા તો આવતી જ. ચચર્યાથી ડરે તે બીજા!

એમ કાકા બે-ત્રણેક વાર એ 'રસાયણ' આપી ગયા. પછી ચારેક વરસે એમણે આ બાદશાહી દવાનો ભેદ ખોલ્યો. સારાં, મોટાં, મુખ્ખાઈ દાડમ લેવાનાં. બે તો બહુ થઈ જાય. પછી તો જેવી રૂખ. મોટાંમાં મોટાં અનાર. તેનો રસ કાઢી ચાંદીપાત્રમાં, મધ જેવો ઘટ્ટ થઈ જાય ત્યાં સુધી ઉકાળવાનો. બસ, આ થઈ ગઇ આંખ જાળવવાની અમીરી દવા. પછી આંજો સોના કેરી સળીએ. કંઈ નહિ તો એટલું રાજપાટ તો ભોગવી લેવાય છે!

એક અદ્યતન પેઢીના અદ્યતન સંચાલકને ત્યાં હું મહેમાન હતો. પગાર હાલ ત્રણેક હજાર લેતા હશે. તે વેળા ય બે હજારની આસપાસ ખરો. સવારે આઠેક વાગ્યે વાત થઈ: 'નટવરભાઇ, આ શરદી થાય ત્યારે તમે શું કરો છો?' પેલી, પશ્ચિમમાં જેને 'કૉમન કોલ્ડ'ના તોછડા નામે ગણી કાઢી છે, ને છતાં જેનો ઉપાય શોધવાની લમણાઝીક આજ દિન સુધી નથી ફળી, તેની જ આ વાત હતી,—ઇતર નામ સળેખમ.

'મને શરદી જ નથી થતી, ભાઇ!' મેં કહ્યું.

'શી વાત કરો છો? શરદી જ નથી થતી? અચરજ! કારણ?'

'આજે બાર-ચૌદ વરસથી રોજ નાહતી વેળા હું મારે માથે ચાર-પાંચ લોટા ઠંડા પાણીની ધાર કરું છું. ૧૯૩૦માં થાણાની જેલમાં હતો, ત્યારની ટેવ પાડી છે: નાહતી વેળા આંખે સો-સવાસો છાલક મારવાની, ને માથે ચારપાંચ લોટા પાણી રેડવાનું, અલબત્ત ઠંડું, એ ટેવ પાડી તે પૂર્વે વરસમાં દશવીસ વાર કદાચ વધ રે વાર, સળેખમ થતું. ટેવ પાડ્યા પછી નાસી ગયું છે; કદીક જ જવલ્લે જ મુલાકાતે આવે છે.'

'તમે સળંગ ઠંડા પાણીએ સ્નાન નથી કરતા?'

'ના, વૈદની મનાઇ છે, વીસપચીસ વરસથી સને ૧૯૨૨ કે '૨૪ની સાલમાં એક મુરબ્બી વૈદરાજે મને ઠંડા પાણીએ નાહતો કાયમનો અટકાવી દીધો, આજ્ઞા કરી કે કદી મારે ઠંડે પાણીએ ન નાહવું.'

'ભારે નવાઇની વાત.'

'હું પોતે જ જરા નવાઇ જેવો છું, સાચ્ચે, વૈદરાજે મનાઈ કરી, કેમકે લગભગ વીસેક મહિનાની ઉંમરના હતા ત્યારે આપણા 'શિવ' હળાહળ ઝેર પી ગએલા, ખાસ્સું નાઇટ્રિક ઍસિડ! રમતાંરમતાં ગટગટાવી ગયા, ને પડ્યા લોથ થઇને. પછી તો દાક્તરજી આવ્યા ને કંઈ ઊલટીફૂલટી કરાવીને પાછા જીવતા કરી દીધા. એટલે જુઓ ને, મહાદેવજીની પેઠે સેવક પણ વિષપાન કરીને જીવતો રહ્યો છે, અકબંધ. પણ શરીરમાં રહેલું પેલું ઝેર કંઇકંઇ ગરબડગોટા કર્યા કરે છે, તેથી મને વૈદરાજે ટાઢા પાણીએ નાહવાની મનાઈ કરી છે!'

'એમ બાબત છે!' અચરજ ફરીથી થયું. એ વાત એટલે રહી; અને ઘરમાં કોઇકની દવા ચાલતી હતી તે કારણે નવ-દશેક વાગ્યે ચકરી પાઘડી, આલપાકા ડગલો ને અસલી પિછોડીએ સજ્જ, બરાબર વૈદવેશી એક જૈફ વૈદરાજ પધાર્યા, અને પેલા અદ્યતન મહાશયે તેમને પણ પૂછ્યું: 'વૈદરાજ, આ શરદી વારેવારે થાય છે, તેનું શું કરવું?'

'રોજ માથે ઠંડું પાણી રેડો, ભાઈ. ચારપાંચ લોટા રેડ્યા કરશો, તો શરદી થશે જ નહિ!'

મેં જે કહ્યું હતું તે જ, તેવા જ શબ્દોમાં વૈદરાજને મોઢેથી નીકળેલું જોઈ પેલા ભાઇના અચરજનો પાર જ ન રહ્યો. તેમણે મારી સામે જોયું ને કહ્યું: આ નટવરભાઇ પણ એવું જ કહે છે, વૈદરાજ!'

'એ જ કહે ને, બીજું શું કહે? સત્ય એ સત્ય. તેમાં ફેર ક્યાંથી પડે?'

નાહતી વેળા રોજ આ રીતે આંખે છાલક ને માથે ધાર,-શીળા પાણીની કરતા રહેવું એ આંખને સાજીનરવી રાખવાનો એક સર્વોત્તમ ઉપાય છે, એવું મારું માનવું છે.

માથે ધાર? હા જી, માથે ધાર, ને તે ધાર જ; ઢોળ નહિ. કેટલાક વાચકો માથે પાણી રેડવાની ક્રિયા કરતાં ત્રણચાર લોટા ઠંડું પાણી લોટા-ઢોળ પદ્ધતિએ રેડી દઈ ઇતિશ્રી માની લેશે, કર્તવ્ય પૂરું થયું સમજશે. પણ લોટાઢોળ પદ્ધતિએ પાણી રેડવાનું નથી. અભિષેક કરવાનો છે, મહાદેવ પર જળાધારીમાંથી થાય છે તેવો; એટલે કે ધીમી સેરે પાણી

પાડવું, એક લોટો પાડવામાં એક'દ મિનિટ લગભગ થઈ જાય તે પ્રકારે. એ બેમાં પણ સારી પેઠે ભેદ રહેલો છે—ધારમાં ને ઢોળમાં; તે કરી જોવાથી સમજાશે. ઢોળપદ્ધતિમાં પાણી માત્ર માથાના ઉપલા પડને સ્પર્શીને વહી જશે, ધારપદ્ધતિએ અંતરિયાળ ઊંડા ભાગમાં ઠંડક થતી સ્પષ્ટ વર્તાશે જ્ઞાનતંતુના પર એ અસર કરશે. માટે 'ધાર' એટલે 'ધાર', પાણીની ધાર જ સમજવી; પાણીનો ઢોળ નહિ જી.

વખત કશો જતો નથી. તમે રોજ સ્નાનમાં પંદર મિનિટ ગાળતા હો, તો તેર ગાળવી, ને બે આમાં વાપરવી. ને અરધો કલાક ગાળતા હો, તો તો કશી તથા જ નથી. કંઈ કરવાનું નથી, ફક્ત આદત પાડી દો: સહેલી ને સટ, ને તદ્દન વગર પૈસાની.

ને એક વાત ધ્યાનમાં રાખો, નહાતી વેળા માથા પર કદી ગરમ પાણી નાખવું જ ન જોઇએ. માથાને ગરમ પાણીએ નવડાવવું એ શરદી નોતરવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે. એનાથી શરદી સામે ટક્કર ઝીલવાની મસ્તકની શક્તિ કમ થાય છે. કદીક, ખરેખર માથું દુખતું હોય કે શરદી થઈ હોય ત્યારે નાખો તો ઠીક છે, પણ ન નાખો તો સારું–ઠંડું જળ સહન ન થાય તો તે નાખ્યા વિના કોઇક રીતે ચલાવી લ્યો, ને એટલું મગજમાં ઠસાવી રાખો કે માથાની ઠંડક એ શરદીનો જ નહિ, આંખને પણ તર રાખવાનો, તેની શક્તિ ટકાવવાનો અતિ મજાનો ઉપાય છે. આગળ એક લેખમાં લખેલું, તેમ માથું એક અને અવિયુજ્ય છે–આંખ, કાન, નાક, કે દાંત સહિત સૌ તેના જ ભાગ છે.

આમ દષ્ટિતેજ ટકાવી રાખવાનો એક નુસખો તે માથે ધાર ને આંખે છાલક.બની શકે તો બપોરેસપોરે પણ,તક મળે ત્યારેત્યારે હમેશ.

આંખની માવજતના ઇતર નુસખા આગળ બીજા લેખોમાં અપાઈ ગયા છે. ચચરાટ ને બળતરાથી ન ડરતા હો, તો લીંબુના રસનાં ટીપાં કદીક કદીક આંખમાં મૂકતા રહો. સરસ ચચરાટ થશે, તમને નહિ પણ બીજાઓને ગમ્મત પડે એવો. ખરું મધ પણ હવે તો આ દેશમાં દોહ્યલું થતું જાય છે, (પાળેલી માખીઓને ગોળ ખવડાવીને નિપજાવેલું મધ આવા વૈદકીય ઉપયોગ માટે નકામું ગણવું. પરદેશથી આવતું મધ સાચું ગણાય છે, હોય છે ય ખરું, પણ તે આ જાતનું હોય છે, ગાય-ભેંસને પાણી પાઈ પછી તરત દૂધ દોહવાની એક પ્રામાણિક કરામત છે; તેવી જ આ ય કારીગરી જ છે.) ખાતરીનું હોય તો તે આંજો: હજુ દિવેલ તો આ દેશમાં સાચું મળે છે ખરું, એવી ધારણા છે. તેના પર હજુ હુમલો નથી થયો.* તે પણ આંજી શકાય છે, બનતાં સુધી રાત્રે સૂતી વખતે, અને મેશ આંજી શકો. ચોખ્ખા દિવેલની ખરી મેશ. (ગાયના ઘીમાં કાલવેલી હોય તો વધારે ઉત્તમ). તો પછી જોઇએ જ શું? પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ'એ પોતાની આત્મકથામાં લખ્યું છે કે 'મારી આંખ સારી પેઠે ટકી છે તેનું કારણ નાનપણમાં મેશ ખૂબ ખૂબ અંજાવી છે, તે જ છે.' પણ આંખે મેશના કાળા ડાઘા હોય, અને એમ જ એ ડાઘા સાથે શહેરી જીવનમાં બહાર હરતાંફરતાં સંકોચ થતો હોય તો લાચારી જ વ્યક્ત કરવી રહી.

કશું બની શકે નહિ, તો પણ રોજરોજ આંખમાં સુરમો આંજવાનું તો બને જ. પરદેશોમાં ફરતાં મધ કે દિવેલ આંજવાનું, કોથમીરનો રસ કે દાડમ-રસ મેળવવાનું શક્ય નહોતું. પણ મેં તો મારા દાઢી-ડબ્બામાં જ સુરમાની શીશી ને સળી રાખ્યાં, અને તેની આદત પાડી દીધી. રોજરોજ, દાઢી બોડાય ત્યારે સુરમો આંજી દેવાનો. આપોઆપ જ એ કામ થઈ જતું. આજે પણ એ જ રીતે થયા કરે છે. એ રીતે સુરમો વાપરવાનો ખર્ચ વરસે આઠ-બાર આનાથી વધુ આવતો પણ નથી, ને સામાન્ય ચલણી ઉપયોગ માટે ૪-૫ રૂપિયે તોલાનો સુરમો બસ થઈ ગયો. એથી ભારેની જરૂર નથી, ભારે સુરમો, જરા પણ વધુ વપરાઈ જાય, તો માથું ભારેભારે થઇ જાય, નાક ગળવા માંડે, શરદી થઇ જાય. પ્રમાણ જાતે જ નક્કી કરી લેવાનું હોય.

હા; કોથમીરનો રસ પણ મેં તો આંખમાં મૂકી જોયો છે; રૂને પૂમડેથી; સારી પેઠે અસરકારક માલૂમ પડ્યો છે. લીલા ધાણા–એટલે કે કોથમીર તાજી જોઇએ, અને જેને ત્યાં મરચાંની જોડાજોડ રાખીને વેચાતી હોય તેને ત્યાંથી ન ખરીદવી જોઈએ, અને આપણે થેલીમાં લાવીએ, તે ય મરચાંથી અલગ રાખીને લાવવી જોઇએ. નહિ તો પાછા કોથમીરનો ન વાંક ન ગુનો, ને તમે કહેશો કે કોથમીરનો રસ તો આંખમાં ચચરે છે! જરા ય નથી ચચરતો, બાપલા. ખાખરાનો અર્ક જરા બળશે ખરો, તે છતાં તે આપણે ત્યાં, સ્વ૦ ભિક્ષુ અખંડાનંદજીના પ્રયત્નથી, ખૂબ વ્યાપક બન્યો હતો. એની અગત્ય પણ ઓછી નથી. જોકે હાલ તે ભુલાતો જતો લાગે છે.

તપખીરની ભલામણ કરવી બહુ ઠીક નથી; ને એ ટેવ સારી, સુઘડ કે સ્વચ્છ ન લેખાય. પણ જાણવા જેવી તથા ન મનાય એવી વાત કહું? હીરામોતીનું કામ કરનારા ઇંગ્લંડ દેશના ઝવેરીઓ–ઝવેરાત–કારીગરો, આંખની તાકાત ટકાવવા તપખીર સૂંઘે છે. વિલાયતના આધારપાત્ર વર્તમાનપત્રમાં વાંચીને કહું છું. શેફીલ્ડના કોઈ તપખીર-કારખાનદારની જાહેરાત સતત જોયા પછી કહું છું. 'ટિટ્બિટ્સ'ના તંત્રીજીએ આ વાત પર મહોર મારેલી છે એવી ખાતરી આપું છું.

પણ આ સૌ કરતાં આગળ બતાવેલા હરડે–ગુલાબજળ–ધસારા કરતાંય–સર્વશ્રેષ્ઠ ઉપાય તો ગાયનું ઘી જ છે, આંખ ટકાવવા તેનું પદતલમાલિશ; પગનાં તળિયાં સામસામાં ઘસીને તેમાં ગાય ઘી પચાવી દેવું, એ ઉપાય સૌમાં કળશરૂપ છે. એની અસર માપી શકાય એવી તત્કાળ મળે છે, એવું જાતપારખું કરી જોએલું છે. બલકે ચાલુ જ છે. કરી ન જોએલા, પણ જાણમાં આવેલા ઉપાય પણ બે છે: એક માતાનું-સ્ત્રીનું ધાવણ–દૂધ આંખમા આંજવાનો; બીજો નદીમાં ડૂબકી મારી પાણીની અંદર આંખ ખુલ્લી રાખવાનો. આજે નેવું વરસનાં હોત, એવાં ડોશી પાસેથી આ ઉપાય જાણ્યા હતા.

તે સાથે આંખ વાપરવામાં થોડી કરકસર પણ શરૂ કરો: સ્કૉટિશ ઢબની કરકસર કહીએ તો પણ ચાલે. નાહતી વેળા, જાજરૂમાં, સિનેમામાં જાહેરાત ચાલતી હોય ત્યારે, જાહેર સભામાં વક્તા અભિનય-કુશળ ન હોય ત્યારે,–ટૂંકમાં જ્યારેજ્યારે શક્ય લાગે ત્યારેત્યારે આંખ બંધ રાખતા જાઓ. જાહેરસભામાં આંખો મીંચી રાખો તો તમે ઊંઘો છો એવો લોકોને ભાસ થશે; કદાચ કોઈ ચક્રમ ગણી કાઢે એ ભીતિ પણ ખરી; પણ ઠીક લાગે ત્યારે કરવું. ચોંપ રાખશો તો આંખ બંધ રાખીને બે મિનિટ–પાંચ મિનિટ–પા કલાક ગાળી શકાય એવી તક દહાડામાં દસવીસ વખત મળશે જ મળશે; કદાચ એથી ય વધારે.

તો કદાચ સ્વર્ગસંચરણકાળે ચક્ષુદાન કરતા જવાનો વિચાર થાય તો ઉત્તમ ચક્ષુઓનું–અણમોલા હીરાનું દાન કરવાનો ય લાભ મળે,–બને.

[સરનામું: 'ગાંડીવ કાર્યાલય', હવાડિયો ચકલો,
સૂરત. જવાબ માટે ટિકિટ બીડવી જરૂરી છે.]

---

*બનાવટી પોંક તો સૂરતમાં હમણાં જ પકડ્યો, ધૂમ વેચાયા પછી. જુવારને બાફી નાખી, પોચી પાડી લીલો રંગ આપે, ને જરા સૅકેરીનનું પાણી ચોપડી દે. એ રીતે ઘણો રૂપાળો દેખાતો ને મીઠાશમાં અનુપમ લાગતો 'પોંક' એ સને ૧૯૫૯-૬૦માં નવી ભારતીય શોધ તરીકે જગજાહેર બનેલું-ચોપડે ચડેલું પરાક્રમ છે.

૯૯ ('કુમાર' અંક ૪૩૫)

△ △ △ △ △ △ △ △ △ △ △ △ △ △ △ △ △ △

ત્રિકોણ

લેખક • ઇશ્વરચન્દ્ર ભ. ભટ્ટ

સાંજે શાળાએથી આવી ચાની પ્રતીક્ષા કરતો હું આરામખુરશીમાં પડ્યો હતો. રેડિયો પરથી શ્રી રામનારાયણ સારંગી પર મધુર સ્વરે પીલુ ઠુમરી વહાવી રહ્યા હતા. ત્યાં અમારો ચિ. આવીને કહે, 'પપ્પા, આ ત્રિકોણની રચના કરી આપોને!'

અમે કાંઇ ગૅશ્સમાં સીધો રસ ધરાવતા નથી. અમારો તો ખાસ વિષય ભાષા છે. છતાં દીકરાએ જ પૂછ્યુ તો એને છેક નિરાશ કેમ કરાય? અમે કહ્યું, 'પાયો દોરી આપેલાં માપ પ્રમાણે બને બિંદુઓથી...'

'પણ અહીં તો ૮૦ ડિગ્રીનો ખૂણો આપ્યો છે.'

'ત્યારે બીજી બે રેખા પણ આપી જ હશે ને? ત્રિકોણની રચનામાં ઓછામાં ઓછાં ત્રણ અંગ તો જોઈએ જ.' આમ એને સમજાવી બહાર મોકલ્યો, પણ મને એ ત્રિકોણે વિચારે ચડાવ્યો. શાળામાં અમે ભૌમિતિક રચનાઓ ને પ્રમેયો શીખેલા પણ હજી સુધી ક્યાંયે તે કામ આવ્યાં નથી. એ સમગ્ર જ્ઞાન કરંસી નોટના લંબચોરસમાં ને રણકારભર્યા રૂપિયાના વર્તુળમાં સમાઇ ગયું. બાકી રહ્યો ત્રિકોણ, તે આજે અમારો દીકરો લઈ આવ્યો.

'કોના વિચારે ચડ્યા?' શ્રીમતીએ ચા લઈને આવતાં પૂછ્યું. એમાં પ્રેમસહજ ઈર્ષ્યા હતી.

'આ તો આપણો ચિ. ત્રિકોણની રચના વિષે પૂછતો હતો.'

'ત્રિકોણની વળી રચના શી? એ તો આપમેળે જ રચાઇ જાય.' કહી એ મીઠું મરક્યાં ત્યારે જ ત્રિકોણ પાછળ રહેલી વ્યંજના સ્પર્શી.

'તમે પણ કોઈ વાર કવિતા રચી નાખો છો, હં!'

'પહેલાં ચા પી લો, નહીં તો મારે એની રચના ફરીથી કરવી પડશે.'

'ખરેખર આ ભૂમિતિએ તો જીવન પર કબજો જમાવ્યો છે. કરંસી નોટ લંબચોરસ, રૂપિયા વર્તુળ, દશ નયા પૈસા અષ્ટકોણ (જરા ખૂણા ગોળ), પાંચ નયા પૈસા ચોરસ, તો હવે ત્રિકોણે શો અપરાધ કર્યો કે એને ચલણમાં સ્થાન નહિ? જો ત્રિકોણાકાર રૂપિયા બનાવે ને તો અમે એને ટેબલ પર મૂકી જોયા જ કરીએ, જેથી મોહ ઓછો થઈ જાય.'

'મોહ તે વળી ઓછો થાય? જોવાથી તો ફફરાટો વધે!' શ્રીમતીએ હળવી ટીકા કરી; પછી ગંભીર થઇ કહે: 'આ લક્ષ્મી ચંચળ છે એટલે જ ગોળ–ગતિમાન સરકી જાય; અને નોટ કાગળની, હલકી ઊડી જાય.'

અરે, ગમે તે કાંઈ આકાર છે? કયા ભાવનો વાહક? શૂન્ય–પોલાણ. એની વ્યાખ્યા શી? એ ગતિનું પ્રતીક બને, પણ પ્રગતિ કાંઇ ઉન્નત નથી. જ્યારે ત્રિકોણની કેટલી વિવિધતા! સમ, વિષમ, કાટખૂણ, લંબકોણ વગેરે અનેક. બંને પાયાથી જોડો તો ડાયમંડ બને; બને શિરોબિંદુથી જોડો તો ભગવાન શંકરનું ડમરૂ બને, ને ખબર છે? ડમરુના ધ્વનિમાંથી તો આપણા સમર્થ વૈયાકરણી પાણિનિએ વિવિધ પ્રત્યાહારો યોજી વ્યાકરણના કૂટ નિયમોને સરળ બનાવ્યા. 'नृत्तावसाने नटराजराजो ननाद ढक्कां नवपञ्चवारम्।' એ માહેશ્વર સૂત્રની ઉત્પત્તિ ડમરુમાંથી, અને ડમરુ ત્રિકોણની રચનાને કારણે.

'હવે તમે ચા પી લો તો હું કામે વળું.' શ્રીમતીએ કહ્યું.

'કેમ, કંટાળી ગયાં?'

'ત્યારે શું? આવું પીંજણ કરવા કરતાં આરામ લો ને?'

'નાહ. ત્રિકોણને થએલો અન્યાય અમે ભૂલી શકતા નથી. એને ચલણમાં સ્થાન ન આપી સરકારે લક્ષ્મીનું, અરે ખાસ આવા ભાવવાહી ત્રિકોણનું અપમાન કર્યું છે. શિક્ષણમાં પણ ટ્રિગોનોમેટ્રી આવે છે. તેમાં સાઈન, કૅાસાઈન, ટૅન દ્વારા સૂક્ષ્મ અને વિસ્તૃત ગણતરી કરી પર્વત કે ઝાડની ઊંચાઇ, નદીના પટનું અંતર, બે તારા વચ્ચેનું અંતર કે બે શહેર વચ્ચેનું અંતર માપી શકાય છે. ઇજનેરી ક્ષેત્રમાં એ અનિવાર્ય છે.'

'પણ બે દિલ વચ્ચેનું અંતર માપી શકે કે?'

'ઓહ! તમે શું ધાર્યું છે? આ ખાનગી પ્રશ્ન અહીં અસ્થાને છે.'

'ચાલો, હશે. બોલો સાંજે શાનું શાક કરું? મ ફક ન આવે તો–'

'અમે ક્યાં બીજાંની પેઠે તમને વઢીએ છીએ? તમારી, ત્રિકોણાકારમાંથી મહામહેનતે બહુકોણ ને પછી વર્તુળપણાને પામેલી એ રોટલીની પણ અમે જ કદર કરી હતી ને?'

'ત્યારે તો વર્તુળની અગત્ય વધી.'

'નહીં. ત્રિકોણ જ મૂળભૂત આધાર. સહજની કિંમત વધારે.'

'ચાલો, હવે બીજું કાંઈ?'

'લાવો સૂડી સોપારી.'

એ આપી શ્રીમતી રસોડામાં ગયાં. અને સૂડી-સોપારી હાથમાં આવતાં જ લીવર યાદ આવ્યાં: આધાર, બળ ને વજન પર રચાએલાં. એના પ્રકાર પણ ત્રણ. વળી ગુણ પણ ત્રણ છે: સત્ત્વ, રજસ્ ને તમસ્,– જેનાથી શરીર મુક્ત થતું નથી. કલા, કલાકાર અને કદરદાન, ગ્રાહક, વેપારી અને વસ્તુ આમ આ ત્રણની સૂચિ તો લંબાવ્યે જ જવાય. પણ જીવ માયા ને બ્રહ્મમાંથી માયાનો છેદ ઉડાવવાનું શાસ્ત્રનું ફરમાન છે.'સત્યં, શિવં અને સુંદરમ્ પર જ ભારતીય સંસ્કૃતિનો ભાવવાહી ત્રિકોણ રચાયો છે ને? ગીતાનું વિશાળ ફલક જ્ઞાન, કર્મ અને ભક્તિને આધારે ઊભું છે. સાધક, સાધન અને સાધ્યમાંથી એકાદ પક્ષે પણ કચાશ રહી તો સિદ્ધિ સાંપડતી નથી. આદિકવિ નરસિંહ મહેતાએ પણ જીવ, જગત અને જગદીશનાં ગુણગાન ગાઈ આધિ, વ્યાધિ ને ઉપાધિમાંથી મુક્ત થઈ જન્મ જીવન ને મરણને છેલ્લી તાળી આપી દીધી.

નાટકમાં કે ફિલ્મમાં વાર્તા તો હોય જ. એમાં નાયક, નાયિકા ને ખલનાયક (કે ખલનાયિકા) પણ હોય જ. એ વગર ઘર્ષણ જામે નહિ, અને ઘર્ષણ વગર રસનિષ્પત્તિ થાય નહિ. એ પ્રણયત્રિકોણ પછી ભલે સમ હોય કે વિષમ, પાયા પર હોય કે શિરોબિંદુ પર; એ કદી વાસી થતો નથી. બાળકની જિજ્ઞાસા પેઠે બિચારા સિનેમાવાળા ભાગ્યશાળી જીવ છે. એક જ વાર્તા પરથી ફક્ત ત્રિકોણની વિવિધતાને કારણે અનેક વાર્તાઓ ઊભી કરી ભાવછલના યોજે છે. ત્રિકોણ પણ ક્યાં એ સામે વાંધો લે છે? એની વિવિધ રચના શાળામાં શીખ્યા પછી વ્યવહારમાં ઉતારો ત્યારે જ એ સાચુ બને 'ज्ञानं भारः क्रियां विना'.

ત્રિકોણનું શિરોબિંદુ ઉન્નતિસૂચક છે, એ જ કારણે ધર્મસ્થાનકો મંદિર–ગોપુરમ્, પૅગોડા–ચર્ચ કે મસ્જિદના મિનારા ઉપરને ભાગે ત્રિકોણાકાર હોય છે. ખુદ મહેરાબ કમાન પણ ત્રિકોણનું જ વિકસિત સ્વરૂપ છે, જે ઇજનેરીમાં પૂલ રચના માટે અમૂલી શોધ ગણાય છે.

આર્યોએ અગ્નિની જ્વાળા, વૃક્ષોનાં પર્ણ અને પુષ્પની પાંદડીમાં ત્રિકોણ, ષટ્કોણ કે અષ્ટકોણની રચના કલ્પી હશે. બ્રહ્મયજ્ઞમાં તો સ્પષ્ટ આજ્ઞા જ છે કે 'त्रिकोणं षट्कोण च कृत्वा'. આર્યોએ ક્રિયાકાંડોમાં વિવિધ દેવતાઓનાં શડળ, વેદી-રચના અને દેવી-મંગળના યંત્રોમાં ત્રિકોણને ખાસ સ્થાન આપ્યું છે. કહે છે કે પૃથ્વીનો આકાર મોસંબી જેવો છે, બંને ધ્રુવ પાસે સહેજ ચપટો; પણ આધુનિક છેલ્લી શોધ પ્રમાણે એ જામફળના જેવી છે એટલે કે લગભગ ત્રિકોણાકાર!

રહસ્યકથા (૧૦)——લીલીનું ખૂન

મુખ્ય માર્ગ પરથી ફંટાતા રસ્તા પર થોડે દૂર લીલીનું શબ મળી આવ્યું. અઢારેક વર્ષની એ છોકરીને કોઇએ મારી નાખેલી.

પ્રાથમિક તપાસમાં તેની બાએ કહેલું કે—



'કાલે રાત્રે એને ફિલમ જોવા જવા દઇને મેં જે ગંભીર ભૂલ કરી છે એનો પસ્તાવો મને જિંદગીભર રહેશે અમને હતું કે એ શિશિર સાથે જવાની હશે. શિશિરને અમે એ બાળપણથી જ ઓળખીએ છીએ. અમારી નાતનો જ એ છોકરો છે. તેનો શાંત અને ઠરેલ સ્વભાવ પણ અમને ગમે છે. જો એને અને લીલીને ફાવી જાય તો અમે એ બેઉનાં લગ્ન કરી આપવાનું પણ વિચારેલું. પણ છેક જવાના સમયે અમને ખબર પડી કે લીલી તો મધુકર સાથે જવાની હતી. મધુકર તેને પોતાની મોટરમાં લઈ તેડવા પણ આવવાનો હતો. બહુ ફાસ્ટ મોટર ચલાવવાની એને એક બૂરી આદત છે. વળી, એના રંગઢંગ પણ અમને જરા યે પસંદ નથી. મેં તો લીલીને તેની સાથે જવા માટે ધધડાવી યે હતી, તેના પપ્પાએ પણ તેને ઠપકો આપેલો. છતાં હું એને જતી રોકી ન શકી. એટલું જ નહિ, રાત્રે ઠંડી હતી એટલે હજી કાલે જ ખરીદેલી બેરંગી શાલ પણ મેં તેને ઓઢવા કાઢી આપી હતી. મને તો એ વખતે ખયાલે ક્યાંથી હોય કે હું મૂઈ એને મોતના મોમાં ધકેલી રહી હતી.'

મધુકરની જુબાની પણ લેવાઈ. તેણે કહ્યું કે—



'એ ખરું છે કે હું લીલીને પિક્ચર જોવા લઈ ગએલો. પાછા ફરતાં એને મૂકવા પણ આવેલો. પણ આ ખૂન બાબતમાં હું કંઈ જ નથી જાણતો. મેં એને મુખ્ય માર્ગ પર જ ઉતારી દીધી હતી. એણે જ મને એમ કરવા કહેલું; કેમકે કદાચ તેનાં માતાપિતા એને ફરી મારી સાથે જુએ તો વધુ નારાજ થાય. મને ખબર છે કે મારી ઝડપથી મોટર ચલાવવાની આદત તેમને જરા યે નથી ગમતી. ખેર, હું તો હમેશાં ગાડી ફાસ્ટ જ લઉં છું. કાલે રાત્રે પણ મેં એમ જ કરેલું. બાર વાગ્યે અમે પિક્ચરમાંથી છૂટેલાં. સવા બારે તો હું ઘેર પહોંચી ગયો હતો. તમે જાણો છો ને કે મારું ઘર કેટલું દૂર છે, સહેજે આઠ દસ માઇલ થાય. રસ્તા પર પણ નવા મૂકેલા સોડિયમ લાઇટથી ઘણું અજવાળું રહે છે. એટલે ખુશીથી મોટરની ઝડપ વધારી શકાય તેમ હતું, એટલે મેં યે ગાડી દોડાવેલી. હા, વચ્ચે લીલીને ઉતારવા સારુ મુખ્ય માર્ગ પર બત્તીના થાંભલા નીચે ગાડી રોકેલી. પણ તે યે એકાદ પળ પૂરતી જ. લીલી ઊતરી કે 'ટા ટા' કરીને મેં તો તરત ગાડી મારી મૂકેલી. તમે જ કહો, આમાં મને એનું ખૂન કરવાનો સમય જ ક્યાં મળ્યો?'

ત્રીજી જુબાની શિશિરની હતી એણે જણાવ્યું કે—



'હું શિશિર દેસાઇ સોગંદપૂર્વક કહી શકું છું કે મધુકર બત્તીના થાંભલા પાસે ચોક્કસ થોભ્યો હતો. મેં નજરોનજર એમને જોએલાં. સ્વાભાવિક છે કે લીલી પ્રત્યેના મારા પ્રેમથી પ્રેરાઇને હું આમ મધુકર વિરુદ્ધ બોલતો હોઉં એમ લાગે; પણ હું ખરું જ કહું છું. પંદરવીસ દિવસથી લીલી મને મળી નહોતી, વળી કાલે તેણે ફોન ઉપર મારું આમંત્રણ નકાર્યું ત્યારે તો મને ખીજ ચડી ગઈ હતી. રાત્રે મને ઊંઘ પણ નહોતી આવતી એટલે ઘરમાં આંટા મારતો રહેલો. આખરે ઠંડી હોવા છતાં હું બહાર લટાર મારવા નીકળી પડ્યો. મુખ્ય માર્ગ પાસે લગભગ આઠસો ફૂટ દૂરથી મેં એક લાલ ગાડીને બત્તીના થાંભલા પાસે થોભતી જોઈ. તેમાંથી એક છોકરો ને એક છોકરી બહાર નીકળ્યાં. એ છોકરી તે લીલી જ હતી. તેણે લાલલીલા રંગની શાલ પણ એ વેળા મેં બરાબર જોઈ હતી. તમને એ શાલ મળી જ હશે. મધુકરે જ લીલીને મારી નાખી છે.'



ત્રણે જુબાનીઓ સાંભળ્યા પછી પોલીસ ઇન્સ્પેક્ટર વિચારમાં પડી ગયો. થોડી વારે તેણે કહ્યું, 'આ જુબાનીઓમાં એક ચૂક આવી ગઇ છે. એ મુદ્દા પરથી લાગે છે કે...' પણ તમે યે આ ત્રણે જુબાનીઓ વાંચી જ છે ને? તમે કહી શકશો કે પોલીસઇન્સ્પેક્ટરનું ક્યા મુદ્દા તરફ ધ્યાન ખેંચાયું છે? તે ઉપરની જુબાનીઓમાં જ છે.

પોલીસ ઇન્સ્પેક્ટરે ટીકા કરતાં કહ્યું કે—'શિશિર કહે છે કે તેણે પંદરવીસ દિવસથી લીલીને જોઈ નહોતી. પણ એણે હજી ગઇ કાલે જ પહેરેલી શાલનું સચોટ વર્ણન આપ્યું છે; એ એટલે સુધી કે તેના લલીલા રંગને પણ તેણે બત્તીના પ્રકાશમાં બરાબર જોયો છે. મધુકરે કહ્યા પ્રમાણે એ પ્રકાશ સોડિયમ લાઈટનો હતો. સોડિયમ લાઈટમાં ક્યારે યે લાલ ને લીલા રંગને દૂરથી પારખી જોયો છે? અરે, નજીકથી પણ એ કોઈ જુદા જ રંગ જણાય છે. તો પછી શિશિરને ખબર કઈ રીતે પડી કે શાલના રંગ લાલ-લીલો જ હતે? જરૂર એણે બીજા ગમે તે પ્રકાશમાં એ શાલ જોઇ હશે. તો એ ક્યાં જોઇ? લાગે છે કે ખૂન વિષે એ જરૂર કઈ વધુ જાણે છે, એથી એની વધુ તપાસ કરો.'

થઈ રહ્યું! ઇતિ સિદ્ધમ્ કે અમે ત્રિકોણ વિષે લખવામાં સફળ થયા. સાક્ષાત્ પૃથ્વી પણ વર્તુળમાંથી ત્રિકોણ થવાનું પસંદ કરે છે!

કવિશ્રી રામનારાયણ પાઠકે એમના 'મંગલ ત્રિકોણ' કાવ્યમાં પ્રસન્ન દામ્પત્યનું ચિત્ર દોર્યું છે. બંને પોતાનાં સંતાનને જોઈ રહ્યાં છે:

'ન ત્યાં અમો બેઉ અને શિશુનો બની રહ્યો મંગલ એ ત્રિકોણ.'

અમે જરા જુદી ને વધુ રોચક-વ્યાપક દૃષ્ટિએ એ ત્રિકોણ કલ્પ્યો છે:

બે બિંદુ શા પતિપત્નીને, રેખા પ્રેમની જોડતી,
અસ્તિત્વ પણ આકાર, ધનતા છે કશી નહીં
પાંગરે પ્રેમનું પુષ્પ, ત્રીજું બિંદુ બના રહે,
હસે માબાપને જોડી, ચારુ આકાર એ દિયે.

બે બિંદુ જેવાં, એકબીજાંથી દૂર રહેલાં, પતિપત્નીને પ્રેમની રેખા જોડી તો રહે. પણ એમાં આકાર, ભાવવાહી સૌંદર્ય નથી. એકાદ સંતાનની પ્રાપ્તિ પછી જ આ સંસારત્રિકોણ સાર્થ બને છે. મા-બાપનો વાત્સલ્યરસ સ્વસ્થતાથી નવજાત શિશુને અભિષેકી રહે છે.

નગાધિરાજ હિમાલયની ઉત્કૃષ્ટ ફોટોગ્રાફી કરવા સારુ ભારતીય વિમાનીદળે કરેલું એક અદ્ભુત સાહસ

એવરેસ્ટ પર ઉડ્ડયન

'મોટાભાઈ!* હવે ટટળાવ્યા વિના બધું કહી નાખો ને!' મેં ચિડાઈને કહ્યું.

'તને સરકારી શિસ્ત (discipline)નો ખ્યાલ નથી! એ બધું જાહેરમાં ન મુકાય.'

'જાણ્યું હવે. તમે 'ઍર ફોર્સ'માં 'સ્ક્વૉડ્રન લીડર'નો હોદ્દો ધરાવો છો તે! નહિ તમારાં 'ટૉપ સીક્રેટ્સ' બહાર પાડી દઉં! ને આમાં ક્યાં 'મિલિટરી ડિસિપ્લીન'નો ભંગ થવાનો છે? હા, તમે સાચું કહો છો કે આ સાહસમાં કોઈને વ્યક્તિગત મહત્ત્વ ન મળવું જોઈએ. એ તો સંઘકાર્ય (team-work)નું પરિણામ ગણાય. પણ મારો મુદ્દો તો વ્યક્તિગત સાહસ અને તમારી આ સરકારી શિસ્ત, બેયને કોરે મૂકી, ત્રીસ હજાર ફીટની ઊંચાઈએ ઊડવાની, કડકડતી ઠંડીમાં મહામુસીબતે લીધેલા એવરેસ્ટના ફોટાની અને આવા ફોટા લેવા પૂર્વે કરવી પડતી પૂર્વતૈયારીની વાતો જાણવાનો છે. માટે જાણવા જેટલું હોય તે બધું સવિસ્તર કહો જોઈએ! નહિ તો યાદ છે એટલું 'હકીકત-દોષ' સાથે હું લખી નાખીશ!'

'એ બધો બફાટ થશે અને—'

પણ વાતનું વેન મૂકુ તો હાર્યા ગણાઉં.

'ના! હવે નહિ છોડું! આજ વરસ થયાં અને બધું ફુરસદે જણાવશો કહીકહી ટાળ્યો છે! માંડીને બધું કહેવાના છો કે નહિ!'

ને માથું ખજવાળતાં બેચાર વ્યંગવાક્યો સંભળાવી એમણે વાત માંડી.

"કર્નલ હન્ટની આગેવાની હેઠળની બ્રિટિશ ટુકડીએ એવરેસ્ટ શિખર સર કર્યાના સમાચાર જ્યારે વાયુવેગે દુનિયામાં પ્રસરી રહ્યા હતા ત્યારે લંડનમાં રાણી એલિઝાબેથના 'કૉરોનેશન'-રાજ્યારોહણની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. અંગ્રેજ પ્રજાને મન તો આ વિરલ યોગાનુયોગનું અદકું મહત્ત્વ હતું, ને એવરેસ્ટની એ વિજયગાથામાં એક ભારતી–શેરપા તેનસિંગ નૉર્કેનું નામ પણ હતું; એટલે હિંદીઓના હર્ષને ય સીમા નહોતી.

૧૯૫૩નો મે મહિનો. 'ઇંડિયન ઍર ફૉર્સ'-ભારતીય હવાઈ દળે આ પ્રસંગે એક યોજના ઘડી: દળના ફોટોગ્રાફી વિભાગના અફસરોની એક ટુકડીએ એવરેસ્ટના ફોટા લેવા એમ નક્કી થયું. વિશ્વભરમાંથી આ નિર્ણયને હાર્દિક આવકાર મળ્યો. લંડનના 'ટાઈમ્સ' દૈનિક ને અમેરિકાના 'લાઈફ' પખવાડિકે તો સારી એવી રકમ આપી એ ફોટા પ્રસિદ્ધ કરવા માટેના કૉપીરાઈટ કરાર કર્યા.

આ ફોટા ત્રીસ હજાર ફૂટની ઊંચાઈથી વિશિષ્ટ પ્રકારના કૅમેરાની સહાયથી લેવાના હતા, અને એટલી ઊંચાઈએ અમે ઠરીને ઠીકરું ન થઈ જઈએ. એ માટે ખાસ પ્રકારના 'ઇલે-ક્ટ્રિક પોશાક'ની વ્યવસ્થા થઈ. વિમાનની પાંખો પર ખાસ પ્રકારનું દ્રાવણ (solution) લગાડવામાં આવ્યું. જેથી આટલી ઊંચાઈએ સખત ઠંડીને લઈ પાંખાઓની આસપાસ બરફ ન જામી જાય. ઑક્સિજન ગૅસની પણ વ્યવસ્થા કરવામાં આવેલી, પણ એમાં સહેજ ગફલત થાય તો સીધા 'કૉમા' (comma)માં સરી પડવાનો ભય! ને કામ માંથી ફુલસ્ટૉપ-પૂર્ણવિરામ આવતાં વાર ન લાગે: ચિરનિદ્રામાં પોઢી જવું પડે! આ કાર્યમાં સાહસનો ભાવ (spirit of adventure) હતો જ.

ઉડ્ડયનના 'સ્ટાર્ટિંગ બ્રિજ' તરીકે 'ગયા'–ને પસંદ કરવામાં આવેલું પહેલાં બે ઉડ્ડયનો સફળ થયાં નહિ વાતાવરણ સ્વચ્છ ન હોવાથી બન્ને વેળા અમારે પાછા ઊતરવું પડેલું. પણ ત્રીજી વેળા વાતાવરણ અનુકૂળ રહ્યું. એ દિવસ હતો ૩ જૂન ૧૯૫૩. એવરેસ્ટ શિખરથી પણ હજારેક ફીટની ઊંચાઈ પર પહોંચતાં દિઙ્મૂઢ થઈ અમે નીચેનું દૃશ્ય જોઈ રહ્યા! જાણે વાદળોના દરિયા વચ્ચે ઊપસી આવેલા બેટ સમું એવરેસ્ટ ઉન્નત શિરે ઊભું હતું. પણ આ અનુપમ દૃશ્યનો આનંદ અમારાથી ઝાઝો માણી શકાય એમ નહોતું. બનતી ત્વરાએ ફોટા પાડી અમારે નીચે પાછા ફરવાનું હતું.

લગભગ ૧ મણ બંગાળી વજનના કૅમેરાને જૅક (jack) પર ચડાવી બારી પાસે ગોઠવવામાં આવ્યો હતો, કૅમેરાનો લેન્સ બારીની લગોલગ આવે તેમ. બારી ખોલતાંની સાથે જ ૬૦થી ૭૦ માઈલની (૨૮°C) ઝડપે ફૂંકાતો હિમાલયનો શીત પવન અંદર ધસી આવ્યો અને ઠંડી આડે કરેલા પૂરતા રક્ષણની વ્યવસ્થા છતાં ય અમારા હાથપગ જાણે ઠરીને મુડદું થઈ ગયા. વળી જુદાજુદા કોણથી એવરેસ્ટના



↑ સ્ક્વૉડ્રન લીડર ભગવાનદાસ કોઠારી

ફોટા લેવા માટે ભારે વજનના અમારા કૅમેરાને ઊંચોનીચો કરવામાં આટલી ઊંચાઈએ બહુ જ શ્રમ કરવો પડેલો, કેમકે આ ઊંચાઈએ સાધારણ વજનદાર વસ્તુ પણ અનેકગણી વજનદાર લાગતી હોય છે.

અમે ઘણી તસવીરો લીધી. વળી અમારી પાસેનાં શક્તિશાળી દૂરબીનોથી તેનસિંગ અને હિલૅરીએ પાડેલી પગદંડી અને શિખર પર રોપેલા ધ્વજ તથા કુહાડીને જોવા ઘણું મથ્યા પણ એનાં કશાં ય ચિહ્નો અમને નજરે ન પડ્યાં છતાં ય આ ઊંચાઈ, ઠંડી, પવન અને બરફ વચ્ચેનું એ ચઢાણ કેટલું કપરું હશે એનો અંદાજ અમને આવ્યો ત્યારે મનોમન અમે એ બંને સાહસિકોને વંદી રહ્યા. એવરેસ્ટના એમના ચઢાણ દરમિયાન એ વિભાગમાં વિમાનોને ઊડવાની મનાઈ હતી, કારણ કે એન્જિન ને પંખાનાં આંદોલનોથી બરફનાં ચોસલાંઓ ધસી પડી એમને જોખમમાં મૂકી દેત.

અમે પાડેલા ફોટા પછી લંડનના 'ટાઈમ્સ' દૈનિક અને અમેરિકાના 'લાઈફ' સામયિકે પ્રસિદ્ધ કર્યા, અને એની આવક હવાઈ દળના અફસરોની વિધવાઓ માટે યોજાએલા નિધિને સોંપાઈ. એ ફોટામાંથી એક ભારતીય ટપાલ-ટિકિટ પર પણ લેવાયો, જેની પ્રશંસા રૉયલ જ્યૉગ્રાફિકલ સોસાયટીએ પર્વત ચઢાણના અને એવરેસ્ટના આજ સુધીમાં લેવાએલા ફોટામાંના શ્રેષ્ઠ તરીકે કરી.

આપણા વડા પ્રધાન નેહરુએ અમને

* 'મોટાભાઈ' એ મારાથી મોટેરા ભાઈ શ્રી ભગવાનદાસ કોઠારી. ૧૯૫૩ના મે મહિનામાં ભગવાનભાઈ 'ગયા' ગયા હતા ત્યારે વૅકેશનમાં હું પાલમ (દિલ્હી કૅન્ટૉન્મેન્ટ) ખાતે એમને ત્યાં મહિનો-માસ રહ્યો હતો. મેં એ બધા ફોટા જોયા હતા; પણ ત્યારે એમણે કશી વાત કરી નહોતી. વડા પ્રધાન નેહરુનું નિમંત્રણ આવેલું ત્યારે બધી વાત જાણવા મળી હતી.



પંડિતજીને ત્યાં મિજબાની વખતે. ડાબી બાજુથી ફ્લાઈટ લેફ્ટેનન્ટ શ્રી બૅનર્જી, સ્ક્વૉડ્રન લીડર શ્રી ભગવાનદાસ કોઠારી, શ્રી તેનસિંગ નૉર્કે, અને છેલ્લે જમણી બાજુ ઉચ્ચ અધિકારી શ્રી કોહલી એમના પાછળ ઊભા છે તે સ્વ. મેજર નંદુ જયાલના ભાઇ ફ્લાઇટ લેફ્ટેનન્ટ જયાલ.

એક મિજબાનીમા નિમંત્રેલા. તેનસિંગ નૉર્કે પણ હતા. પંડિતજીએ રસપૂર્વક એ ઊંચાઈ પર શા શા પ્રકારના મનોભાવો પ્રકટે છે તે વિષે પૂછેલું, આરોહણ કરનાર ટુકડીના સભ્યોને પણ અનુભવોનું વર્ણન કરવા વિનંતિ કરેલી. તેનસિંગનું બયાન રસિક હતું.

ત્યાર પછી થોડા જ વખત બાદ ફોટોગ્રાફી-ના વધુ અભ્યાસ અર્થે ઍર ફૉર્સ તરફથી મને અને ફ્લાઇટ લેફ્ટેનન્ટ મિ બૅનરજીને ઇંગ્લંડ મોકલવામાં આવ્યા. એક વાર લંડન મ્યૂઝિયમ-માં ફરતાંફરતાં ફોટોગ્રાફી વિભાગમાં અમે ગયા. ત્યા પ્રવેશદ્વાર પાસે જ અમે લાવેલા એવરેસ્ટના એ ફોટાની મોટી એન્લાર્જ્ડ નકલો ગોઠવી હતી. એ જોઈ એ દિવસોનાં બધાં સંસ્મરણો સળવળી ઊઠેલાં, અને અમે આનંદમિશ્રિત લાગણીથી એ ફોટો જોઈ રહ્યા. ત્યારે મ્યૂઝિયમનો ભોમિયો અમને એવરેસ્ટ-વિજયની અને એ ફોટા તથા એ કઈ રીતે લેવાયા તેની માહિતી આપતો હતો!"

સુનીલ કોઠારી

૧૯૨૪ની સાલની વાત છે. મહાત્માજીએ વરાડ ગામની ઊડતી મુલાકાત લીધી હતી. બપોરનું ભોજન ત્યાં જ પતાવવાનું હતું. મહાત્માજીએ ગરમપાણીમાં જરા મીઠું નાખી લીંબુ પીધું એ પછી દૂધ લેવા માટે એક ભાઈ લીંબુવાળો વાડકો ધોવા ગયા. પાણીની ડોલ ભરેલી હતી. તેમાંથી હાથનાં આંગળાં વડે વાડકામાં પાણી લઇ, વાડકો વીછળી, પછી ડોલમાજ વાડકો બોળી સાફ કરી લાવ્યા. આ બધું ગાંધીજીની નજર સામે જ થતું હતું એટલેતેમણે કહ્યું: 'આ બરાબર ન થયું. પહેલાં તો તમે ડોલમાં હાથ નાખી પાણી ગંદુ કર્યું એ પહેલી ભૂલ કરી; પછી વાડકો પૂરો સાફ કર્યા સિવાય ડોલમાં બોળ્યો એ બીજી ભૂલ. વળી વાડકો માત્ર વીછળ્યે ચાલેનહિ, માંજવો જોઇએ. અને હવે આ ડોલનું પાણી પણ નહિ ચાલે. એ પણ ગંદું ને એંઠું થયું.'

બીજા એક ભાઈ ડોલમાં બીજું પાણી લઈ આવ્યા, અને પેલા ભાઇ વાડકો અને ચમચો માંજવા ગયા. માંજીને પોતે પહેરેલા ધોતિયા-ને છેડે વાડકો અને ચમચો લૂછતા આવ્યા, એટલે વળી પાછા ગાંધીજી હસ્યા ને બોલ્યા: 'આ વળી નવી ભૂલ કરી. તમારું ધોતિયું ગમે તેટલું ઊજળું હોવા છતાં સાફ ન કહે-વાય. તમે એ સવારનું પહેર્યું હશે. ત્યાર પછી ગમે ત્યાં ફર્યા હશો. ત્યાનાં અને તમારા શ-રીરનાં જતુઓ એનેલાગ્યાં હશે, એટલે એનાથી ખાવાનાં વાસણો સાફ ન કરાય. વળી તમારું ધોતિયું પણ આ રીતે ન બગાડાય.'

વાડકો અને ચમચો પાછા સ્વચ્છ પાણી-એ ધોઇ, સાફ કકડે કોરા કરી મહાત્માજી સમક્ષ તેમની પથારી ઉપર મૂકવામાં આવ્યા એટલે મહાત્માજી પાછા હસ્યા અને બોલ્યા: 'વળી પાછી ભૂલ થઇ!' પેલા ભાઈ તો આભા જ બની ગયા! મહાત્માજી એ કહ્યું: 'આ ચમચો તમે નીચે પથારી પર મૂકયો છે. અહીં મારા પગ પડયા છે એટલે એની પડેલી રજકણ ચમચાને લાગે ને મોંમાં જાય એ સ્વચ્છતા-ના નિયમ પ્રમાણે બરાબર ન કહેવાય.'

ચમચો પાછો સાફ કરીને આપવામાં આવ્યો. આજની આ ભૂલ-પરંપરામાં મારો યે થોડો ભાગ હતો. મેં પથારી ઉપર એક નાનો કટકો પાથર્યો અને મોટા વાડકામાંથી નાના વાડકામાં હું દૂધ રેડવા લાગ્યો. એવા-માં દૂધનો એક છાંટો નીચે પડયો. એટલે ગાંધીજી એકદમ બોલી ઊઠયા: 'સંભાળો! સભાળો! દૂધના એકએક ટીપે મારું લોહી કપાય છે.' ગાંધીજીના એ શબ્દો હું કદી ભૂલ્યો નથી, એ આજે પણ મારા મનમાં ગુંજી રહ્યા છે. —કેશવભાઈ ગણેશજી (૨૫)

લવિંગિયાંની લૂમ

મોડી રાતે ગોથાં ખાતાં ઘેર જતા એક દારૂ-ડિયાએ સામા મળેલા એક રાહદારીને પૂછ્યું, 'અલ્યા ભાઈ, આ રસ્તાની સામી બાજુ કઈ?'

'કેમ વળી? પેલી સામે દેખાય છે તે.' રાહદારીએ એ તરફ આંગળી ચીંધીને કહ્યું.

'ત્યાં તો હું ચાલતો જ હતો; પણ ઘડી પહેલાં તમારા જેવા કોઈને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે સામી બાજુ તો આ છે.'

જ્યારે પણ લાગ મળે ત્યારે એકબીજાનું કાપનારા બે હરીફ વેપારીઓ એક કલબમાં વાતોના ટોળામાં બેઠા હતા, તે દરમ્યાન એ-માંનો એક વેપારી બોલ્યો: 'પૈસા કમાવાના તો સેંકડો રસ્તા હોય છે'

'હા'; એ સાંભળીને બીજાએ કહ્યું. 'પણ પ્રામાણિક રસ્તો તો માત્ર એક જ છે.'

'એ કયો?' પહેલાએ પૂછ્યુ.

'હં; જોયું ને, હું પહેલેથી જાણતો હતો કે તને તેની ખબર ન જ હોય.'

વેપારી જમવા ગયો હતો તેની અવેજીમાં દુકાન સાચવતા એક નાના ચોકુસને ઘરાકે આવીને ઊંદર પકડવાનું છટકું માગ્યું. છોકરાને શોધતાં જરા વાર થઈ એટલે ઘરાક બોલ્યો: 'જલદી કર, મારે ઝટ બસ પકડવી છે.'

છોકરો બોલ્યો: 'એવડું મોટું છટકું તો ભાઈ, અમારી દુકાનમાં નથી.'

'આપણાં પડોશીઓએ બંગાળી ભાષા કેમ શીખવા માંડી છે?'

'એમણે એક બંગાળી બાળક દત્તક લીધું છે, એટલે એ મોટું થઇને જે બોલે તે એમનાથી સમજી શકાય તે માટે.'

ભલા પટેલ શહેરની ભણેલી કન્યા પરણી આવ્યા. પત્નીને ખેતીનું કાંઈ જ જ્ઞાન નથી એમ સમજીને એમણે બીજે દહાડે સવારે તેને કોઢમા લઈ જઇને ગાય દોહતાં શીખવવાની શરૂઆત કરી. પણ અજાણ્યું લાગવાથી ગાયો તોફાન કરવા માંડી; એથી તેણે ભલા પટેલને કહ્યું, 'આ મોટી ગાયો મારાથી નહિ દોવાય; આપણે પેલી વાછડીઓથી શરૂઆત કરીએ.'

ગાંડાની ઈસ્પિતાલની મુલાકાતે ગએલા એક માનસશાસ્ત્રીએ એક દરદીને પૂછ્યું, 'પણ તું નેપોલિયન જ છો એમ શાથી કહે છે?'

'અરે, ખુદ પરમેશ્વરે જ મને કહ્યું ને!' પેલા-એ જવાબ આપ્યો. ત્યાં તો તેને પડખે બેઠેલો બીજો દરદી બોલી ઊઠયો: 'મેં તો એને એવું કાંઈ જ કહ્યું નથી.'


કલાચર્ચા

સરસ્વતીના પાંચ પ્રકાર

કલામાં વિકૃતીકરણ ઉપરના ગયા અંકમાંના શ્રી જ્યોતિ ભટ્ટના લેખના અનુસંધાનમાં આ અંકમાં 'સરસ્વતી'ના ચિત્રના પાંચ પ્રકાર (ત્રણ પૂઠા પર, એક ત્રિરંગી મુખચિત્ર તરીકે અને એક અહીં) આપ્યા છે. ભાઇ જ્યોતિએ પ્રતિપાદિત કરેલા મુદ્દા પરત્વે સર્વસંમતિ નથી એમ વાચકો તરફથી મળતા અભિપ્રાયો પરથી સમજાય છે. પણ એમાં રહેલો તથ્યાંશ દર્શાવવાના ઉદ્દેશથી આપેલા આ 'સરસ્વતી'ના વિવિધ પ્રકારો કદાચ સ્પષ્ટ કરશે કે ચિત્રણામાં આવતી વિકૃતિ (એટલે કે ઇરાદાપૂર્વકના કરેલા સૌંદર્યીકરણ વિનાની, સ્વાભાવિક ઉન્મેષથી કરેલી આલેખના)માં કલાની ઊર્મિનો જે આવેગ ભર્યો રણકો હોય છે તે જાણ્યેઅજાણ્યે પણ હૃદયને સ્પર્શતો હોય છે ખરો.

પ્રાચીન ગુજરાતી કલાકારોનાં પોથી-ચિત્રોમાં લખાણની સાથોસાથ જે 'કૅલિગ્રાફિક'—ત્વરિત કલમી, ન્યૂનાકાર શૈલીએ ચીતરતા તેનું ઉદાહરણ પૂઠા પરના મથાળાના લઘુચિત્રમાં છે; તેને બીજ રૂપે લઇને, કલાકાર હેબ્બરે પૂર્ણ રંગમાં વિકસાવીને કરેલા ચિત્રની નાની પ્રતિકૃતિ પૂઠા ઉપર નીચેના ભાગમાં આપી છે (એ મૂળ રંગચિત્ર 'કુમાર'ના ૩૪૪મા અંકના મુખચિત્ર તરીકે આવી ગયું); ને એ બંનેની વચ્ચે, એ જ કલાકાર હેબ્બરે, એ જ 'કલિગ્રાફિક' શૈલીએ ત્વરિત આલેખનામાં કરેલું 'સ્ક્રેપર બોર્ડ ડ્રૉઇંગ' (કાળો મીનો ચડાવેલા પૂઠા ઉપર તીક્ષ્ણ કલમ, સોયા કે છરી વડે કોતરીને કરેલું આલેખન) આપ્યું છે. આ





ગોપ•કસબ-કારીગરી વિભાગમાં શ્રી જ્યોતીન્દ્ર રૉયની ઇનામને પાત્ર ઠરેલી એક કૃતિ

સાથે આપેલું હેબ્બરનું આલેખન પણ એવી જ ત્વરિત શૈલીનું એક બીજું ઉદાહરણ છે. આ અંકમાંનું શ્રીમતી પ્રભા બડગેલવારનું રંગીન મુખચિત્ર પણ સર્જનોર્મિના એવા આવેગમાં કરેલી રેખાવટ ને રંગાવટની રમણાનું પરિણામ છે.

અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઇએ કે જેમ સમાન, ઇરાદાપૂર્વક, મથીમથીને લાવેલી 'શરબતી' સુંદરતા એક પ્રકારનો અભાવ ઉપજાવે છે, તેમ 'મૉડર્ન' કરવાની જિદ્દથી જ મથીને કરેલી—અથવા તો ઘણા કાચા માણસોની બાબતમાં બને છે તેમ, પોતાની નબળી આલેખનાશક્તિ (ડ્રાફ્ટસમૅનશિપ) છુપાવવા ખાતર 'મૉડર્નિઝમ'નો આશ્રય લઇને કરેલી—કૃતિઓ પણ અર્થહીન અને નિર્જીવ લાગે છે. પિકાસોથી માંડીને પૉલ કલી સુધીના પશ્ચિમી મૉડર્નિસ્ટોએ તો પોતાના ઊર્મિની સચ્ચાઇને અનુસરીને નિજનિજી અભિવ્યક્તિ શોધી લીધી છે; પરંતુ આજે આપણામાં 'ઍબ્સ્ટ્રૅક્ટ' કે 'અર્થહીન' કરવા ખાતર કરીને-મથીને 'મૉડર્ન' થવાનો જે વા ચાલ્યો છે તે, બંગાળી શૈલીની ઉત્તરાવસ્થામાં આવેલી કંટાળાજનક શૈલીના ફેજમાં જ પરિણમવાનો. જેમ અજંતાનું કે અવનીન્દ્રનાથનું નર્યું અનુકરણ એ મરણ છે, તેમ માતીસ કે મીરોનું અનુકરણ પણ નિર્જીવતાનું જ ઘોતક છે.

મુંબાઈ રાજ્યનું પાંચમું કલાપ્રદર્શન

હજી હમણા થોડાં વર્ષો પહેલા સુધી કળાના ક્ષેત્રમા બંગાળ સૌની મોખરે હતું. હજીયે તેનું આગવું સ્થાન તો છે જ. સંભવ છે કે આપણાથી તે ઘણો દૂરનો પ્રાંત હોઈ તેની વર્તમાન કલાપ્રવૃત્તિઓથી આપણે અનભિજ્ઞ રહેતા હોઇએ; પણ એટલું તો ચોક્કસ છે કે થોડાં વર્ષો પહેલાં મુંબાઇ રાજ્યની જે કંઇ કળાપ્રવૃત્તિઓ હતી તેની સરખામણીમાં આજે તે ઘણું જ આગળ છે. એટલું જ નહિ, પણ



ગોપબ.ળ—શ્રી કાન્તિ પટેલની એક શિલ્પકૃતિ



રાધાકૃષ્ણ: પારિતોષિક મેળવનાર શ્રી કોકિલા દેસાઈનું બાટીક-કામ


અમદાવાદના સંસ્કારકેન્દ્ર (મ્યૂઝિયમ)માં હમણાં ગયા ફેબ્રુઆરીમાં યોજાએલું સમગ્ર મુંબાઈ રાજ્યનું પાંચમું કલાપ્રદર્શન જોતાં સૌથી પહેલું ધ્યાન તો એ દોરાય છે કે આપણે ત્યાં સમગ્ર કલાપ્રવાહનો ઝોક જાણેઅજાણે પણ 'મૉડર્ન આર્ટ' તરફ વધુ ઢળતો જાય છે. એમાં સાચી સિસૃક્ષાથી સર્જાએલી 'આધુનિકતા' કેટલી અને પશ્ચિમી શૈલીઓનાં નર્યાં અનુકરણ કેટલાં એ તપાસ ને ચર્ચાનો વિષય છે. પણ સરખામણીમાં એક છાપ એ પડે છે કે બંગાળના સર્જન—પછી તે ચારુ કલા હોય કે કારુ કલા—ની માંડણી ભારતીય પરંપરાનો સ્રોત કે તંતુ પકડી જે રીતે થએલી હોય છે તેવા કોઇ એતદ્દેશીય તત્ત્વને બદલે આપણી મૉડર્ન કલામાં પશ્ચિમના અનુકરણનું તત્ત્વ જ વિશેષ કરીને હોય છે. (જો કે ચાવરા, હેબ્બર આદિના સુભગ અપવાદ પણ આમાં છે.) સર્જનની 'તંદુરસ્તી'ને માટે આ ચિહ્ન સારું નથી.

ડ્રૉઇંગ ઍન્ડ પેઇન્ટિંગ, (રેખાવટ ને રંગાવટની ચારુ કલા), શિલ્પ, સ્થાપત્ય, ધંધાદારી (કારુ) કલા, કસબ-કારીગરી અને ફોટોગ્રાફી એમ કુલ છ વિભાગો પ્રદર્શનમાં હતા. એમાં કાપડ પર કરેલા 'બાટીક' પદ્ધતિના રંગકામે ખાસ ધ્યાન ખેંચ્યું હતું. પારિતોષિકને પાત્ર ઠરેલો એનો એક નમૂનો રંગકારીગરી ઉપરાંત ચિત્રસર્જન ને ભાતરચનાની દૃષ્ટિએ પણ પ્રશસ્ય હતો. હજી હમણાં સુધી એ 'બાટીક' વિષે આપણે બહુ નહોતા જાણતા; આજે આપણા કલાકારો તેમાં કુશળ હથોટી દર્શાવે છે. વાચકોની જાણ માટે આ સાથે એ પદ્ધતિનો ટૂંકો પરિચય આપ્યો છે. આ સાથે, ડાબી બાજુએ, દર્શાવેલ બહેન કોકિલાનું 'રાધાકૃષ્ણ'નું બાટીક તેનો એક સુંદર નમૂનો છે.

બાટીકની કળા

પોતાને પહેરવાનાં વસ્ત્રોને વિવિધ રંગોથી ને અવનવી ભાતથી ભાતીગળ કરવાના માણસોએ જે જે પ્રયોગો કર્યા છે તેમાં બાટીકનું સ્થાન આગવું છે. આજે તો કળાને ક્ષેત્રે ઑઇલ પેઇન્ટિંગ, વૉટર કલર, ઇચિંગ કે પેસ્ટલ ડ્રૉઇંગ જેટલું જ ઉચ્ચ સ્થાન તેનું યે છે.

'બાટીક'ની એ રંગાવટકળાના ઉદ્ભવસ્થાન વિષે બહુ ઓછું જાણવા મળે છે. પણ તેનો પ્રસાર તો જાવામાંથી જ થયો છે તેમ કહી શકાય. ઘણા તેનું મૂળ સ્થાન ચીન હોવાનું કલ્પે છે; પરંતુ પૂર્વ એશિયાના પ્રદેશોમાં પ્રસરેલા અન્ય સંસ્કારોની પેઠે આ કળા પણ ભારતમાંથી જ ત્યાં ગઈ હોવાની માન્યતાને વધુ વજૂદ મળે છે. ભારતીય કળાસંસ્કારોની સ્પષ્ટ છાયવાળાં ત્યાંનાં મંદિરોનાં પૌરાણિક શિલ્પનાં માનવપાત્રોએ પહેરેલાં વસ્ત્રો પર જે ભાત આલેખાએલી જોવા મળે છે એ જ ભાતની સ્પષ્ટ અસર એક યા બીજી રીતે આજે પણ જાવાસુમાત્રાનાં બાટીકો પર જોવા મળે છે.




બાટીકનો સિદ્ધાંત સમજવા માટે આપણે એક સાદું જ ઉદાહરણ લઇએ. એક મીણબત્તી પેટાવીને તેના આગળતા મીણનાં બિંદુ ટીપાં કોઈ એક કાપડના ટુકડા પર પાડો. હરીને એ ટીપાં જામી જાય એટલે તેના પર થોડી શાહી ઢોળો. એટલે કાપડ પર તેનો રંગ લાગી જશે; પણ પેલા મીણનાં ટીપાંને કોતરી ઉખેડી લઇને જોશો તો તે ગાળામાં શાહી પ્રવેશી નહિ શકવાથી તેટલો ભાગ કોરો જ રહી ગયો હશે. હવે આ જ સિદ્ધાંતને ખયાલમાં રાખી આપણે થોડું મીણ (અથવા મીણ સાથે કાપડને ચોંટી રહે તથા પોતાની તળેના ભાગમાં રંગને પ્રવેશવા ન દે તેવો પદાર્થ, આપણે તેને પણ મીણ જ કહીશું) લઇને તેના ટીપાને બદલે જો કંઈ ભાત કાપડ પર આલેખીએ, અને પછી તે કાપડને કોઈ પણ પાકા રંગમાં રંગી નાખી પછી એ મીણની ભાત ઉખેડી લઇએ તો એ ભાતવાળો કાપડનો જે ટુકડો તૈયાર થાય તેનું નામ બાટીક. આ સાદું ઉદાહરણ વધુ સુંદર પરિણામ મેળવવા આ આખી પદ્ધતિનો જે વિકાસ સધાયો છે એ જ આપણે જોતાં જોઈએ.

જાવામાં સુતરાઉ કે રેશમી બંને પ્રકારનાં કાપડ પર બાટીક કરવામાં આવે છે. પ્રથમ તો આખા કાપડને સારી પેઠે ધોઇને તેની પરની કાંજી વગેરે તદ્દન કાઢી નાખે છે. પછી તેના પર તેલનો એક હાથ દઇને ફરી તેને ગરમ પાણીમાં ધુએ છે; અને આમ, કાપડ ખૂબ મુલાયમ તથા પારદર્શક રેશમી પીળી ઝાંય પકડે ત્યાં સુધી આ ક્રિયા લંબાવાય છે. તે પછી તેને તડકે સૂકવી, સુકાઈ રહ્યે આપણા રંગરેજો કરે છે તેમ તેનું ઢીલુંઢીલું ફીંડલું વાળી ધોકાવે છે. આથી કાપડમાં કુમાશ આવે છે, અને બાટીક કરવા માટે હવે તે તૈયાર થયું ગણાય છે. તેના પર જો બહુ અટપટી ભાત આલેખવાની હોય તો પોચા કોલસાની સળીથી તે હળવે હાથે આલેખી લે છે, પણ મોટે ભાગે તો કાયમના મહાવરાને લઇને કારીગર વગર આલેખને જ કામ કરી શકે છે,–અને મોટે ભાગે સ્ત્રીઓ જ આ કામ કરે છે.

હવે જે ભાગ પર રંગ લાગવા દેવાનો ન હોય તે બધા ભાગ પર મીણ લગાડવાનું કાર્ય શરૂ થાય છે. આ માટે જાન્ટિંગ (ચન્ટિંગ) નામનું એક સાધન વપરાય છે. નળીવાળી એક ટચૂકડી કુલડીને વાંસના હાથા સાથે જોડી એ બનાવેલું હોય છે, અને એ કુલડીમાં ગરમગરમ પ્રવાહી મીણ ભરી પેલી નળી વાટે તે કાપડ પર રેલાવીને ભાત (ડિઝાઈન) બનાવાય છે. મીણ પ્રવાહી રહે એટલા સારુ પાસે રાખેલી નાનકડી સગડી પર જ મીણનું એ વાસણ રાખી મુકાય છે અને તે યે સીધું અંગારા પર ન રાખતાં સગડી પર રાખેલા ગરમ પાણીના વાસણમાં જ તેને રાખે છે. આથી મીણ દાઝતું નથી. જરૂર પડ્યે મોટા વિસ્તારમાં રૂનો ડૂચો બાંધીને બનાવેલી પીંછીથી પણ મીણ ભરવામાં આવે છે. આ આખું કામ ખૂબ જ ધીરજ માગી લે છે. એકાદ ટપકું પડી જાય કે હાથ અસ્થિર થઇ એકાદ રેખા પણ ઘરીને ઊતરે તો કામ બગડે ને કયારેક તો આખી જ ક્રિયા નવેસરથી કરવી પડે.

કાપડની એક તરફ આમ મીણ લાગી રહે એટલે સલામતી ખાતર તેને ફેરવીને પાછલી બાજુએ પણ એ જ રીતે મીણ લગાડી દેવાય છે અને પછી તેને હળવે હાથે પાણીમાં બોળી દે છે. એથી મીણ બરાબર જામી જાય છે. આમાં ઘણી વાર લગાડેલું મીણ તરડાઇ જઇ તેમાં ફાટ પણ પડી જાય છે, ને તેમાંથી રંગ અંદર પણ ઊતરે છે. પરંતુ અમુક પ્રમાણમાં આવી રીતે અંદર ઊતરેલા રંગથી એવી તો કુદરતી સુંદર ભાત પડે છે કે જે સામાન્યતઃ કલાકાર પોતાને



'ઇન્ટ્રોડક્શન ટુ ટાઇપોગ્રાફી': કરુકલા વિભાગમાં રૂા. ૧૦૦૦ના ખાસ ઇનામને પાત્ર ઠરેલું શ્રી ભાઈ પટકીનું એક વિશિષ્ટ સંયોજન



અમેરિકામાં ૭૦૦ જેટલાં કલાસંગ્રહાલયો છે, જેમાંનાં લગભગ બધાં જ ખાનગી નાણાં વડે ચાલે છે. ઉપરાંત ઘણાં કલાગૃહો અને ક્લબો પણ છે, જે વારંવાર કલાકૃતિઓનાં પ્રદર્શનો યોજે છે. ઉપર એવા એક પ્રદર્શનમાં ભારતની નટરાજની મૂર્તિ અવલોકતાં પ્રેક્ષકો જણાય છે. નીચેના પહેલા ચિત્રમાં ન્યૂયૉર્કમાં ગ્રિનીચ વિલેજ ખાતે દર કૂન બે રસ્તાની પગથી પર જે કલાપ્રદર્શન યોજાય છે તેનો ખયાલ આપ્યો છે. અમેરિકાનું તે એક અત્યંત પ્રસિદ્ધ પ્રદર્શન બની રહે છે. અહીં કલાકારો જાતે પોતાની કલાકૃતિઓ લોકોને બતાવે છે. બીજા ચિત્રમાં, અમેરિકામાં જે ૬૦૦ જેટલી કલાશાળાઓ છે તેનો ખયાલ આપ્યો છે. એમાં ખાનગી શાળાઓ ને વિવિધ કૉલેજોના કલાવિભાગોનો સમાવેશ થાય છે. ઉપરાંત અબિધિસરના રેખાંકન-વર્ગો તથા અભ્યાસમંડળો પણ ત્યાં ઘણાં ચાલે છે.


હાથેથી તો ન જ સર્જી શકે. બાટીકની આ એક વિશિષ્ટતા છે અને એથી સુંદરતા પણ મળે છે.


મીણ લાગી ગયા પછી રંગના હૂંફાળા પાણીમાં હળવે હાથે બોળીને કાપડ રંગી નખાય છે; અને રંગ પૂરો ચડી ગયે તેને બહાર કાઢી લઈ એક વાર પાણીમાં નિખારીને પછી ગરમ પાણીમાં નાખી દે છે. એટલે લગાડેલું મીણ ઓગળી જઈ કાપડ પરથી છૂટું પડી જાય છે અને એની જગ્યાએ રંગ નહિ લાગતાં સુંદર ભાત ઊપજેલી જોવા મળે છે.


એક ઉપર બીજા રંગની ભાત ઉઠાવવી હોય તો ફરી આ જ રીતે જ્યાંજ્યાં એ રંગ ન બતાવવો હોય તે તે જગ્યાએ મીણ લગાડી દઇ ઉપર્યુક્ત આખી ક્રિયા ફરીથી કરાય છે. આમ, દરેક રંગ વખતે ફરીફરીને મીણ લગાડવાનો પૂર્વના દેશોમાં ચાલ છે. પશ્ચિમમાં, એથી ઊલટું, કલાકાર દરેક વખતે ફરીફરીને મીણ ન લગાડતાં એકબીજા રંગોનાં મિશ્રણોની અસરોને ખયાલમાં રાખીને કામ કરે છે. પશ્ચિમના દેશોમાં તો આથી યે આગળ વધી આ જ સિદ્ધાંતનો ઉપયોગ કરી માત્ર દરેક પ્રકારના કાપડ પર જ નહિ પણ હાથીદાંત, ઘાસની સાદડીઓ, ને લાકડાની તકતીઓ ઉપર પણ હવે બાટીકકામ કરવામાં આવે છે; એટલું જ નહિ, પણ મીણથી અમુક ભાગ ઢાંકી દઇ ધાતુના પતરા પર રંગને બદલે તેજાબ રેડી એટલો ભાગ કોરીને પણ સુંદર નમૂનાઓ તૈયાર કરવામાં આવે છે.

એક વિસ્મૃત ડ્રૉઇંગ-બુક


ભારતીય કલા અને સંસ્કૃતિના એક વરેણ્ય મિત્ર અને ઉપકર્તા અંગ્રેજ શ્રી ઈ બી. હૅવેલ–જેમનો પરિચય આ અંકમાંના 'પચ્ચીસ વર્ષ પહેલા'ના વિભાગમાં આપ્યો છે તેમાં એમણે ચિત્રણા શીખતાં નાના બાળકો માટે તૈયાર કરેલી ડ્રૉઇંગ-બુક (આલેખન-પોથીઓ)નો પણ ઉલ્લેખ આવે છે. વિશુદ્ધ આર્ય-આલેખનાની પરંપરા પર કરેલો એ પ્રશસ્ય પ્રયત્ન આજે તો આપણા શિક્ષણક્ષેત્રમાં એ દિશામાં થએલા અનેક કુટકળ પ્રયોગોના જંગલમાં અટવાઇને ભૂંસાઈ ગયો છે; અને એટલે જ એના ત્રણ ભાગમાંથી, વૈવિધ્ય અને વિષયની દૃષ્ટિએ ચૂંટેલા થોડા વાનગી રૂપ નમૂના આ સાથે બે પાનાં પર આપવાની છૂટ (એના પ્રકાશક મૅક્મિલન કંપનીના સૌજન્યથી) લીધી છે. એમાં સામેના પાના પર પ્રથમ આપેલી, સાદી સક્કરપારાની ભાતથી શરૂ કરીને કિનાર અને તોરણમાં વિકસતી પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થી માટેની રચનાથી માંડીને, ઉત્તરોત્તર શ્રેણીબદ્ધ વિકસતી જતી જે રચનાઓ આપી છે તે પ્રાચીન ભારતીય શિલ્પ-શોભનોના આધાર પર તેની પરંપરાનો તાર વિશુદ્ધપણે સાચવી રાખીને તૈયાર કરેલી છે. એ જ રીતે આ પાના પર તથા અન્યત્ર આપેલી આકૃતિઓ, આપણી સ્થાપત્યરચના, કાપડની છાપો, પ્રાણીશિલ્પો, ધાતુપાત્રો ને વેલવનસ્પતિના આધાર પર તૈયાર કરી છે, જે દરેકની સાથે તેનાં માર્ગદર્શક પ્રાથમિક સોપાન પણ આપેલાં છે. જિજ્ઞાસુઓ અને અભ્યાસેચ્છુઓને એ પ્રેરક અને સહાયક થઈ પડશે એવી આશા છે.











મથાળે: ભારતીય સ્થાપત્યરચનામાંથી, કાપડછાપમાંથી અને પ્રાણીશિલ્પમાંથી યોજેલાં આલેખનો: તેનાં માર્ગદર્શક સોપાન સાથે.




























મથાળે: સાદા સક્કરપારાની ભાતની રચનામાંથી કિનાર ને તોરણ;
જમણી બાજુ તથા નીચે: ભારતીય સુશોભનોના આધાર પર રચેલી
ચડતી જતી શ્રેણીની ડિઝાઈન-રચનાઓ

















શ્રી ઈ. બી. હૅવેલે યોજેલી ડ્રૉઇંગ બુકનાં બે વધુ પાનાં : ભારતનાં પાત્રો અને ભારતની વનસ્પતિનાં આલેખન (બધાં ચિત્રો મૅક્મિલન ઍન્ડ કંપનીના સૌજન્યથી)

બીજા વિશ્વયુદ્ધ વખતે બૉંબમારાથી તારાજ થઈ ગએલા ઇંગ્લંડના કૉવેન્ટ્રી કૅથડ્રેલનું હમણાં પુનર્નિર્માણ થઈ રહ્યું છે. તેમાં ૪૫ ફૂટ લાંબી ને ૭૦ ફૂટ ઊંચી એક દીવાલ આખી કાચના મોટા પારદર્શક તકતાઓની બનાવવાની છે. આ બધા તકતાઓ પર લંડનના કલાકાર મિ. જ્હૉન હટન, આ કાર્ય માટે પોતે ખાસ બનાવેલા 'એન્ગ્રેવર' દ્વારા ૩૫ દેવદૂતોનું ચિતરામણ-કોતરામણ (એંન્ગ્રેવિંગ) કરી રહ્યા છે.



'સેઉલ'નું ગૌરવ-'નામદામૂન'

કોરિયાના મુખ્ય શહેર 'સેઉલ'માં 'નામદામૂન' (દક્ષિણનું મહા-દ્વાર) નામે જૂના નગરની ફરતા કોટનો એક ભવ્ય દરવાજો છે.

પ્રાચીન કોરિયાના યી રાજ્યવંશના સ્થાપક રાજા તાએજોએ ઈ. ૧૩૯૪માં આ સ્થળે પોતાની રાજધાની 'હાનસુંગ' સ્થાપી ત્યાં મહેલો ને મંદિરો સાથે જે ગઢ બંધાવ્યો તેની દક્ષિણે, ઈ. ૧૩૯૫માં ઉપર્યુક્ત મહાદ્વાર બંધાવવું શરૂ કર્યું, જે કાર્ય ત્રણ વર્ષ ચાલેલું. પાછળથી પચાસેક વર્ષે ઈ. ૧૪૪૭માં તેનું નવનિર્માણ થયું અને ત્યારથી તે છેક આજ સુધી એ ભવ્ય દરવાજો 'નામદામૂન' એની એ જ હાલતમાં અડીખમ ઊભો છે. જાપાનીઓએ કોરિયા કબજે કર્યું ત્યારે તેઓએ આ ઐતિ-હાસિક મહાદ્વારને પણ પાડી નાખવા વિચારેલું; પરંતુ પ્રજાના ઉગ્ર વિરોધથી આખરે એ વિચાર પડતો મૂકી રસ્તાને વળાંક આપ્યો.

'પારૂ' નામે ઓળખાતા સવારના ૩ વાગ્યાના ઘંટનાદે ઊઘડી સાંજે ૪ વાગ્યે 'ઇન્જુંગ' નામના ઘંટનાદો સાથે બંધ થતા આ દરવાજાની તેના આદિ કાળથી શરૂ થએલી એ રસમ છેક ૧૯૦૯માં જાપાનીઓએ કોરિયા કબજે કર્યું ત્યાં સુધી ચાલતી રહેલી.





અમદાવાદ ખાતે ભરાએલા મુંબાઈ રાજ્યના પાંચમા કલાપ્રદર્શનના હસ્ત કલાકૌશલ વિભાગમાં બારીક કાગળ કોતરકલાનું પારિતોષિક મેળવનાર પાટણના શ્રી રામપ્રસાદ જડિયાની સફેદ કાગળમાં કોતરેલી કલાકૃતિ

સાહિત્યસંપર્ક

ગત શતકનું સાહિત્ય

(એના કેટલાક અંશો પર દૃષ્ટિપાત)

સાહિત્ય-પ્રવૃત્તિ તરફ સમગ્ર અને આંશિક દૃષ્ટિપાત થઈ શકે છે; તેમાં, ઘણી વાર સમગ્ર દૃષ્ટિપાત કરતાં આંશિક-દૃષ્ટિપાત વધુ રોચક અને યથાશક્ય સમૃદ્ધ દર્શાવાઈ શકે છે.

આપણા જ્ઞાનવૃદ્ધ સાક્ષર વિજયરાય ક. વૈદ્યે લખેલા આ પુસ્તકમાં નવલરામ વગેરે આદ્યશિક્ષણાચાર્યોનું કીમતી કાર્ય તાજું કરાયું છે. ભારતીય સંસ્કૃતિની પીઠિકા પર અર્વાચીન ગુજરાતને ઘડનાર સાંસ્કારિક બળોનું તેમાં દિગ્દર્શન છે. દિવેટિયા-કુટુંબની ઘણીમાંની કેટલીક સાહિત્યસેવા તથા કેટલુંક જૂનું-નવું પત્રસાહિત્ય પુનર્જીવિત કરાયું છે. એવું જ સુવાચ્ય વાચન રણજિતરામ ને નારાયણ હેમચન્દ્ર વિષે અહીં પીરસાયું છે. ભુલાએલા વિચારકો ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી અને વાડીલાલ મોતીલાલ શાહ સંબંધી તેમજ નર્મદ-દલપતનું ભાવનગરમાં આગમન થએલું એની રસિક વિગતો પણ છે. અહીં રજૂ થએલા આવા આ બારે વ્યાખ્યાન-નિબંધ લેખકના અધ્યયનના પરિપાકરૂપ છે.

'નિવેદન'માં લેખક લખે છે: "ભારતીય વિદ્યા ભવને ૧૯૫૨-૫૩ના વર્ષ માટે મારી નિમણૂક 'શ્રી લીલાવતી મુનશી પ્રોફેસર ઑવ ગુજરાતી લિટરેચર' તરીકે કરી હતી. એ અન્વયે આ બાર વ્યાખ્યાનનિબંધો તૈયાર કર્યા હતા. લખાણ જે દૃષ્ટિબિંદુથી તૈયાર કર્યું તે આ હતું: ઇ. સ. ૧૮૫૦ આસપાસથી હમણાં સુધીનાં વર્ષો દરમ્યાન ગુજરાતમાં જે વાઙ્મયનિર્મિતિ થઈ, એનાં પ્રેરક બળો ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ કેવાં, ક્યાં હતાં, તથા એમાં 'આર્ય સંસ્કારિતાની વિજયસિદ્ધિ'નાં પ્રતિબિંબ કઈ રીતે પડે છે એ વિચારવું; અને એ નિમિત્તે (આ છે બીજું દૃષ્ટિબિંદુ) એ શતકના વિસ્મૃત જેવા પણ અભ્યાસપાત્ર ગ્રંથો તથા ગ્રંથકારોમાંના અમુકના કાર્યને, એમના સાહિત્યસર્જનને તથા શાસ્ત્રીય રચનાઓને, આજના તેમજ ભાવિ વાચકના સંસ્કારોદ્‌બોધન અર્થે યથાશક્ય તાજું કરી આપવું. આ પ્રકારની સામગ્રી શોધાવાની તથા ગ્રંથ રૂપે રજૂ થવાની અગત્ય ને અવકાશ હજી ઘણાં છે. એ માટેનો આ પ્રયાસ તો હજી મનોયત્ન જવો ગણાય."

લેખકની પોતીકી વિદ્વત્તા વિષે વિમતતા હોઇ શકે નહિ. અહીં જે ખાસ ઉલ્લેખ માગી લે છે તે છે તેમણે આ પુસ્તકમાં ખીચોખીચ પ્રસ્તુત કરેલી, ગત શતકના સાહિત્યની ભરચક સામગ્રી. જે આજે આપણે ભૂલવા માંડ્યા છીએ (ને જે વિષે કદાચ જાણતા પણ ન હોઇએ) તે કાચા સુવર્ણ સમી આ સાહિત્ય-સંપત્તિ આપણને આત્મગૌરવનું ભાન કરાવે છે.

સૂચિ, ને ૨૫ સાહિત્યકારો-સંસ્કારસેવકોની તસવીરોની આર્ટપ્લેટો સાથે. પ્રકાશક: ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબાઇ-૭; મુખ્ય વિક્રેતા: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ-૧; કિંમત: રૂ. ૬-૦૦.

શબ્દકથા: મરી, મરચું

આદુ-સૂંઠ માટે અંગ્રેજીમાં એક જ મૂળ શબ્દ છે, તેમ હિન્દીમાં મરી-મરચા માટે મૂળ એક જ શબ્દ છે—'મિર્ચ' (કે 'મિરિચ', 'મરિચ'); બંને વસ્તુનો ભેદ વિશેષણથી બતાવાય છે. 'ગોલ' કે 'કાલી' મિર્ચ એટલે 'મરી', 'લાલ' મિર્ચ એટલે 'મરચાં'; આ ઉપરાંત સહેજ ઉચ્ચાર-ફેરે 'મિરચા' (કે 'મરિચા') પણ આપણા 'મરચું' માટે વપરાય છે.

પણ સંસ્કૃતમાં તો આ બધાનો એક જ મૂળ શબ્દ છે: मरिच (કે मरीच). અર્થ 'મરી'. તેમાંથી પ્રાકૃતમાં मिरिअ—'મરી, મરચું'. ગુજરાતીના બંને શબ્દોનું થડ એક જ છે. એક તરફથી मरीचમાંથી मिरिअ દ્વારા 'મરી' થયો, તો ઉચ્ચારભેદે मरीचમાંથી જ मरिच्च, मरिच्चय ને પછી 'મરચું' થયો. આમ બે ઉચ્ચારો સાથે, બે ભિન્નભિન્ન અર્થો પણ વિકસ્યા, ને મૂળના એક શબ્દમાંથી આપણને બે સ્વતંત્ર શબ્દ મળ્યા.

પ્રાચીન સાહિત્યમાં 'મરી'ના પ્રતિરૂપનો એક સરસ ઉપયોગ થયો છે. સંયમથી ઇંદ્રિયોને સંકોચી લેવા માટે 'કાચબો જેમ અંગો સંકોચી લે' એ પ્રતિરૂપ ગીતા વગેરેમાં જાણીતું છે, પણ અપભ્રંશમાં આ માટે 'મરી'ની ઉપમા યોજી છે. જુઓ આ દુહો:

> 'હિઅડા સંકુડિ મિરિઅ જિમ, ઇંદિયપસરુ નિવારિ,
> જિત્તિઉ પુજ્જઇ પંગુરણુ, તિત્તિઉ પાઉ પસારિ'.

એટલે કે 'હે હૈડા, મરીની જેમ સંકોડાઇ જા ને ઇંદ્રિયોના પ્રસારને નિવાર; જેટલે પાગરણ પહોંચે, તેટલે સુધી જ પગ પસાર.' લીલા મરીની સપાટી સુકાતાં કેવી બધેથી સંકોડાઇ જાય છે, તે યાદ કરતાં આ ઉપમાની ચોટ બરાબર પકડાશે.

'મરી'નો બીજો ઉપયોગ એક જૂની કહેવતમાં મળે છે: 'ચિણય જિમ ન મિરિઅ ખજ્જંતિ.' એટલે કે 'મરી કાંઈ ચણાની જેમ ન ખવાય.' ટેકરીની જેમ કાંઇ ગિરનારની ચડઊતર થાય?

'મરી' માટે બીજો પ્રચલિત શબ્દ છે 'તીખાં'. એમની તીખાશ એટલી બધી કે 'તીખાં' એ વિશેષણ વધુમાં વધુ એને જ લાગુ પડે. એટલે વિશેષણ બની ગયું નામ—જેમ 'મીઠું', 'ચોખા', 'ખાટી' વગેરે બની ગયાં તેમ.

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે 'તીખું'નું મૂળ છે तीक्ष्ण; तिक्त નહીં. ને સંસ્કૃતમાં तिक्त એટલે 'કડવું', ને कटु એટલે 'તીખું'! ગુજરાતીમાં આ અર્થ ઊલટા થઇ ગયા છે. 'કટુ-વચન' એટલે મૂળે તો 'તીખાં વેણ'. સૂંઠ, મરી ને પીપરના ચૂર્ણ માટે 'ત્રિકટુ' (ત્રણ તીખી ચીજો) શબ્દ જાણીતો છે—પણ એ 'કટુ' પરથી આવેલા 'કડવું'માં આપણે તીખાને કડવું બનાવી દીધું!

—હરિવલ્લભ ભાયાણી

સાહિત્યિક સમસ્યા

(મહેન્દ્ર ન. પંડ્યા)

આપણા કેટલાક સાહિત્યકારોએ દેશની સ્વતંત્રતા માટે જેલયાત્રા સ્વીકારી ત્યારે ત્યાં મળતા સમયનો સદુપયોગ કરી ઉત્તમ પ્રકારનું સાહિત્ય સર્જ્યું છે. નીચે એ સાહિત્ય અને સાહિત્યકારોનાં આડાંઅવળાં આપેલાં નામોમાંથી કોણે શું લખ્યું તે વાચકે શોધવાનું છે.

૧ કનૈયાલાલ મુનશી	૧ જેલ ઑફિસની બારી
૨ મહાદેવભાઈ દેસાઈ	૨ માનવી ખંડિયેરો
૩ ઉમાશંકર જોશી	૩ ઓતરાતી દીવાલો
૪ કિશોરલાલ મશરૂવાળા	૪ સત્યના પ્રયોગો
૫ ઝવેરચંદ મેઘાણી	૫ સાપના ભારા
૬ કાકાસાહેબ કાલેલકર	૬ બ્રહ્મચર્ય આશ્રમ
૭ ગાંધીજી	૭ ગીતા અકૉર્ડિંગ ટુ ગાંધી

ઉત્તર: ૧-૨, ૨-૭, ૩-૫, ૪-૬, ૫-૧, ૬-૩, ૭-૪

પુસ્તકાલય સ. સ. મં. લિ.નાં

ડૉ. જેમ્સ કઝિન્સ

ભારતના રાજકીય સ્વાતંત્ર્યની સાથોસાથ તેની સાંસ્કૃતિક મુક્તિ અને પુનર્વિધાન માટે જે ઉદારચિત્ત ને પ્રતિભાવાન પરદેશીઓએ જીવનસમર્પણ કર્યાં છે તે સિસ્ટર નિવેદિતા, ઈ. બી. હૅવેલ, ઍની બેસન્ટ, મૅાડ મૅકકર્થી, મિરા રિશાર વગેરેની હરોળમાં ડૉ. જેમ્સ હેન્રી કઝિન્સનું નામ નિઃસંકોચ મૂકી શકાય. અંગ્રેજી ભાષાના કવિ ને સાહિત્યકાર, ભારતીય કલા અને સંસ્કૃતિના મહાન પુરસ્કર્તા તથા પ્રબોધક ડૉ. કઝિન્સને ગુજરાતી કળા અને સંસ્કૃતિ સાથે પણ અતૂટ નાતો હતો. તેમણે પોતાનાં પત્ની માર્ગારેટ કઝિન્સ સાથે મળીને લખેલી આપકથા 'વી ટૂ ટુગેધર'નું શ્રી રવિશંકર રાવળે કરેલું સંદોહન 'કુમાર'ના ૩૮૮થી ૪૦૪-મા સુધીના અંકોમાં આવી ગયું. સંદોહક પોતે પણ ભારતીય કલા-સંસ્કૃતિના આરૂઢ તદ્વિદ ને ગુજરાતના તો 'કલાગુરુ' છે. ડૉ. કઝિન્સના જીવનને આ લઘુવૃત્તમાં ઉતારવામાં તેઓ સવિવેકપણે સફળ થયા છે. સંસ્કૃતિ અને કલાની નવજાગૃતના આ કાળમાં તે તે ક્ષેત્રે થઈ ગએલા ડૉ. કઝિન્સ જેવા પુરોધા નાયકોનો સરેરાશ વાચકે પરિચય કરવો રહ્યો. ડૉ. કઝિન્સના તથા માર્ગારેટ કઝિન્સના વિવિધ ફોટોગ્રાફો સાથે. કિંમત: રૂા. ૨–૦૦.

દિલની સગાઈ: નવા વાર્તાકાર શ્રી વિષ્ણુકુમાર કુ. પંડ્યાની ૨૨ વાર્તાઓ, શ્રી કરસનદાસ માણેકના આવકાર સાથે, ૩–૫૦.

પ્રકાશક સંસ્થાનું સરનામું: પુસ્તકાલય સહાયક સ.મંડળ લિ., રાવપુરા, વડોદરા.

નવી પરિચયપુસ્તિકાઓ

સાદી પણ રોચક ભાષામાં સમાજ અને જીવનના પ્રશ્નો વિષે સમજણ આપી શકે એવું સાહિત્ય વિદ્યાર્થીઓ, શિક્ષકો ને શાળા-કૉલેજોમાંથી ભણીને કામધંધે વળગેલાં સ્ત્રી-પુરુષોને માટે દર પખવાડિયે પ્રકટ કરવાના પ્રશસ્ય પ્રયત્ન રૂપ પ્રસ્તુત 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ' હવે તો પાંગરીને સારો લોકાદર પામી રહી છે, એ એક સુચિહ્ન છે. દૈનિક 'જનશક્તિ'-માં યોગ્ય જ કહેવાયું છે કે "સામાજિક ઉપયોગિતા, રજૂઆતની વિલક્ષણતા, ને ભાષાની સરળ સુઘડતાને લીધે 'પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ' વધતો લોકાદર પામી રહી છે. પુસ્તિકાઓનાં શીર્ષકો જોતાં જ વિષયોના આશ્ચર્યજનક વૈવિધ્યનો ખયાલ આપોઆપ આવી રહે છે. છતાં આમાંનો પ્રત્યેક વિષય આજના સંસ્કારી માનવીની તાત્કાલિક જિજ્ઞાસાનો વિષય છે, અને તે તે પુસ્તિકાનાં લેખકોનાં નામ વાંચતાં જાણકાર માણસોને પ્રત્યેક લેખકના પોતપોતાના વિષયના તજ્જ્ઞપણાનો ખયાલ પણ આવી જશે. જેઓ લેખકોને આ પહેલાં નહિ પિછાણતા હોય તેમને પાછળના પાના પરનો મિતાક્ષરી પરિચય વાંચતાં એ પ્રકારની પ્રતીતિ થશે. આ પુસ્તિકાશ્રેણીના સંપાદક શ્રી વાડીલાલ ડગલીએ આ પ્રવૃત્તિ દ્વારા ગુજરાતી વાચક જનતાની ઉત્તમ સેવા હાથ ધરી જ છે; પરંતુ ઉપરાંત તે તે વિષયના તજ્જ્ઞ લેખકોનું આટલું વિપુલ ધન ગુજરાત પાસે પડયું છે તેનો પરિચય કરાવીને સંસ્કારવાંછુ ગુજરાતને અવશ્ય ઋણી બનાવ્યું છે."

આવી ઉપયોગી એ 'પુસ્તિકા-માળા'ના આગળ ૨૭ થી ૪૦ સુધીના મણકા બહાર પડયા છે તે આ રહ્યા: **સંસ્કૃત સાહિત્યમાં ડોકિયું:** લેખક: જાણીતા કવિ, લેખક અને સાહિત્યરસજ્ઞ શ્રી કરસનદાસ માણેક; **ઘરનો વહીવટ:** લેખિકા: સમાજશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન વિષયોનાં જાણકાર શ્રી વિનોદિની નીલકંઠ; **વેવિશાળની સમસ્યા:** લેખક: વાર્તાકાર ને સમાજચિંતક શ્રી ઈશ્વર પેટલીકર; **સ્પુટનિક અને રૉકેટ:** લેખક: અવકાશ અને ખગોળના વિજ્ઞાનના અભ્યાસી શ્રી મનુભાઇ મહેતા; **આ અધિકાર તમારા છે:** લેખક: સમાજ, રાજ્ય તથા ઇતિહાસ વિષયોના તજ્જ્ઞ શ્રી દેવવ્રત નાનુભાઇ પાઠક; **હળવી કસરતો:** લેખક: આરોગ્યવિદ્યાના જ્ઞાતા ડૉ. સુમન્ત મહેતા; **ઠંડું યુદ્ધ:** લેખિકા: રાજ્યશાસ્ત્રનાં નિષ્ણાત કુ. આલુ દસ્તૂર; **આપણું લશ્કર:** લેખક: શક્તિમંત ગુજરાતી રાજ્યતંત્રચાલક શ્રી એચ. એમ. પટેલ; **ભાડૂત અને મકાનમાલિક:** લેખક: કાયદાશાસ્ત્રના જાણીતા અભ્યાસી શ્રી કેશવલાલ શાહ; **પ્લાસ્ટિકની કથા:** લેખક: વિજ્ઞાનવિષયના યુવાન અભ્યાસી શ્રી હર્ષવદન શાહ; **લોથલ:** લેખક: 'કુમાર'ને સુપરિચિત નિષ્ણાત પુરાતત્ત્વવિદ શ્રી ઉમાકાન્ત પ્રે. શાહ; **પાયાની કેળવણી:** જાણીતા નવલકાર ચિંતક અને કેળવણીકાર શ્રી મનુભાઇ પંચોળી; **પોષક ખોરાક મોંઘો નથી:** લેખક: આરોગ્યશાસ્ત્રવિદ ને નૈસર્ગિક ઉપચારશાસ્ત્રના નિષ્ણાત શ્રી રમણલાલ એન્જિનીઅર; **લંકા:** લેખક: મૂળ સિલોનના અને હાલ ભારતમાં વસતા જાણીતા રાજકારણવિદ અને પત્રકાર શ્રી હેક્ટર અભયવર્ધન.

પ્રાપ્તિસ્થાન: પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, ૨૯ વીર નરીમાન રોડ, મુંબાઇ-૧; છૂટક નકલના ૦-૪૦ ન.પૈ., વાર્ષિક લવાજમ: રૂા. ૮–૦૦ (પરદેશમાં ૧૬ શિલિંગ).



"'ભારતવર્ષમાં કલા જ ક્યાં છે? એ તો છે વિજેતા સિકંદરની ચડાઇએ હિંદમાં પાછળ મૂકેલી ગ્રીક કલાની ઓગઠ!' વીસમી સદીની જગતની જીભ પર આ શબ્દો હતા!

ભારતવાસીઓ પોતે પણ પોતાની કલાને હીણતા હતા. હિંદી કલાનો દીવો બુઝાતો હતો. એવે ઈ. ૧૯૦૭માં એક માણસ–ને તે ચે પરદેશી ઊભો થયો. દુનિયાને કાને એણે ઢોલ પીટચા કે હિંદે ગ્રીસની એંઠ નથી ખાધી. એની પાસે તો સ્વયંસ્ફુરિત, સ્વરચિત, પોતાના જ જાતિસંસ્કારોનું વિલક્ષણ રેખાંકન કરનાર પૂર્ણવિકસિત અને નિયમશોભિત નિજનાં ચિત્ર, શિલ્પ ને સ્થાપત્ય છે. એને સારુ જગતકલાના ભુવનમાં જગ્યા કરો! જગ્યા કરો! એણે ફક્ત થૂક જ ન ઉડાડચુ. ભમીભમાને શિલ્પસ્થાપત્યના નમૂના એકઠા કર્યા; પ્રાચીન ચિત્રો હાથ કર્યાં; પુસ્તકો પર પુસ્તકો લખ્યાં. પછી પહોંચ્યો સ્વદેશ ને શરણાઇ બજાવી. હિંદી કલાનું શ્રીમુખ જગદ્વારે આજ ઊજળું છે એ પ્રતાપ એ મહાન અંગ્રેજના. હિન્દની કલાને આત્મભાન આપનાર એ મિ. ઇ. બી. (અર્નેસ્ટ બીનફીલ્ડ) હૅવેલ.—(જન્મભૂમિ)"

ભારતીય સંસ્કૃતિના એવા એ વરેણ્ય મિત્રનો પરિચય આજથી પચ્ચીસ વર્ષ પહેલાં સૌ પ્રથમ 'કુમારે આપ્યો. એમને અપાએલી ચાર અંજલિઓમાંની એકની તારવણી ઉપર આપી છે: બાકીની ત્રણ હવે જુઓ:

"પોતાનાં લખાણોમાં એકીસાથે પુરાતત્ત્વ, સૌંદર્યતત્ત્વ અને ભારતીય શિલ્પનો નિગૂઢ રસ આપણને જેણે પીરસ્યો, એ વિદેશી વિદ્વાન જે દૃષ્ટિએ આપણા દેશનાં શિક્ષા, દીક્ષા, શિલ્પ, ઇતિહાસ વગેરે જોઈ ગયા છે તેવી દૃષ્ટિ કોઈ

૧૧૩ ('કુમાર' અંક ૪૩૫)

પચ્ચીસ વર્ષ પહેલાં

ફાગણ ૧૯૯૧ અંક ૧૩૫



ઋષિને જ હોય. આપણા દેશના કલાશિક્ષણના મૂળ પ્રતિષ્ઠાતા તરીકે આપણે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવી જોઇએ. કલાશિક્ષણનો એકડો માંડતાં નાનાં બાળકોને ચિત્ર શીખવા માટેની પ્રાથમિક ડ્રૉઈંગ બુકોથી માંડીને આપણા તેમજ વિદેશના રસપિપાસુઓને આપણું કલાસૌંદર્ય સમજાવતા વિચારપૂર્ણ ગ્રંથો સુધીનાં પુસ્તકો રચવાં એ એમનું જીવનભરનું વ્રત હતું. આપણાં કલા ને કલાકારો માટે એવો નિ:સ્વાર્થ પ્રાણાર્પણ પરિશ્રમ કોઇએ કર્યો નથી. —અવનીન્દ્રનાથ ઠાકુર"

"પ્રત્યેક ભારત-જન તેમનાં પુસ્તકોમાંથી તેમની ઋષિવાણી ને સંસ્કારદૃષ્ટિની પાવનકારી અસર મેળવી ઋણી બન્યો છે. પોતાના દેશબંધુઓ—બલકે હિંદીઓ સુદ્ધાંના કટાક્ષો, ઉપહાસો ને વિરોધોને અવગણીને પણ એમણે પોતાને દેખાએલું ભારતીય કળાનું પવિત્ર સૌંદર્ય ને સત્ય જગતને સમજાવ્યું. એમની વાણી દર્શન, સસ્કારને ભક્તિના પૂર્ણ આવેશોવાળું ગદ્યકાવ્ય બની રહી છે. —ર.મ.રા."

"શ્રી હેવેલે વિરલ દૃષ્ટિશક્તિથી હિંદની સાધના અને સંસ્કૃતિના ગંભીર અંતર્દેશમાં શોધ ચલાવી તેનું રહસ્ય શોધી કાઢયુ હતું. જાપાનમાં લાફ્કેદિયો હિયર્ન અને ફેનોલૉસાએ, ઇરાનમાં બાર્ટન નિકલ્સને સંસ્કૃતિના ક્ષેત્રમાં જે ઉદાર દૃષ્ટિ બતાવી છે તથા હિંદના પ્રાચીન સાહિત્યની ચર્ચામાં મૅકસમૂલરે અને સર વિલિયમ જોન્સે જે અંતર્દષ્ટિ બતાવી છે, તેની સરખામણીમાં હિંદની કલાસાધનાના ક્ષેત્રમાં હૅવેલની ઊંડી અધ્યાત્મદષ્ટિ સૌથી વિશેષ મૂલ્યવાન છે. હિંદની કલાના અંતર્નિહિત રસને શોધી કાઢી, હિંદની સાધનાનું શ્રેષ્ઠ ફળ જગતમાં સારી પેઠે જાણીતું કરી, તેમણે હિંદની સભ્યતાને નવા ગૌરવના આસન પર પ્રતિષ્ઠિત કરી. હિંદની પ્રાચીનકલાનાં વિશિષ્ટ રૂપ અને પ્રકૃતિનું રહસ્ય ખુલ્લું કરી જગતના કલાદરબારમાં હિંદી કલાને માટે શ્રેષ્ઠ આસનનો હક્ક સ્થાપવા માટે એમને હિંદ ને યુરોપના શિક્ષિત સમાજમાં જાતજાતનાં અપમાન અને લાંછનો ખમવાં પડેલાં. તેમનાં લખેલાં જુદાંજુદાં પુસ્તકોમાં હિંદી સાધના ઉપરનો તેમનો ઊંડો પ્રેમ ને ભક્તિ વ્યક્ત થયાં છે.

સરકારી કલાશાળાના અધ્યક્ષ તરીકેનું કામ કરતાંકરતાં ફુરસદ કાઢી તેમણે હિંદી સંસ્કૃતિના જુદાજુદા વિભાગોનો ઊંડો અભ્યાસ અને શોધ કર્યાં. તેમનું પહેલું પુસ્તક Stone Carving in Bengal (બંગાલની શિલાકોતરકલા). બીજું તે Benares the Sacred City—Sketches of Hindu Life and Religion (1905) પવિત્ર નગરી કાશી અને હિંદુ જીવન તથા ધર્મનાં દશ્યો. એ ગ્રંથમાં તેમણે એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે હિંદુ જીવન અને કાર્યપદ્ધતિ અંધશ્રદ્ધા અને કુસંસ્મરણનું કંઈ માળખું નથી; બલકે હિંદુના વ્યવહારજીવનમાં અને આચારમાં તો ઉચ્ચ પ્રકારની ભાવુકતા અને આધ્યાત્મિક દાર્શનિકતા સુંદર રૂપમાં પ્રગટ થએલી છે. તેમનું ત્રીજું પુસ્તક Handbook to Agra and the Taj (આગ્રા અને તાજનો પરિચય) એ પુસ્તિકામાં એમણે નિપુણ પૃથક્કરણ કરનારની કુશળતાથી સહજરીતે પ્રતિપાદન કર્યું છે કે મુઘલ યુગની સ્થાપત્યકલા ઈરાની શિલ્પની નીરજ સંતતિ નથી, કે નથી ઇટલીના ઉસ્તાદ કલાકારોની વિદેશી પરિકલ્પના; પણ ભારતના માનસસરોવરમાં સ્વાભાવિકરીતે જન્મેલું શ્રેષ્ઠ કમલ છે. એ પુસ્તિકાએ જૂના મતના પુરાતત્ત્વવિદોની અંધશ્રદ્ધા ઉપર પ્રચંડ આઘાત કરી નવી દૃષ્ટિથી હિંદી કલાનું પૃથક્કરણ કરવાની રીતની શરૂઆત કરી.

આ પછી તરત જ હિંદી કલાનો રસબોધ કરાવનાર યુગપ્રવર્તક ગ્રંથ Indian Sculpture and Painting, 1908 (હિંદી શિલ્પ અને ચિત્રકળા) પ્રગટ થયો. આ ગ્રંથમાં એમણે હિંદી કલાના સૌંદર્યતત્ત્વનાં અલૌકિક સ્વાતંત્ર્ય અને ગૌરવના ઇતિહાસની તેમજ અનેક શ્રેષ્ઠ ઉદાહરણોની પ્રતિલિપિની મદદથી, હિંમત ને સત્ય અનુભવથી શક્તિપૂર્વક પ્રત્યક્ષ પુરવાર કરી આપ્યું કે હિંદી કલાની ગુરુ-ચાવી તેના અભિનવ આધ્યાત્મિક ઇતિહાસમાં જ શોધવી જોઈએ. પ્રાચીન ગ્રીક કે ઇટાલિયન નવયુગના આદર્શનાં ચશ્માં આંખે ચડાવી હિંદી કલાનું સૌંદર્ય મૂલવવાનો પ્રયત્ન કરવો એ આંધળાના પ્રયત્ન સમાન છે. અરધી સદીની શોધખોળ પછી હિંદના પુરાતત્ત્વવિદો કનિંગહામ, ફર્ગ્યુસન, બર્જેસ અને માર્શલ વગેરે ધુરંધર પંડિતોની નજરે જે સત્ય નહોતું

પડેલું તે સત્ય આ સાચા સૌંદર્યરસિક ને કલા-ભક્તની નજર આગળ પ્રગટ થયું. એમની આંગળીના ઇશારાથી ભારતવાસી પોતાના દેશની કલાને નવી રીતે જોતાં સમજતાં શીખ્યા. હિંદી રાષ્ટ્રીયત્વના ઇતિહાસમાં આ નવા શિક્ષણનો દિવસ એ એક નવજાગરણનો શુભ દિન ગણાશે. એ શુભ દિને હૅવેલસાહેબની પ્રેરણાથી નવયુગના શ્રેષ્ઠ કલાકાર અવનીન્દ્રનાથે હિંદી કલાની નવી પદ્ધતિ શરૂ કરી.

તે પછી Ideals of Indian Art (હિંદી કળાના આદર્શો) ૧૯૧૧માં બહાર પાડયું. આ પુસ્તકમાં હિંદનાં દર્શનશાસ્ત્ર અને પ્રાચીન ધર્મશાસ્ત્રોની સમીક્ષા કરી તેમણે બતાવ્યું કે ભારતમાં છેક પ્રાચીન વૈદિક યુગથી જુદી-જુદી અસરો અને પ્રગતિમાં થઇને આર્ય સભ્યતાની મૂળ ઘાટી, સાહિત્યમાં શું કે કલામાં શું, સરખી રીતે જ પ્રકટ થઈ છે.


ત્યાર પછી સ્થાપત્યકલાનો વારો આવ્યો. ૧૯૧૩માં મુઘલ યુગના સ્થાપત્ય સબંધે એક બૃહદ્ ગ્રંથ પ્રગટ થયો. તેનું નામ Architecture: Its Psychology, Structure and History—1913 (હિંદી સ્થાપત્ય: તેની ભાવના બંધારણ અને ઇતિહાસ). એ ગ્રંથમાં સો ઉપરાંત ચિત્રો વડે એમણે બતાવ્યું કે મુઘલ યુગની સ્થાપત્યપદ્ધતિ ઈરાનથી આયાત કરેલી નહોતી, પણ મુઘલ યુગની નવી સામાજિક, રાજકીય અને ધાર્મિક ઉપાસનાને ઉપયોગી એ સ્વરૂપ અને પદ્ધતિમાં પ્રાચીન હિંદી સ્થાપત્યકલાનો નવો અવતાર હતો. યુગે યુગે ને સ્થળે સ્થળે, સામાજિક તથા ધાર્મિક ઉપાસનાની નવીનવી પદ્ધતિની જરૂર પડી તે પ્રમાણે, કોઈ વાર બ્રાહ્મણ ધર્મના તો કોઈ વાર જૈન ધર્મના, કોઈ વાર બૌદ્ધ ધર્મના તો કોઇ વાર ઇસ્લામ ધર્મના ઉપાસકોને ધર્મસાધનામાં ઉપયોગી એવાં મંદિરો, વિહારો અને મસ્જિદો બાંધી આપી હિંદના સ્થપતિઓએ પોતાની અપૂર્વ સૌંદર્યબુદ્ધિ ને સર્જનશક્તિની પ્રતિભાનો પરિચય આપ્યો છે.

આખર વયે હિંદના શિક્ષણક્ષેત્રમાં પણ તેઓ બે વસ્તુ આપી ગયા છે. એ બંને હિંદના નવી પદ્ધતિએ લખેલા ઇતિહાસ છે. પહેલાનું નામ 'હિંદમાં આર્ય શાસન': History of Aryan Rule In India. બીજું પુસ્તક શાળાનું એક પાઠય પુસ્તક છે. તેનું નામ A Short History of India (1924). આ બંને પુસ્તકોમાં તેમણે હિંદના ઐતિહાસિક બનાવોની તપાસ કરી એ બતાવવાનો યત્ન કર્યો છે કે હિંદની સમાજનીતિ, સામ્રાજ્યનીતિ, રાજનીતિ અને ધર્મનીતિ કેવી રીતે યુગેયુગે ને પ્રદેશે પ્રદેશે જુદેજુદે મંગળ સ્વરૂપે પ્રગટ થઈ છે, ને હિંદની સભ્યતાને તેણે સાર્થક કરી છે, સફલ કરી છે. હિંદની સભ્યતાના આવા દર્દભર્યા પ્રેમી, હિંદી સાધનાના આદર્શના આવા શ્રદ્ધાળુ ભક્ત, હિંદની કલા અને સંસ્કૃતિના આવા સહૃદય અને નિપુણ વ્યાખ્યાકાર, હિંદના સર્વાંગીણ કલ્યાણના આવા સાચા મિત્ર, નવીન જાગૃતિના અને દેશપૂજાના આવા યોગ્ય પુરોહિત હિંદના સમકાલીન ઇતિહાસમાં થોડા જ જોવામાં આવ્યા છે. —અર્ધેન્દ્રકુમાર ગંગોપાધ્યાય"

"ગઇ કાલે શિવરાત્રિ હતી. તીર્થસ્નાન કરી, બિલીપત્ર ધરી, ગાલ વગાડી, ભાવિક જનો પાપ ટાળવાને ભોળાનાથને બકાવવાનો પ્રયત્ન કરતા હતા, તે વખતે હું વેરાન વગડામાં રખડવા નીકળ્યો હતો. બાવળાને રસ્તે અમદાવાદથી દસેક માઈલને છેટે ચાંગોદર ગામ છે. ત્યાં મોટરો મૂકીને હું અને મારો એક ઓળખીતો બીડમાં પેઠા."

આ રીતનો ઉપાડ લઇને જાણીતા પ્રકૃતિવિદ્ 'વનેચરે' વનવગડાના એક વધુ વાસીનો પરિચય એ અંકમાં આપેલો. તેની વાનગી હવે જુઓ: "છાતીપૂર ઘાસ. અણખેડી કુંવારી કાળી ભોમ એટલે ખરિયાંનો પાર નહિ. બાવળની ગીચ ઝાડી. આ બધું વટાવતા ભમતા અમે પાંચેક માઇલ ચાલ્યા હોઈશું ત્યાં ઉઘાડ આવ્યો. એમાં પેસીએ છીએ તો સપાટ ખેતરની વચ્ચે 'કાળિયાર' ઊભેલો દેખાયો.

એકલ હૃષ્ટપુષ્ટ શરીર. માથે હાથેક લાંબાં શિંગડાં. બિલીના ઝાડની છાયામાં ચરતો હતો. અપૂર્વ દશ્ય હતું. મારો સાથી હતો શિકારી. હાથમાં ભરેલી બેનાળી બંદૂક હતી; એટલે ચડપ લઇને એણે નિશાન સાંધ્યું. પણ



મારો આત્મા કકળી ઊઠયો. ક્ષણિક આનંદની ખાતર આ નિર્દોષ રૂપાળા જીવને હણવાને મારો જીવ ન ચાલ્યો. એટલે મારી અનિચ્છાથી એણે બંદૂક નીચી નમાવી દીધી અને ઘાસની ઓથેથી અમે જોઈ રહ્યા. પવન સામો હતો એટલે અમારી ગંધ સરખી યે એને ન હતી, એથી નિરાંતજીવે એ ચરતો હતો.

કાળિયારનું નામ કોણે નથી સાંભળ્યું? વૈદિક દેવતાઓનો, સવિશેષ યજ્ઞનારાયણનો તો એ પ્રિય પશુ. આખ્યાયિકા છે કે એક વખત દેવતાઓથી રિસાઇને અગ્નિદેવ યજ્ઞમાંથી નાસી ગયા. નાસીને એ કૃષ્ણમૃગમાં પેઠા, એટલે દેવતાઓએ કૃષ્ણમૃગને પકડીને તેનો બલિ કર્યો. તે દિવસથી કૃષ્ણમૃગ-કાળિયાર દેવતાઓનો યજ્ઞપશુ બન્યો. યજ્ઞમાં હવિ અર્થે પલાળેલી ડાંગર છડવાનું અને મસળવાનું પણ હરણના ચામડામાં. સોમરસ ગળાય પણ એ ચામડાથી. ઋત્વિજો અને યજમાનનું યજ્ઞાયુધ પણ કાળિયારનાં શિંગડાં—'કૃષ્ણવિષાણ'. એમનાં આસન પણ એના જ ચામડાનાં. ઋષિમુનિઓના દેહનાં ઢાંકનાર પણ હરણનાં ચામડાં જ. આવી રીતે ધર્મને નામે હણાતા આ ગરીબ પ્રાણીનો વધ-'મૃગયા' કરવામાં મધ્યકાલીન ગૌબ્રાહ્મણપ્રતિપાળ ગણાતા ક્ષત્રિયોએ પણ સ્વધર્મ અને પુરુષત્વ માન્યાં. આધુનિક યુગમાં એનાં શિંગડાં ખાતર એ હણાય છે. આમ અનેક રીતે પુરાણકાળથી વધ્ય તરીકે પરિચિત આ સુંદર વન્ય પશુનો નિકટનો પરિચય તો શિકારી વિના અન્ય પ્રાકૃત જનને સરળ કે સુલભ નથી.

કાળિયાર એટલે 'બ્લૅક બક'. એનું સંસ્કૃત નામ 'કૃષ્ણસાર-કૃષ્ણમૃગ'. આધુનિક પ્રાણિશાસ્ત્રીઓ એને 'ઍન્ટેલોપ સર્વિકાપ્રા'થી સંબોધે છે. બે ખરીવાળાં પશુઓ ગાય, ભેંસ, બકરાં ને ઘેટાંના ગોત્રમાંથી કાળિયાર ઊતરી આવ્યું છે. રોઝ, છીંકારાં, ચૌશિંગાં ને કાળિયાર 'ઍન્ટેલોપ'ની સામાન્ય સંજ્ઞાથી ઓળખાય છે. કાળિયારને 'ડીઅર' ન કહેવાય. 'Deer' ને 'Antelope' ભિન્ન ગોત્રનાં પ્રાણી છે. એ બંને વચ્ચેનો મુખ્ય ભેદ 'શિંગડાં'થી સમજાય છે. 'ડીઅર'નાં શિંગડાં (ઍન્ટ્લર) ડાળાંવાળા ઝાડની પેઠે ફેલાય છે, જ્યારે 'ઍન્ટેલોપ'નાં 'હૉર્ન્સ' સીધાં સોટા જેવાં, ડાળા વિનાનાં ઊગે છે; 'ડીઅર'નાં શિંગડાં નક્કર, કેવળ હાડકાનાં બનેલાં હોય છે, ત્યારે 'ઍન્ટેલોપ'નાં પોલાં; 'ડીઅર'નાં વરસે વરસે ખરી પડે ને મૂળમાંથી નવાં ઊગે: જ્યારે કાળિયારનાં કોઈ દિવસ ખરે નહિ, ભાંગે તો પણ ફરી ઊગે નહિ એવાં, જિંદગીમાં એક જ વખત ઊગનારાં. 'ડીઅર'ના વર્ગમાં સાબર, કાકર, બારાસીંગ, ચિતળ અને કસ્તૂરીમૃગ ભારતવર્ષમાં

થાય છે. કસ્તૂરી મૃગને શિંગડાં નથી હોતાં, પણ બે નાના દંતૂશળ હોય છે.

આખી દુનિયામાં ચોપગાં પ્રાણીઓમાં સૌથી સુંદર પ્રાણી તે 'કાળિયાર'. એની પડખે મૃગરાજ સિંહ કે વનરાજ વાઘની સુંદરતા પણ ઝાંખી પડે. વિધાતાએ હળવે હાથે એની રૂપાળી સપ્રમાણ અને ભરાઉ કાયા ઘડી હશે. કાળિયાર આશરે ૩૨" ઊંચો. માદા સહેજ નીચી. ત્રણેક હાથ લાંબો દેહ, વેંતભર પૂંછડી, ને બે મણની ફાટતી કાયા. બંનેના વાન પણ જુદા. કાળિયારની પીઠ, ગરદન, ગળુ, મોં, કપાળ ઘેરાં તપખીરિયાં, એટલાં ઘેરાં કે કાળાં શાહી જેવાં લાગે. પેટ, ગળાની નીચેનો ભાગ ધોળો દૂધ જેવો. આંખ ફરતું ધોળુ ચકરડું. જુવાન કાળિયાર–'રાગં' અને માદા–'રેડી'ની પીઠ પીળાશપડતી બદામી, નીચેનો પેટનો ભાગ ધોળો; અને બે પડખે બદામી ને ધોળો રંગ ભેગો થાય ત્યાં ફિક્કા આડા પટ્ટા. પુખ્ત નરને તે નથી હોતા. તદ્દન સફેદ–કોડીઆ કાળિયાર હિંદમાં માત્ર ગુજરાતમાં અમદાવાદની આસપાસ ક્વચિત્ દેખાય છે.

નરને માથે બે લાંબાં, અણીદાર, સીધાં, આમળેલાં પણ ગોળ શિંગડાં : સાધારણરીતે બે ફૂટનાં. સૌથી મોટાં શિંગડાં ૩૧$\frac{3}{8}$"નાં જોવામાં આવ્યાં છે,—એના દેહની ઊંચાઈ જેટલાં લાંબાં! બીજા કોઇ પણ 'ઍન્ટેલોપ'-ની નથી એવી એનાં શિંગડાંની શોભાને લીધે શિકારીઓ એનો ઘાણ કાઢી નાખે છે. શગડાંના મૂળથી ટોચ સુધી થોડે થોડે અંતરે ગોળ કડીઓ. રેડીને સામાન્યરીતે શિંગડાં ઊગતાં નથી. રાગને માથે શિંગડાં ઊગવા માંડે ત્યારે પહેલે વરસે તો સીધાં સોટા જેવાં ઊગ્યે જાય. બીજે વરસે આમળો ચડવા લાગે તે ત્રીજા વરસના અંત સુધી આમળો ચડી રહે પીઠ વગેરેનો રંગ ઘેરો—કાળો પડવા માંડે, જેને લીધે 'કાળિયાર' નામ પડ્યું છે.


ચોપગાં પશુઓમાં સર્વોત્તમ વેગવાળું માત્ર કાળિયાર જ. વાઘ, દીપડા અને ચિત્તા જેવાં શિકારી પ્રાણીઓ પણ એને પહોંચી શકતાં નથી. સપાટ મેદાનમાં કલાકના ૪૦-૪૫ માઈલની ઝડપે પહોરના પહોર સુધી દોડી શકે! ધીમું દોડનાર કાળિયાર પણ ડર્બીની શરતના ઘોડાઓને તો ક્ષણમાં હરાવી શકે! ભલભલા શિકારી કૂતરા યે એની તોલે નથી આવતા. અને એની ફલંગ? એક તડાકે ૨૦–૨૨ ફૂટ તો તે રમતમાં વટાવી જાય!

સ્વભાવે ગરીબ. ખુશમિજાજી પણ એવું જ. રમતિયાળ પણ ભારે. ટોળું બાંધી રહે : ૧૦-૧૫ રેડી અને એનું એકહથ્થુ સ્વામિત્વ



મગજનું સાંચાકામ અદ્ભુત અને વિષમ રચનાવાળું છે. શરીર પર પથરાએલા મજ્જાતંતુઓ ત્યાં થતા અનુભવના સંદેશ મગજનાં જુદાંજુદાં ખાનાંઓમાં પહોંચાડે છે અને એ ખાનાંઓમાંથી પછી આંખ, કાન, નાક, હાથ, પગ, જીભ એમ વિવિધ અંગો ઉપર તેમને કામ કરવાની આજ્ઞા આપતા સંદેશા છૂટે છે. દાખલા તરીકે મગજનો આગલો ભાગ વાચા અથવા વાણીનું કાર્ય કરે છે અને પાછલો ભાગ દૃષ્ટિ–જોવાના કાર્ય જોડે સંબંધ ધરાવે છે. એક જાણીતો ફુટબૉલ રમનારો રમતાંરમતાં જમીન પર પડી ગયો એવામાં તેના મગજના પાછળના ભાગમાં બીજા ખેલાડીની સખત લાત અકસ્માત્ વાગેલી, તેથી તે અમુક દિવસો સુધી આંધળો રહેલો. ઉપરના ચિત્રમાં મગજના વિભાગોમાંનાં થોડાકનાં સ્થળ આલેખી બતાવ્યાં છે.

ભોગવનાર કાળિયાર. ઘાસ એ એમનો મુખ્ય આહાર. એના સંવનનની ઋતુ તો વસંત. એ વખતે, બસ, મસ્તીએ ચડેલા નરની શોભા, એનો થનગનાટ, મદોન્મત્ત ઉગ્ર સ્વરૂપ! એમાં ય એક જ યુવાન હરણી કાજે થતું બે પ્રતિસ્પર્ધી મત્ત કાળિયારનું યુદ્ધ જોતું એ તો જીવનની ધન્ય પળ ગણાય. ગરદન પાછળ નાખી હોય, શિંગડાં બરડા પરથી પડખે ઘસાતાં હોય, પૂંછડી ઊંચી ટટાર કરી હોય, આંખ નીચેની મદઝરતી ગ્રન્થિઓ વિકસાવેલી હોય, પગ પછાડતો, નસકોરાં ફુલાવતો આંખમાંથી અંગાર વરસતો હોય. ચંદ્રનું લાંછન, તેના રથનો ખેંચનાર, નક્ષત્રમંડળના મૃગવ્યાધમાંનો મૃગ તે આ જ : કાળિયાર."



અમર ભવ્ય ભવિષ્ય તું દોર, ને
નવયુગો રચવા કટિબદ્ધ થા;
સહજ નિર્મળ દિવ્ય પ્રકાશને
કદી ય થાય ન જે ભૂતની કથા.
તુજ મહીં જીવવા નવચેતને
જગત સ્તબ્ધ બની નીરખે તને.

ચન્દ્રવદન મહેતા

સાહિત્ય-તપસ્વી સ્વ. 'પ્રેમીજી

ગયા જાન્યુઆરીની ૩૦મી તારીખે એક એવી વ્યક્તિ આપણી વચ્ચેથી ચાલી ગઇ, કે જેનું નામ આપણને બહુ પરિચિત નથી, પરંતુ પોતાને ક્ષેત્રે તેણે કરેલી સંગીન અને કેટલીક તો પાયાની સેવાઓને લીધે તેનું નામ ચિરસ્મરણીય રહેશે. એ હતા શ્રી નાથુરામ 'પ્રેમી'. અને તેમનું કાર્યક્ષેત્ર હતું હિંદી સાહિત્યનાં અધ્યયન, લેખન, સંપાદન, સંશોધન ને પ્રકાશનનું. જેઓ હિંદી સાહિત્યથી પરિચિત હશે તેમણે 'હિંદી ગ્રંથ રત્નાકર'નું નામ સાંભળ્યું જ હશે. એ પ્રકાશન-સંસ્થા પાછળ શ્રી પ્રેમીજીએ પોતાનું સમસ્ત જીવન સમર્પી દીધું હતું, અને વ્યક્તિ મટી સંસ્થારૂપ બની ગયા હતા. આજે સર્વોચ્ચ કક્ષાની પ્રકાશન-સંસ્થા તરીકે તેની જે પ્રતિષ્ઠા છે, એ તેના પાયામાં રેડાએલાં શ્રી પ્રેમીજીનાં પુરુષાર્થ, ખંત અને સંનિષ્ઠાને લીધે.

તેમનું બીજું કાર્યક્ષેત્ર હતું જૈન સાહિત્ય અને ઇતિહાસના સંશોધનનું. જૈન સાહિત્ય, આચાર્યો, તીર્થો આદિના ઇતિહાસ વિષે તેમણે કરેલું માર્ગદર્શન અપૂર્વ છે. તેમના સંશોધક આત્માની પ્રસાદીરૂપ પુસ્તક 'જૈન સાહિત્ય ઔર ઇતિહાસ' તેમની અમર કીર્તિદા બન્યું છે, અને જૈન ઇતિહાસના કોઈ પણ અભ્યાસી વિદ્યાર્થીને માટે તેનું અધ્યયન અનિવાર્ય ગણાય છે. સંશોધનની તેમની પારગામી અને તટસ્થ દૃષ્ટિને લીધે એ ક્ષેત્રે તેઓ ગુરુસ્થાનીય હતા. વળી તેઓ મુક્ત વિચારક પણ હતા. જેવા તેમના સુધારક વિચારો હતા, એવો જ નિર્ભય અને અકલુષિત તેમનો આચાર હતો. પારદર્શક તેમનું જીવન હતું. શાલીનતા, સરળતા, સ્નિગ્ધતા અને સુજનતા એ તેમના વિશિષ્ટ ચારિત્ર્યગુણો હતા. 'પ્રેમી' એ તેમનું ઉપનામ જ માત્ર નહિ પણ તેમના સમગ્ર વ્યક્તિત્વનું યે આગવું લાક્ષણિક વિશેષણ હતું.

પ્રેમીજીના પૂર્વજો માળવાથી આવીને મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં આવેલા દેવરી ગામડામાં વર્ષોથી વસતા હતા. તેમનો જન્મ ૧૮૮૧ની ૨૭મી નવેમ્બર, વિ. સં. ૧૯૩૮ના માગશર સુદ ૬ના રોજ શાહુકારી અને ખેતીવાડીનો વ્યવસાય કરતા પિતા ટૂંડેલાલજીને ત્યાં થયો હતો. પિતા ઘણી સાદીસરળ વ્યક્તિ હતા. શાહુકારીનું રોકાણ ધીમેધીમે ડૂબી જતાં, ખેતીવાડીનું કામ શરૂ કર્યું, પણ એનાથી પોતે સાવ અજાણ હોઇને કીડા-જીવડાં જ તેમના ખેતરમાં જોવામાં આવતાં. પ્રેમીજી લખે છે: 'પિતાજીની સ્થિતિ એટલી તો કષ્ટમય હતી કે કેટલી યે મુશ્કેલીએ એક ટંકનું ભોજન માંડ મળી શકતું.' ભણવામાં પ્રેમીજી કુશાગ્ર બુદ્ધિના હતા. વિદ્યાર્થીઓને નાણવાની શક્તિ ધરાવતા કૃપાદૃષ્ટિ હેડ માસ્તરે તેમને ભણાવીગણાવીને 'ટીચર્સ ટ્રેઇનિંગ'ની પરીક્ષા અપાવી, જેમાં તેઓ બીજે નંબરે પાસ થયા. પછી ૧૮૯૯માં ખૂરઈની પાસેના ખિમલાસા ગામમાં



આપણાં પ્રાણીઓ : ૩૨

વરુ



કૂતરાના જેવું મોં ને રીંછના જેવા ગુચ્છાદાર વાળ ધરાવનાર વરુનું નામ કોણે નહિ સાંભળ્યું હોય?–પણ જોયું હશે થોડાએ.

ભારતમાં તિબેટ, લડાખ ને કાશ્મીરના ભાગોમાં અને બાકીના મેદાની પ્રદેશોમાં તે જોવા મળે છે. ભારતીય વરુને બે જાતોમાં વહેંચી શકાય: હિમાલયની અને મેદાની.

તેની ઊંચાઈ સવા બેથી અઢી ફૂટની, લંબાઈ સવા ત્રણથી સાડા ત્રણ ફૂટની, પૂંછડી સવા ફૂટ જેટલી લાંબી. પૂંછડીના વાળ વધુ ગુચ્છાદાર. વજન મણથી દોઢ મણ જેટલું.

કદ, મોટી ખોપરી અને દાંત પરથી એને તેના વર્ગ (કૂતરાના વર્ગ)નાં બીજા પ્રાણીઓથી સહેલાઈથી જુદું પાડી શકાય છે. મેદાની પ્રદેશોમાં રહેતાં વરુ રેતિયા રંગનાં અને તે પર કાળી ઝાંયવાળાં હોય છે. કોઇકોઈ રંગે રાખોડી. આંખનો રંગ ઘણુંખરું પીળો હોય છે.

એ આમ તો જંગલોમાં રહેવાનું પસંદ કરે, પરંતુ ભારતમાં ઉઘાડા ને ઉજ્જડ પ્રદેશોમાં–ખેતરો, ઝાડીઝાંખરાં અને કાંટાળા જંગલમાં યે રહે. તેનો સ્વભાવ ટોળે વળીને શિકાર કરવાનો છે. શિકારમાં નરમાદા સાથે હોય. છથી આઠના ટોળામાં શિકારે નીકળે. દિવસે અથવા ક્યારેક રાત્રે પણ શિકાર કરે. ઘણુંખરું ઘેટાંબકરાંનો શિકાર કરે, પ્રસંગોપાત્ત બાળકોને યે ઉપાડી જાય, માણસો ઉપર પણ ઊતરી પડયાના દાખલા છે. છીંકારાં કે કાળિયારને, સસલાં ને શિયાળને પણ મારે.

ભારતમાં તેનો સંવનનકાળ મુખ્યત્વે ચોમાસાને અંતે હોય છે. ડિસેમ્બરમાં માદા ત્રણથી નવ જેટલાં બચ્ચાંને જન્મ આપે છે. હિમાલયમાં વસતાં વરુનો સંવનનકાળ મોડો હોય છે. માદા વસંતઋતુમાં કે ઉનાળાની શરૂઆતમાં બચ્ચાં જણે છે. બચ્ચાં શરીરે કાળાશ પડતા ભૂખરા રંગનાં, અને છાતીએ મોટા સફેદ ડાઘવાળાં. વરુનું આયુષ્ય ૧૨થી ૧૫ વર્ષનું. તેને સહેલાઈથી પાળી શકાય છે.

શિક્ષકની નોકરી સ્વીકારી, જેની સાથેસાથે પોસ્ટ-માસ્તરનું કામ પણ તેઓ સંભાળતા. સાત રૂપિયાના માસિક પગારમાંથી ત્રણ રૂપિયા પોતા માટે ખરચી ચાર રૂપિયા ઘેર મોકલતા. કરકસરનો પોતાનો આ ગુણ તેમણે સ્થિતિસંપન્ન થયા પછી યે છોડયો નહિ.

પરંતુ, તેમના પરિશ્રમી અને પ્રામાણિક નીતિપરાયણ જીવન તરફ જાણે ઇશ્વરે જોયું હોય તેમ, મુંબાઇ પ્રાંતીય સભામાં શ્રી પન્નાલાલ કાસલીવાલની કૃપાથી ૨૫ રૂપિયાની કારકુનીની નોકરી તેમના સુંદર હસ્તાક્ષરને કારણે તેમને મળી ગઈ. મુંબાઈમાં રહી પોતાની શક્તિઓનો તેમણે ભરપૂર વિકાસ સાધ્યો. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, બંગાળી, ગુજરાતી, મરાઠી વગેરે ભાષાઓનો ઊંડો અભ્યાસ પણ કરવા માંડયો.

૧૫-૧૬ વર્ષની વયથી તેમણે હિંદી પત્ર-પત્રિકાઓમાં લખવાની શરૂઆત કરી દીધેલી. તેમના કવિતાગુરુ હતા ઉર્દૂના શાયર મૌલાના સૈયદ અમીરઅલી 'મીર'. કાનપુરનાં 'રસિક મિત્ર', 'રસિક-વાટિકા', 'કાવ્ય-સુધાકર' વગેરે પત્રોમાં તેમનાં કાવ્યો પ્રકટ થતાં રહેતાં. તેમનું 'પ્રેમી' ઉપનામ એ સમયનું છે. નવી શુદ્ધ હિંદીની એ બાલ્યાવસ્થામાં આગ્રા-કાનપુર જેવાં સ્થળોએ સાંજ–સવારની પ્રાર્થનામાં તેમનું 'દયામય,ઐસી મતિ હો જાય'પદ હમેશ ગાવામાં આવતું.મૈથિલીશરણ ગુપ્તની માફક પ્રેમીજી પણ 'પ્રયત્નસિદ્ધ' કવિ હતા અને એ કવિ પણ દ્વિવેદી યુગના, જેમાં શાસ્ત્રીયતા અને ઇતિવૃત્તાત્મકતાનું પ્રાધાન્ય છે.

મુંબાઈમાં કલાર્કનું કામ કરતા તે સાથે 'જૈનમિત્ર'નું યે તેઓ સંપાદન કરતા, એની આશાતીત ઉન્નતિ થઈ. 'દૌલત-વિજય', 'જિન-શતક', 'બનારસી-વિલાસ' પત્રોનું યે તેમણે સંપાદન કર્યું હતું.

ઈ. ૧૯૧૨ની ૨૪મી સપ્ટેમ્બરે તેમણે 'હિન્દી ગ્રંથ રત્નાકર'ની સ્થાપના કરી. આ ગ્રંથમાળાનો પ્રથમ ગ્રંથ હતો 'સ્વાધીનતા', જેના મૂળ લેખક હતા જૉન સ્ટૂઅર્ટ મિલ અને અનુવાદક હતા પં. મહાવીર-પ્રસાદ દ્વિવેદી. ત્યારથી આજ સુધી હિંદીના શ્રેષ્ઠ વિદ્વાનો અને આચાર્યોનાં સેંકડો પુસ્તકો આ ગ્રંથમાળામાં છપાઈ ચૂકયાં છે. પ્રકાશિત પુસ્તકોના વિષયમાં તેઓ સદા સજાગ રહેતા. પ્રથમ કક્ષાની કૃતિ, ઉત્તમ સંશોધન, શ્રેષ્ઠ છપાઈ-સફાઈ, લેખકો પ્રત્યે માનભર્યો સદ્વ્યવહાર, પૂરી ઈમાનદારી-એ હતી તેમના પ્રકાશનકાર્યની વિશેષતાઓ. આ ગુણોની કદરશનાસીમાં 'પ્રેમી અભિનંદન ગ્રંથ' તેમને અર્પણ કરીને ભારતની સાક્ષર-વિભૂતિઓએ કૃતકૃતતા વ્યક્ત કરી હતી.


પ્રેમીજી પોતે મૌલિક ચિંતક તથા સંશોધનપરાયણ લેખક હતા. પ્રાચીન જૈન સાહિત્યના સંશોધન-સંપાદનનું તેમણે કરેલું મહત્ત્વપૂર્ણ કાર્ય સાહિત્યના ઇતિહાસમાં સીમાચિહ્ન સમું લેખવામાં આવે છે. તેમનો 'જૈન સાહિત્ય ઔર ઇતિહાસ' ગ્રંથ સંશોધકોનો કંઠહાર છે. વસ્તુતઃ આ એક જ ગ્રંથ તેમની કીર્તિને અમર કરવા પૂરતો છે. 'સ્વયંભૂ' જેવા મહાકવિને પ્રકાશમાં તેમણે આણ્યા. બનારસીદાસ કૃત 'અર્ધકથાનક'નું ઉત્તમ સંપાદન સૌપહેલું તેમણે કર્યું હતું. 'વિદ્વત્ રત્નમાલા', 'પ્રદ્યુમ્ન-ચરિત્ર', 'પુણ્યાશ્રમકથાકોશ', 'જ્ઞાનસૂર્યોદય' નાટક, 'જૈનપદસંગ્રહ'(છ ભાગોમાં), 'છત્રચૂડામણિ', 'પ્રતિભા' (બંગાળી પરથી અનૂદિત), 'રવીન્દ્રનાથ કી શિક્ષા' (અનૂદિત), 'ફૂલોં કા ગુચ્છ' (અનૂદિત), 'વિષાપહાર' (પદ્યાનુવાદ), 'રવીન્દ્ર-કથાકુંજ' (અનૂદિત) જેવી લગભગ ૩૬ સંપાદિત, અનૂદિત ને મૌલિક કૃતિઓ તેમણે આપી છે. 'માણિકચચન્દ્ર જૈન ગ્રંથમાલા'ના 'ન્યાયકુમુદચન્દ્ર', 'મહાપુરાણ', 'જૈન શિલાલેખ' જેવા ૪૫ વિદ્વત્તાસભર ગ્રંથોનું તેમણે સંપાદન કર્યું છે.

વર્ષોથી તેઓ દમના વ્યાધિથી પીડાતા હતા. ઉપરાંત એકના એક પુત્ર હેમચંદનું અવસાન વગેરે ઘટનાઓએ તેમને જર્જરકાય બનાવી દીધા હતા. છતાં અધ્યયન, મનન, શોધખોળ વગેરેની તેમની પ્રવૃત્તિ અવિરત જારી રહેતી. છેલ્લે દોઢ વર્ષ દમનો વ્યાધિ તીવ્ર રહ્યો, ને ગયા જાન્યુઆરીની ૩૦મીએ એ આજારમાં જ તેમનું અવસાન થયું.

૧૯૭ ('કુમાર' અંક ૪૩૫)

આજના હિંદી સંસારના લેખકોને પ્રતિષ્ઠિત કરવામાં જેટલો પ્રેમીજીનો હાથ છે એટલો ભાગ્યે જ કોઇનો હશે. ઈ. ૧૯૧૨થી છેલ્લી ઘડી સુધી લખાણોમાં એક અલ્પવિરામ પણ યથાસ્થાન મુકાવો જોઇએ, એની તેઓ જાતે કાળજી રાખતા. હિંદીના લેખકો તેમના હાથમાં પુસ્તક મૂકીને નિરાકુલ થઈ જતા, તે બે રીતે–છપાઈ બાબતમાં અને પુસ્તકના વેચાણની બાબતમાં પણ. પોતે જે કંઈ કમાયા તે સાહિત્ય અર્થે જ તેમણે ખર્ચ્યું, અને ઉત્તરોત્તર પ્રકાશન-વ્યવસાયને સમૃદ્ધ કર્યો, લેખકોને સમૃદ્ધ કર્યા, તેમને લખવા માટેનાં સાધનો પૂરાં પડચાં, તેમના ઉત્સાહમાં સતત વૃદ્ધિ કરતા રહ્યા. તેમના જવાથી અનેક હિંદી લેખકોએ પિતા જેવી શીળી અને સંતોષપદ છત્રછાયા ગુમાવી છે. ('પ્રબુદ્ધ જીવન' પરથી તારવીને)

તમિળ મહાકવિ તિરુવલ્લુવર



આ અગાઉ ભારત સરકારે જેવી રીતે કબીર, તુલસી, સૂરદાસ, મીરાં, ઘાલિબ, રવીન્દ્રનાથ એ અગ્રણી ભારતીય કવિઓની પુણ્યસ્મૃતિમાં તેમની છબીઓવાળી ટપાલ-ટિકિટો બહાર પાડી હતી, તેમ ગયા માસની પંદરમી તારીખે તમિળ ભાષાના મહાકવિ તિરુવલ્લુવરની છબી સાથેની ટિકિટ ને ફર્સ્ટ ડે કવર બહાર પાડીને તેમનાં પ્રતિમા અને દર્શનનું યોગ્ય સંમાન કર્યું છે. ભારતીય સંસ્કૃતિનાં મૂળભૂત તત્ત્વોને લોકવાણીમાં વહેતાં કરનાર, છેક ઈસુની પહેલી સદીમાં થઈ ગએલા એ સમર્થ કવિની પ્રતિભાનો પ્રભાવ તમિળદેશમાં છેક આજ સુધી વિલાયો નથી. તેમનાં પદો તમિળનાડમાં આજે પણ લોકમુખે ગવાય છે, ને તેમની કવિતાનો બહોળો સમાદર કરવામાં આવે છે.

તમિળ ભાષાના અભિજાત-ઉત્તમ કાવ્યગ્રંથ 'કુરલ'ના કર્તા તિરુવલ્લુવર ઈસવી સનની પહેલી સદીમાં, મદ્રાસ પ્રાંતના મયલાપુર ગામમાં થઇ ગયા. તેઓ અસ્પૃશ્ય જાતિના હતા અને વણકરનો ધંધો કરતા. એ કાવ્યગ્રંથ દ્વારા તેમનું નામ તમિળનાડમાં તેમજ ભારતના પણ એક મહાકવિ તરીકે અમર છે. 'કુરલ'ને તમિળ વેદ ગણવામાં આવે છે.

ઝાળે લાગ્યા ચામ બૂઝીને રુઝ'ઇ જતા,
(પણ) જીભલડીના ડામ રૂઝે કે બૂઝે નહિ.

આવાંઆવાં પ્રેરક અને રસવાહી અનેક સૂત્રો 'કુરલ'માં ઠાંસીઠાંસીને ભરેલાં છે. થોડામાં ઘણું કહેવાની એના કવિની શક્તિ તમિળ સાહિત્યમાં અદ્વિતીય છે. એક સમકાલીન કવિએ 'કુરલ' વિષે લખ્યું છે કે 'રાઈના એક દાણામાં સાતે સમુદ્રોના સમાવેશ જેવો જ 'કુરલ' ગ્રંથના બબ્બે લીટીઓના શ્લોકોમાં અનંત અર્થ ભરેલો છે.' તેમની કવિતામાંનાં વિચારરત્નો ઉજ્જવલ એટલાં જ મોહક છે. એરિયલે આ ગ્રંથનાં ખૂબ વખાણ કર્યાં છે. તે કહેતો, 'માનવવિચારનું પરમોચ્ચ ને અતિવિશુદ્ધ એવું દર્શન 'કુરલ'માં છે. ગ્રીક ભાષામાં જેવું હોમરના 'ઇલિયડ'નું તેવું તમિળ ભાષામાં આ ગ્રંથનું મહત્ત્વ છે.'

લગભગ ૨૦૦ વર્ષ પહેલાં કૉન્સ્ટન્ટીઅસ નામના એક જેસ્યુઈટ મિશનરીએ 'કુરલ'નું લૅટિનમાં ભાષાંતર કર્યું હતું. જર્મન-અંગ્રેજીમાં તથા બીજી ભારતીય ભાષાઓમાં 'કુરલ' અનૂદિત થયું છે.

જીવનનિષ્ઠ શ્રી મોરારજીભાઈ



પૂરી રીતે તો ચોસઠ પૂરાં કરીને પાંસઠમા વર્ષમાં પ્રવેશ કરતા છતાં ભારતના નાણા-પ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈએ, ગયા માસમાં પોતાનો માત્ર ૧૭મો જ જન્મદિવસ ઊજવ્યો,—કારણ કે એમનો જન્મદિવસ દર ચાર વર્ષે-૨૯મી ફેબ્રુઆરીએ આવે છે! અને એ જ દિવસે એમણે દેશનું આગામી વર્ષનું અંદાજપત્ર રજૂ કર્યું. એક સામાન્ય અનાવિલ બ્રાહ્મણ કુટુંબમાં જન્મી કેવળ પોતાનાં ચારિત્ર્ય, પરિશ્રમ ને પુરુષાર્થના પ્રતાપે જીવન તેમજ રાજકારણમાં ઉચ્ચોચ્ચ શિખરે પહોંચનાર મોરારજીભાઈનું જીવન (તેઓ ભલે કદાચ બહુ જનપ્રિય ન હોય તો પણ) આદર્શરૂપ અને પ્રેરક છે (જુઓ 'કુમાર' અંક ૩૪૨). મુંબાઈ જેવા અવ્વલ અને અગ્રણી રાજ્યમાં મહેસૂલપ્રધાન, ગૃહપ્રધાન, તથા મુખ્ય પ્રધાન તરીકે અનુપમ કામગીરી બજાવીને કેન્દ્રના પ્રધાનમંડળમાં પ્રથમ વ્યાપારપ્રધાન તરીકે અને હવે નાણાપ્રધાન બનીને એક સજાગ, શિસ્તપ્રિય, સિદ્ધાંતવાદી, પ્રામાણિક, પ્રગતિશીલ વહીવટકર્તા તરીકે ઊંચી છાપ પાડીને તેમણે ભારતના રાજકારણમાં ને કોંગ્રેસમાં મહત્ત્વનું સ્થાન મેળવ્યું છે.

ચારિત્ર્યના કયા ગુણોથી અને જીવન તરફની કઈ દૃષ્ટિ રાખી, સાધના કરીને તેમણે એ સ્થાન મેળવ્યું છે તે તેમના પોતાના જ શબ્દોમાં જાણવું પ્રેરક ને રસપ્રદ થઈ પડશે.

← શ્રી મોરારજીભાઈ આજે; નીચે: તેમની કારકિર્દીને મધ્યાહ્નકાળે.

"સત્યમય જીવન જીવવાની અભિલાષા પહેલેથી જ હતી. દેશભક્તિ પણ દિલમાં ખરી, પરંતુ કૌટુંબિક સંયોગોને અંગે તેની તીવ્રતા નહિ. ખાદી ઘણા સમયથી પહેરતો, ને સાદું જીવન પણ સ્વીકારેલું. સરકારી નોકર ન બનવું જોઇએ એવું મનમાં હતું ને તે માટે અમદાવાદ સુધરાઈના અધિકારી થવા માટે અરજી કરી હતી. સરદારશ્રી તે વખતે સુધરાઇના સુકાની હતા, પરંતુ મારી નોકરીનું બની શક્યું નહિ. સરકારી નોકરી કરતાંકરતાં થયા કરતું હતું કે આ રીતે વિદેશી સત્તાને ટકાવવામાં મદદરૂપ થવાનું યોગ્ય નથી. પરંતુ એમ માનતો કે હું પોતે તો પ્રામાણિકતાથી ને લોકહિતની દૃષ્ટિથી વર્તું છું. અંગ્રેજો ને હિન્દી અમલદારો વચ્ચે જે ભેદ રાખવામાં આવતો તેથી હું મનમાં સળગી જતો અને તે કારણે પણ નોકરી છોડી દેવાની ઇચ્છા થયા કરતી હતી. દેશમાં રાષ્ટ્રભક્તિનો જુવાળ ચડતો હતો. મને એમ પણ લાગવા માંડ્યું કે બ્રિટિશ સત્તાને ટકાવવામાં સારા હિન્દી અમલદારો વિશેષ મદદગાર થાય છે, કારણ કે એમના દ્વારા લોકોનો વાજબી અસંતોષ પણ ઓછો થાય છે. આ વિચારો આગળ વધતાં રાજીનામાનો નિર્ણય થઇ ગયો. માનસિક નિર્ણય અને નોકરી છોડવાના સમય વચ્ચે થોડું અંતર રહ્યું તેનું કારણ ગોધરાના બનાવો અંગે મારી સામે તપાસ ચલાવવામાં આવી હતી તે હતું. એમાંથી હું છટકવા માગતો નહોતો. એ તપાસ વેરવૃત્તિથી ને હું હિન્દી હોવાથી ચલાવી હતી. એનું પરિણામ આવ્યું ને મેં રાજીનામું આપી દીધું; કોઇની પ્રેરણા તે સમયે નહોતી. ગાંધીજીને તો મળેલો પણ નહિ. સરદારશ્રીને કેવળ એક વાર મળ્યો હતો, તે પણ સુધરાઇની નોકરી અંગે વિધિસર મુલાકાત આપવા ગઅલોત્યારે. સ્વ. મહાદેવભાઈ સાથે મારો પરિચય હતો, પરતુ એમની સાથે આ વિષે ચર્ચા કરી નહોતી. પિતાજીના મૃત્યુ પછી કુટુંબની જે મહાન જવાબદારીઓ મારે શિરે આવી તેમાંથી ઠીક અંશે મુક્ત થઈ ગયો હતો. પરંતુ હવે અંગત લાભ માટે કંઇ કરવું નથી, કમાવું નથી એવો મનમાં નિશ્ચય થતો હતો. એટલે નોકરી છોડવાનું સહેલું બન્યું. એ વખતે સત્યાગ્રહમાં જોડાવાની કોઈ ગણતરી નહોતી, પરંતુ બહાર આવ્યા પછી વાતાવરણમાં ભળતો ગયો. કોંગ્રેસમાં જઇ નામ નોંધાવ્યું. ધારાસણા ગયો. સવિનય કાનૂનભંગની લડતમાં 'સરમુખત્યાર' બન્યો ને જેલમાં ગયો. આજે વિચારું છું તો લાગે છે કે આમાંનું કંઈ હું શોધવા ગયો નહોતો. માત્ર પરિસ્થિતિ અનુસાર વર્ત્યો હતો. ગાંધીજીને તો છેક જેલમાંથી છૂટ્યા પછી મળ્યો. એ પછી પણ કામ વિના તેમને મળવા જવાનું રાખતો નહિ.

પિતાજીમાંથી ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને સત્ય પ્રત્યેની દૃઢતા મને મળ્યાં. નિયમિતતાના ગુણ માટે મારા નાના—માતાજીના પિતા—નો આભાર માનવો જોઈએ. મારું ડરપોકપણું દૂર કરવામાં એમનો હિસ્સો ઘણો મોટો. એમ કહી શકું કે માતાપિતા અને આ નાનાએ અભય, સત્ય, ને ઈશ્વરનિષ્ઠાની વૃત્તિઓને પોષણ આપ્યું. હું અભયને ખૂબ મહત્ત્વ આપું છું. એના વિના સત્ય, અહિંસા, કે બીજા કોઈ ગુણો



વિકસી શકે નહિ. એ ગુણનો પાયો ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધામાં રહેલો છે, તેમ હવે સમજું છું. મિત્રો, સાથીઓ જેવું મારે બહુ રહ્યું નથી. સારા ને મીઠા સંબંધો અનેક પરંતુ પહેલેથી જ મનનું વલણ એવું કે સૌની સાથે સમાનભાવ રાખવો. મારો એ પ્રયત્ન આજે પણ ચાલુ જ છે.

જીવનમાં ઇચ્છાઓ થઇ છે, પરંતુ જેને મહત્ત્વાકાંક્ષા કહી શકાય એવી તીવ્રતા એમાં આવી નથી. ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધાને કારણે કહો કે દૃઢ માન્યતાને કારણે કહો, પણ કોઇ સ્થાન કે સ્થિતિ શોધવા જવાનું મને પસંદ પડયું નથી. જે સામે આવે તે પૂરી નિષ્ઠાથી ને સંપૂર્ણ શક્તિ લગાવીને કરવું એ જ મનોવૃત્તિ પ્રધાનપણે રહી છે. મને લાગ્યું છે કે આ મનોવૃત્તિ એ મારો સ્વભાવધર્મ છે ને તેથી સ્વધર્મ પણ છે.

સત્યનો આગ્રહ હતો પ્રથમથી જ. કોઈનો ડર રાખવો ન જોઇએ એવી પણ માન્યતા. એટલે જે સાચું લાગે તે કહું, સાચે જ કહું. એમ પણ માનું છું કે સામો માણસ કંઈક નબળો ને ખોટો હોય છે એટલે સત્ય સહન કરતો નથી. એને મારામાં કઠોરતા કે કટુતા દેખાય છે; પરંતુ અનુભવ ને આત્મનિરીક્ષણને અંતે મને એવી ખાતરી થઈ છે કે જો સત્ય મૃદુતાથી રજૂ ન કરી શકાય અને સાંભળનારના ચિત્ત ઉપર તેનો જો ધક્કો લાગે તો આપણામાં કાંઇક ખામી છે. તેની શોધમાં ઊંડા ઊતરતાં મને એમ લાગ્યું કે સત્ય નિર્વિકાર ભાવે રજૂ થાય તો સાંભળનાર તે પ્રમાણે વર્તે, પરંતુ આપણી સચ્ચાઈ વિષે તેને શંકા ન રહે અને એમાં તેને કઠોરતા કે કટુતાનો અનુભવ ન થાય. ઘણી વાર માણસ ભયથી ખોટું બોલે છે, ને એને કારણે જ સત્યથી પણ ભડકે છે. સામા માણસને આપણો ભય ન લાગવો જોઈએ. તે અમુક કહેશે કે અમુક રીતે વર્તશે તો આપણે નારાજ થઈશું ને તેને જોઈતો લાભ નહિ મળે એમ તેને થવું ન જોઇએ. આપણે બીજાથી ને બીજા આપણાથી ભય ન પામે તેવી સ્થિતિએ પહોંચવાનો પ્રયત્ન હોવો જોઈએ. હું જાગ્રત પ્રયત્ન કરું છું, હજુ ઘણો પંથ કાપવાનો છે, પરંતુ મારા સ્વભાવમાં પરિવર્તન દેખાય છે તે આવું કંઇ હશે. સત્ય પ્રિય જ હોવાની જરૂર નથી એ માન્યતા બદલાઇ ગઇ છે. સત્ય પ્રિય ન થાય તો ક્યાંક ખામી છે, સમજી આત્મનિરીક્ષણ કરવું જોઈએ.” (કૉંગ્રેસ-પત્રિકા)

એક કન્યાની ભારત-જિજ્ઞાસા

ઇંગ્લંડના બર્મિંગહામ શહેરે હમણાં ‘રાષ્ટ્રકુટુંબ-સપ્તાહ’ (કૉમનવેલ્થ વીક) ઊજવ્યું તેમાં વિદ્યાર્થીઓ માટે એક નવતર સ્પર્ધા યોજી હતી: પોતે રાષ્ટ્રકુટુંબનો કયો દેશ જોવાની જિજ્ઞાસા ધરાવે છે અને તે શા માટે, એ વિષે માત્ર ૫૦ શબ્દોમાં નિરૂપણ કરવાનું. એમાં, કારોલ ઍન પ્રીસ્ટ નામની ૧૪ વર્ષની વિદ્યાર્થિની, ભારત જોવાની પોતાની જિજ્ઞાસા એટલા જ શબ્દોની મર્યાદામાં રચેલા એક સુંદર કાવ્ય દ્વારા વ્યક્ત કરીને એ ઇનામ જીતી ગઇ હતી. એ કાવ્ય ખરેખર નોંધપાત્ર છે:

'If I could leave this island home,
To India I would like to roam,
See gleaming golden minarets
And fountains with a myriad jets,
And dozy oxen still surviving
Against machines men now are driving.
I'd love this dark, mysterious land,
Where old and new walk hand-in-hand.'

માસિકો સાથે ગ્રામોફોન રેકર્ડ

માંચેસ્ટરના જગવિખ્યાત દૈનિકપત્ર ‘ગાર્ડિયન’ના જણાવવા મુજબ હવે થોડા જ સમયમાં માસિકોમાં વચ્ચેવચ્ચે પાતળી ગ્રામોફોન રેકર્ડો પણ સાંધી લેવામાં આવશે; જેને છૂટી કરીને મરજી પડે ત્યારે વગાડી શકાય! આ યોજનાની શરૂઆત ફ્રાંસમાં થઇ છે. અને ત્યાં તે ખૂબ લોકપ્રિય થઈ પડી છે. રેકર્ડની જાડાઇ એક ઈંચના છ હજારમા ભાગ જેટલી હોય છે, અને તેનો વ્યાસ વધારેમાં વધારે દશ ઈંચ હોય છે. ‘સોનોરમા’ સામયિક દ્વારા ફ્રેંચ લોકો આથી પરિચિત થયા છે; ‘સોનોરમા’ના અંકમાં પાંચથી છ રેકર્ડો હોય છે, તેમાં ભાષણોનો સંગ્રહ, હળવું સંગીત, કાવ્ય-વાચન વગેરે હોય છે, અને સામાન્ય તંત્રીલેખોનાં પાનાં સાથે તેને ભેળવી દેવાય છે. (પુસ્તકાલય)

૧લી એપ્રિલથી રેલવેમાં મેટ્રિક પદ્ધતિનો ઉપયોગ

આવતા માસની ૧લી તારીખથી ભારતીય રેલવે-વ્યવહારમાં મેટ્રિક પદ્ધતિનો ઉપયોગ દાખલ થનાર છે. તે મુજબ ગાડીભાડાનો દર માઇલને બદલે કિલોમીટર પ્રમાણે લેવામાં આવશે. એક કિલોમીટર એટલે લગભગ ૦.૬૨ માઈલ થાય છે. ઉતારુઓનો ભાડા-કર ૧૫, ૩૦ અને ૫૦૦ માઇલના પટ્ટા પર લેવાતો, તેને બદલે હવે તે ૨૫, ૪૯ અને ૮૦૫ કિલોમીટરના પટ્ટા પર લેવાશે.

માલ-સામાન, પાર્સલ વગેરેનું વજન કિવન્ટલ (૧૦૦ કિલોગ્રામ)-ના તોલ પર થશે. એક કિવન્ટલ એટલે ૨ મણ અને ૨૭ શેર જેટલું વજન થાય છે. કોલસાનો તોલ ટનને બદલે ‘ટૉન’ અનુસાર થશે. એક ટૉન બરાબર ૧૦૦૦ કિલોગ્રામ અથવા લગભગ ૦.૯૮ ટન થાય છે. ઉતારુઓ પોતાનાં માલ-સામાનનું વજન, જૂનાં કાટલાં પ્રમાણેનું રેલવે-અધિકારીઓને જણાવી શકશે, જે પછી તેઓ મેટ્રિક પદ્ધતિમાં ફેરવી લેશે.

તોલ અને માપના આ નવા ફેરફારને લીધે ગાડીભાડા ને વજનના નૂરના દરમાં વત્તોઓછો ફરક પડશે, છતાં દરનું ધોરણ જાળવી રાખવાનો યથાશક્ય પ્રયત્ન કરાશે. રેલવેના માર્ગ પરની જગ્યાઓનું અંતર ક્રમેક્રમે કિલોમીટરમાં ફેરવાઈ રહ્યું છે. રેલવે-વૅગનો પરનાં અંતર-વજન વગેરેનાં નિશાનો પણ મેટ્રિક પદ્ધતિમાં ફેરવાઈ રહ્યાં છે.

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પોલિશ પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Poland ઉમેરવું.)

(1) Szwej Jan, Boy, Zawiercie, 1 Maja 5, Stamps, Interested Particularly in India; (2) Bonitacy Sowka, Boy, Poccta, Warszawa 27, ul, Mtoeinsko 15 m7, Stamps, Correspondence; (3) Waclaw Mkolajczyk, Boy, Walbrzych 3, ul, Krynicka 8/6, Viewcards, Stamps, Photography, Records; (4) Kotowski Stanistaw, Boy, Minkowce Pocz Babiki, Pow: Sokotka, Woj B-Tok, Stamps, Viewcards, Correspondence; (5) Franik Rita, Girl, Gliwice, ul, Taraogorska 114, Viewcards, Stamps, Correspondence Only with Girls. [લેખ: Kirtikumar D. Joshi, 108, New Chinch Bunder Road, Bombay-9]

હિંદી પત્રમિત્રો

(54) Chandravadan Vasudev Parikh—15, Kowada Pole, Nadiad (Dist. Kaira), Stamps, Swimming, Cricket, Penfriendship; (55) Abdul Satar Isabhai Memon—19, Navo Vas, Vadnagari Darwaja, Visnagar (N. Guj.), Stamps, Coins, Journalism, Eloquence; (56) Yogeshchandra Chimanlal Shah—15, Post Jagadia, (Dist. Broach), Music, Journey, Painting; (57) Sureshchandra Ramanlal Shah—15, Add. as above, Reading, Writing, Journey; (58) Bharati Ramanlal Shah—15, Add. as above, Excursion, Garba-Songs, Reading, Knitting Recipes; (59) Jayantilal B. Thakrar—23, 435 Khadkhad Lane No. 4, Veraval (Saur.), Photography, Stamps, Travelling, Literature; (60) Ajitkumar P. Mehta—23, Mandvi-ni Pole, 3304 Nagji Bhudher-ni Pole, Ahmedabad-1, Economics, Literature, Oral Puzzles; (61) Narhariprasad P. Dave—21, Pandya Fali, Anand (Dist. Kaira) Drawing, Rangoli, Literature; (62) Mahendra Ratanshi Mattani—16, Mattani Street, Mochi Bazaar, Mandvi (Kutch), Stamps, Photography, View-Cards, Reading; (63) Pareshkumar Mansukhlal Desai—16, Plot No. 597, Manekwadi, Bhavnagar (Saur.), Cricket, Stamps, View-Cards, Reading; (64) Indravadan P. Patel—20, Sohrabji Compound, Juna Vadaj; Ahmedabad-13, Photography, Picture-Collecting, Stamps, Sports; (65) I. A. Sheth—21, P. D. M. C. Pavalion, Rajkot (Saur.), Magazines, Politics, Photography; (66) H. V. Kurani—20, Near the Court, Manavadar (Saur.), Photography, Magazines, Politics; (67) Mohanlal Laxmidas Khua—20, S. K. Varma Street, Mandvi (Kutch), Stamps, Photography, Cinema; (68) Tilakraj Kundanlal Sharma—16, Shree Pragati Mandir, Lunawada (Panchmahal), Touring; (69) Surendrakumar Khushalbhai Patel—17, N. K. Street, P. O. Sunav, Via Anand (Dist. Kaira), Stamps, Photography, Coins, Foreign Music; (70) Ajit Gordhanbhai Patel—15, Khari Kui, Sojitra (Dist. Kaira), Stamps, Reading, Drawing, Coins; (71) Prakash Jashbhai Patel—17, Prince Street, Sojitra (Dist. Kaira), Stamps, View Cards, Playing Cards; (72) Miya Mahmad P. Patasawala—21, Nyay Mandir Road, Pavi (Jetpur, Saur.), Radio, Science, Photography, Music; (73) Vinod Jethalal Mehta—24, Pathak Fali, Jamnagar (Saur.), Stamps, Literature, Cinema; (74) Jagdish J. Patel—14, C/o Gordhanbhai R. Patel, Khari Kui, Sojitra (Dist. Kaira), Stamps, Coins, Reading; (75) Sumant N. Boghani—23, 2 Prahlad Plot, Behind Ashapura Temple, Rajkot (Saur.), Stamps, Games; (76) Harish Hiralal Shah—16, 11 Ashwin Society, Ahmedabad-9, Stamps, Playing Cards, Music, Touring; (77) N. M. Chauhan—22, Talangpur, Via Sachin (Dist Surat), Stamps, Photos; (78) Kishin R. Sharma—31, Teacher, Abunpanch Delah, Chittakhana Chawk, Junagadh (Saur.), Stamps, Photos, Music, (79) Jitendra Vadodaria—18, 85 Podar Estate, Malad, Bombay-46, Literature, Music. (ચાલુ)

આ માસ (માર્ચ) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ડૉ. હાફકીન

ગયે વર્ષે ભારતની જે અગ્રગણ્ય દાક્તરીવિદ્યા-



સશોધનસંસ્થા 'હાફ્કીન ઇન્સ્ટિટ્યૂટ'નો હીરકમહોત્સવ ઊજવાયો તેના સ્થાપક ડૉ. વાલ્ડમેર મૉર્ડેકાઈ હાફ્કીનની એકસોમી જયંતી ચાલુ વર્ષે આ માસમાં જ આવે છે. કૉલેરા, પ્લેગ વગેરે આખી માનવજાતના શત્રુ સમા રોગો સામે રક્ષણ આપતી રસીઓના શોધક તરીકે દાક્તરી વિજ્ઞાનમાં તેમનું નામ સુવર્ણાક્ષરે અંકાએલું રહેશે.

તેમનો જન્મ ઈ. ૧૮૬૦ની ૬ઠ્ઠી માર્ચે રશિયાના અગ્રગણ્ય શહેર ઓડેસામાં થયો હતો. કસરતશાળામાં ચાલતી એક શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી ૧૮૮૪માં તે ઓડેસા વિશ્વવિદ્યાલયના વિજ્ઞાન-વિભાગના સ્નાતક બન્યા. પછીનાં ચાર વર્ષ પોતાના શહેરના સંગ્રહસ્થાનના પ્રાણિશાસ્ત્રના વિભાગમાં કાર્ય કર્યું ને બાદ ૨૮ની વયે સ્વિટ્ઝર્લૅંડના જિનિવા વિશ્વવિદ્યાલયમાં જીવનશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક નિમાયા.

થોડાં વર્ષ બાદ તેમના અભ્યાસનિષ્ઠાથી આકર્ષાઇને કીટાણુશાસ્ત્રના જનક ફ્રેન્ચ વૈજ્ઞાનિક લૂઈ પાશ્ચરે એમને પોતાની સાથે સંશોધનમાં જોડાવા આમંત્રણ આપ્યું. આથી ફ્રાન્સ આવી રૂસી વૈજ્ઞાનિક મેચનીકૉફની પ્રયોગશાળામાં જોડાયા. દરમ્યાન ફ્રાન્સ આવેલા બ્રિટિશ એલચી લૉર્ડ ડફરીને, ડૉ. હાફ્કીનને તેમણે તૈયાર કરેલી કૉલેરાવિરોધી રસીનો પ્રયોગ ભારતમાં કરવા વિનંતી કરી, જેને માટે તેઓ ૧૮૯૩ના માર્ચમાં ભારતમાં આવ્યા. એક વર્ષમાં એ રસી ઘણી લોકપ્રિય બની, ૨૫,૦૦૦ જેટલા માણસોએ તેનો લાભ લીધો, પરિણામે જગત સમસ્તે એ સ્વીકારી, ને પારીસના વિશ્વવિદ્યાલયે તેમને ડી.એસસી.-નીઉપાધિ આપી;બીજાં યે અનેક માન મળ્યાં.

ત્રણ વર્ષ બાદ મુંબાઈમાં બ્યૂબોનિક પ્લેગનું આક્રમણ થયું, ને હિંદી સરકારની વિનંતીને માન આપીને તેઓ ૧૮૯૬ની ૭મી ઑક્ટોબરે મુંબાઈ આવ્યા. ગ્રાન્ટ મેડિકલ કૉલેજની પીટીટ પ્રયોગશાળામાં અખતરાઓ કરીને તેમણે કરેલી, 'પ્લેગની ગાંઠમાં જ જંતુઓ હોવા'ની શોધ, એ દાક્તરી આલમની મહાન શોધો પૈકીની એક છે. પછી તેમણે પ્લેગવિરોધી રસી તૈયાર કરી ને તેનો પહેલો પ્રયોગ ૧૮૯૭ની ૧૦મી જાન્યુઆરીએ પોતા પર જ કર્યો. મુંબાઇમાં ૮૧૪૨ માણસોને તે મુકાઈ, એમાંથી ફક્ત ૧૮ જ રોગગ્રસ્ત રહ્યા હતા. ૧૮૯૯ની ૧૦મી ઑગસ્ટે તેમણે મુંબાઈમાં 'પ્લેગ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ' સ્થાપ્યું, જેના તેઓ પોતે 'ડિરેક્ટર ઇન ચીફ' બન્યા.

ઈ. ૧૯૦૨માં માલ્કોવાલ (પંજાબ) ખાતે પ્લેગ ફાટી નીકળ્યો, ત્યાં ડૉ. હાફ્કીનની રસીનો ઉપયોગ કરવામાં આવ્યો. પરંતુ રસી લેનારાંમાંથી ૧૯ જણ ધનુર્વાથી મૃત્યુ પામ્યાં, અને દેશમાં રસી સામે વિરોધ જાગ્યો. તેમને પોતાના હોદ્દા પરથી છૂટા કરવામાં આવ્યા. પાંચ વર્ષે સત્ય બહાર આવ્યું કે, મેડિકલ ઑફિસરે ખુલ્લી રાખેલી બાટલીમાં ધનુર્વાનાં જંતુઓ પેસી ગયાં હતાં. ડૉ. હાફ્કીનને અભિનંદન અપાયાં, હિંદી સરકારે સી.આઈ.ઇ.નો ખિતાબ આપ્યોને કલકત્તાની બાયોલૉજિકલ લૅબોરેટરીના 'ડિરેક્ટર ઇન ચીફ' નીમ્યા.

તેમણે ઊભી કરેલી સંસ્થા 'પ્લેગ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ને ૧૯૨૫માં સરકારે 'હાફ્કીન ઇન્સ્ટિટ્યૂટ' નામ આપી વિશાળ પાયા પર મૂકીને એ મહાન વૈજ્ઞાનિકની યોગ્ય કદર કરી. ૧૯૧૪માં કલકત્તા ખાતેના પોતાના હોદ્દા પરથી તેઓ નિવૃત્ત થયા. ૧૯૩૦ની ૨૬મી ઑક્ટોબરે તેમનું અવસાન થયું.

તેઓ મહાન વૈજ્ઞાનિક જ નહિ, પરંતુ મહાન માનવ પણ હતા. સમસ્ત માનવજાતને ઉપકારક તેમની શોધોનું વિશ્વ, અને ભારત તો ખાસ, હમેશ માટે ઋણી રહેશે.

દિનવિશેષ

તા. ૨ રાષ્ટ્રીય ભાવનાપ્રેર્યાં પ્રતિભાવંતાં કવયિત્રી સરોજિની નાયડુનું અવસાન, ૧૯૪૯.

તા. ૪ વીજળીથી ચાલતી ટ્રામગાડીઓ દુનિયાભરમાં સૌપહેલી વાર દોડતી થઈ, ૧૮૮૨.

તા. ૮ નૉર્વેજિયન સાહસસફરી આમુંડસેન સૌપહેલો દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યો, ૧૯૧૧.

તા. ૧૧ દુનિયાનું સૌપહેલું અંગ્રેજી દૈનિક સમાચારપત્ર 'ડેઇલી કુરાંટ' પ્રસિદ્ધ થયું, ૧૭૦૨.

તા. ૧૪ સૂરત, ઘોઘા, અમદાવાદ ને ખંભાતમાં કોઠી નાખવાની અંગ્રેજોને છૂટ મળી, ૧૬૧૨.

તા. ૨૦ ગુરુત્વાકર્ષણના નિયમના સ્થાપક મહાવિજ્ઞાની સર આઇઝૅક ન્યૂટનનું મૃત્યુ, ૧૭૨૭.

તા. ૨૨ સુભાષબાબુની આઝાદ હિંદ ફોજનો હિંદની ધરતી પર ઇમ્ફાલમાં પ્રવેશ, ૧૯૪૪.

તા. ૨૫ ગુલામોનો વેપાર નાબૂદ કરવાનો ધારો ઇંગ્લંડની પાર્લમેન્ટમાં પસાર થયો, ૧૮૦૭.

તા. ૨૬ સંગીતને ઉચ્ચ મૌલિક કળાનું સ્થાન બક્ષનાર સંગીતકાર બેટોવનનું મૃત્યુ, ૧૮૨૭.

તા. ૨૯ બરાકપુરમાં મંગળ પાંડેએ સત્તાવનના સ્વાતંત્ર્યસંગ્રામના શ્રીગણેશ કર્યા, ૧૮૫૭.

તા. ૩૦ ઇંગ્લંડ અને હિંદ વચ્ચે પહેલી વાર વિમાની વ્યવહાર શરૂ કરવામાં આવ્યો, ૧૯૨૯.

પ્રસંગવિશેષ : ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને ફાંસી, ૨૩મી માર્ચ ૧૯૩૧

માભોમની મુક્તિને ખાતર જાન-ફેસાની કરનારા ભગતસિંહ સમા ક્રાન્તિકારીઓએ પણ સ્વાતંત્ર્ય-સાધનાના ઇતિહાસનું પ્રેરણાભર્યું એક પ્રકરણ સર્જ્યું છે. ઈ. ૧૯૨૭માં પાર્લમેન્ટે નીમેલું શ્વેત સાઈમન કમિશન ફરતુંફરતુ લાહોર આવ્યું ત્યારે તેના વિરોધમાં પ્રજાએ કાઢેલા સરઘસના આગેવાન લાલા લજપતરાય પર થએલા હિચકારા લાઠીમારથી તેમનું અવસાન થયું, એ બનાવથી લોકલાગણી એટલી તો દુભાઈ કે તેના પ્રત્યાઘાત રૂપે ક્રાંતિકારી ભગતસિંહ અને તેના સાથીદારોએ અંગ્રેજ પોલીસ-અમલદાર સૉન્ડર્સનું ખૂન કર્યું. પરંતુ ખૂન વિષેની કડીઓ સરકારને લાંબા વખત સુધી મળી નહિ. ૧૯૨૮ની ૮મી એપ્રિલે દિલ્હીમાં મળેલી વડી ધારાસભામાં ભગતસિંહ અને તેના સાથીદાર બટુકેશ્વર દત્તે બે બૉમ્બ ફેંક્યા અને સભા વચ્ચે પિસ્તોલમાંથી ગોળીબાર કર્યા. તેમની ગિરફતારી પછી લાહોર અને સહરાનપુરમાંનાં બૉમ્બનાં કારખાનાં પકડાયાં અને તેને અંગે જે પંદરેક યુવાનોની ધરપકડ થઈ તેમાંના કેટલાકે તાજના સાક્ષી બનીને સૉન્ડર્સના ખૂનમાં ભગતસિંહ અને તેના સાથીઓનો હાથ હોવાનું જાહેર કરી દીધું. આ પછી ચાલેલો સૉન્ડર્સ ખૂન કેસ ૧૯૩૦ના ૭મી ઑક્ટોબરે ભગતસિંહ અને તેના સાથીદારો રાજગુરુ ને સુખદેવને ફાંસીની સજા કરવાના ચુકાદા સાથે ખતમ થયો. આ સજા સામેની દલીલો નિષ્ફળ નીવડતાં છેલ્લે બચાવપક્ષના વકીલોએ દયાની એક અરજી ઘડીને તે પર સહી કરવા ભગતસિંહને સમજાવ્યો, ત્યારે એણે સાફ ના પાડી દીધી અને સરકારને જણાવ્યું : 'મને ગોળીથી વીંધો, મારે માટે ફાંસી ન હોય.' છેવટે હિંદની સમસ્ત પ્રજાએ, મહાસભાવાદીઓએ, વિનીતોએ તથા છેલ્લે ગાંધીજીએ પણ વાઈસરૉય લૉર્ડ ઈર્વિંગને દયા માટે અરજ ગુજારી, જેનું કશું પરિણામ ન આવ્યું, અને ૧૯૩૧ની ૨૩મી માર્ચે એ ત્રણે ક્રાંતિવીરો હસતે મોઢે ફાંસીને માંચડે ચઢી ગયા.

જેસી સોબત જગતમેં, તેસો રંગ લગાય;
સોબત-ગુન છૂટે નહીં, કોન રંક કોન રાય.

ગુલામ તરીકે પકડાઇને બજારમાં વેચાવા ઊભા રહેલા ડાયોજિનિસને કોઇએ પૂછ્યું: 'આ સ્થિતિમાં હવે તું શું કરી શકવાનો?' તેણે કહ્યું, 'હકૂમત જ ચલાવવાનો.' અને હરરાજી બોલનારાને કહ્યું કે 'પોકાર કર કે કોઇને માલિક જોઇતો હોય તો ખરીદવાની તક છે!'

અનેકાર્થી શબ્દ: **રાસ**=ગોળાકાર ઘૂમતાં ગવાતું ગીત; રાસ ગાનાર મંડળ; રસવાળુ એક જાતનું નાટક; ઢગલો; ખેતરમાંનો ફોતરાંવાળો અનાજનો ઢગલો; આગલો મોરો; ખિતાબ; જમૈયાની મૂઠ, હાથો; દત્તક પુત્ર; દત્તક લેવાની ક્રિયા; પશુઓનું ટોળુ; લંડોળ કે મૂડી; શબ્દ-ધ્વનિ, ગડબડાટ, કોલાહલ; બેડી; ભૂશિર; સરખાપણું; મેળ; વણકરનું એક સાધન; કારતક મહિનામાં ઊજવાતો એક હિંદુ ઉત્સવ; એક છંદ; અનુકૂળ; માફક.

ગણિતગમ્મત—૮,૧૦૧,૨૬૫,૮૨૨,૭૮૪ એ રકમને ૮ વડે ભાગવી હોય તો લાંબો ભાગાકાર કરવાની જરૂર નથી. માત્ર શરૂઆતનો આંકડો ૮ ઉપાડીને છેડે મૂકશો એટલે જવાબ આવી જશે: ૧,૦૧૨,૬૫૮,૨૨૭,૮૪૮

કહેવતોની કથા: 'મામા, ઈશાની, ને કોથળી વીસરાણી'—ચોમાસું મોડું થતાં દુકાળનો યોગ માનીને ગામડાના વેપારી મામો-ભાણેજ પાછળથી સારો ભાવ ઉપજાવવા માટે વેળાસર સસ્તું અનાજ ખરીદી લેવા શહેરમાં ગયા ને મોટા જથ્થાનો સોદો કર્યો. એટલામાં વરસાદની આગાહી રૂપ ઈશાન દિશામાં વીજળી થતી ભાણેજની નજરે પડી ને તેણે મામાને ઇશારો કર્યો. હવે વરસાદ આવવો નક્કી હોવાથી, કરેલા સોદામાંથી છટકવા મામાએ અનાજના વેપારીને કહ્યું કે 'અમે આટલો મોટો સોદો થવો ધારેલો નહિ, ને નાણાંની થેલી તો ઘેર રહી ગઈ છે, એટલે હવે ફરીથી આવીએ ત્યારે વાત.' ફસામણમાંથી છટકવાને કોઈ યુક્તિ કરે તે દર્શાવવા આ કહેવત વપરાય છે.

લૂગડાના, પટ્ટાના કે કાગળના વીંટાને ઉકેલ્યા વગર તેની લંબાઈ કાઢવા માટે સરળ ઉપાય આ છે: વીંટાના પરિઘથી મધ્યબિંદુ સુધીનું માપ (ત્રિજ્યા) કાઢો. આ માપને વીંટામાં સમાએલા આંટાની સંખ્યાથી ગુણો. જે ગુણાકાર આવે તેને ૦·૨૬૧૮થી ગુણો, એટલે વીંટાની લંબાઇ આવશે.


કાંડા-ઘડિયાળની કરામત: કાંડાઘડિયાળની કમાનનું ચક્ર કલાકના ૫૫ માઈલની ઝડપથી દોડતાં રેલવે એન્જિનનાં પૈડાં જેટલું ઝડપથી ફરે છે! તે દિવસમાં ૪,૩૨,૦૦૦ વાર ઝૂલે છે, દિવસમાં સાડા બાર માઈલ અને સાડા પાંચ વર્ષમાં ૨૫ હજાર માઈલનું અંતર કાપે છે. પૃથ્વીની ગોળાઈ ૨૫ હજાર માઈલ છે!

તેને આટલી શક્તિ આપનારકમાનમાં એક હૅાર્સ-પાવરના દસ કરોડમા ભાગનું બળ છે. કાંડા-ઘડિયાળના કેટલાક ભાગ એવા છે કે તેમના કદમાં વાળની જાડાઈના પચાસમા ભાગ જેટલો પણ ફેર પડે તો ન ચાલે!


એક સારી કાંડા-ઘડિયાળની જિંદગી એક મોટરગાડીની જિંદગી કરતાં ૨૦ ગણી છે. તેનું બૅલન્સ-વ્હીલ છ માસમાં ૧૨ કરોડ વાર ફરે છે. મોટરનું પૈડું એટલું ફરે તો મોટર ૧,૫૫,૦૦૦ માઈલ કાપે. (પ્રવાસી)

પહોળા મોંની શીશીમાં બે ભાગ ગ્લિસરીન અને એક ભાગ પાણી થોડાં ગુલાબજળનાં ટીપાં સાથે મેળવી રાખીને ચાઠાં ઉપર દિવસમાં બેત્રણ વાર લગાડતા રહેવાથી શરીર ઉપરના સાદા ડાઘ નાબૂદ થશે.

મધ્યકાલીન લંકામાં મશરયરીતે પાંગરેલી દેશજ કળાના અનેક પ્રકારો પૈકી એક શીંગડાં તથા હાથીદાંતની કાંસકીઓ પર સુશોભન (ડૉ. કુમારસ્વામી સંચિત નમૂના)



નાની કૂપનો અથવા પાર્સલનાં લેબલ જેવી કોઈ અતિ નાની કાગળની પતાકડીઓ ઉપર ટાઈપરાઈટરવડે 'ટાઇપ' કરવું હોય તો ઘણી મુશ્કેલી નડે છે,



ઉપરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે તે કૂપન અથવા લેબલના બાજુના છેડા એક મોટા કાગળની બે બાજુની બેધારોવાળી તેની ગેડ વચ્ચે પકડી, એ મોટો કાગળ 'ટાઇપરાઇટર'માં ચડાવશો તો છેક નીચલા છેડા સુધી છાપી શકશો.

દાળ કે ઓસામણમાં વધુ મીઠું પડ્યું હોય તો એકાદ બે કાચાં બટેટાં અંદર સમારી નાખી ફરી ચૂલે ઊકળવા મૂકવું. મીઠું ચૂસી લેશે. ઘણું મોળું લાગે તો ફરી એમ કરી જોવું.



'લાગે છે કે આ વખતે તેણે ટાકશ તમાકુ ભેટ આપી હશે.'